આર્ય સંસ્કૃતિનું સંદેશવાહક

વા.લ. ૧ વર્ષ રૂા.૭૦
૨ વર્ષ રૂા.૧૨૫
આજીવન રૂા.૧૦૦૦
છુટક નકલ રૂા.૧૫

# કલ્યાણ




માનદ્ સંપાદકો :
કીરચંદ જે. શેઠ મનોજકુમાર શેઠ
વર્ષ :૬૪ અંક :૭ ઓક્ટો.૨૦૦૭

॥ શ્રુતગંગા હિમાચલં, વંદે શ્રી જ્ઞાત નંદનમ્ ॥

ચાલો,

# 'શ્રુત રક્ષા અભિયાન'

**'શ્રુતમંદિર'** ડાયમંડ બિલ્ડિંગ, ઉજા માળે, ૧૩૪, લુહાર ચાલ, પાઠકવાડી, મુંબઈ-૨ © ૩૨૫૨૬૨૨૦

**● જ્ઞાનપ્રેમી પુણ્યાત્માઓને 'શ્રુતરક્ષા'ના કાર્ય અંગે કેટલીક નમ્ર ટકોર ●**

આજે 'શ્રુત' શું? શ્રુતની રક્ષા કેવી રીતે કરવી? શ્રુતરક્ષા માટે સંઘમાં ક્યા ખાતામાંથી દ્રવ્ય વપરાય? કેવી રીતે એનો ઉપયોગ કરવો? આ બધી બાબતોમાં જાણકારીનો અભાવ જોવા મળે છે. માટે કેટલીક જરૂરી વિગતો જણાવવામાં આવે છે.

- શ્રુત એટલે ૪૫ આગમ મૂળસૂત્ર, ભાષ્યગ્રંથો, નિર્યુક્તિગ્રંથો, ચૂર્ણિગ્રંથો અને ટીકા ગ્રંથો. આ સિવાય ચરિત્ર ગ્રંથો, દ્રવ્યાનુયોગના ગ્રંથો, ગણિતાનુયોગના ગ્રંથો, ચરણ-કરણાનુયોગના ગ્રંથો, ધર્મકથાનુયોગના ગ્રંથો વગેરે.
- માત્ર ૪૫ આગમ મૂળની જ રક્ષા કરવાથી શ્રુતની રક્ષા ન થાય. કેમકે શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘને પંચાંગી સહિતનું શ્રુત માન્ય છે. માટે બધાજ ધર્મગ્રંથોની રક્ષા કરવી જરૂરી છે.
- સંઘમાં જ્ઞાનને લગતા ચડાવા કે ઉછામણીની રકમ જ્ઞાનખાતામાં જમા થાય છે, તે રકમનો શ્રુતરક્ષા માટે ઉપયોગ થાય. કલ્પસૂત્ર-બારસાસૂત્ર-ચાતુર્માસિક ગ્રંથ વહોરાવવાના, તેની પાંચ જ્ઞાનપૂજા તેમજ અષ્ટપ્રકારી પૂજાના ચડાવા, તદુપરાંત પ્રતિક્રમણમાં સૂત્રો બોલવાના ચડાવા તેમજ જ્ઞાનપાંચમના દિવસે જ્ઞાન સમક્ષ અર્પણ કરાયેલ જ્ઞાનોપકરણ અને રુપાનાણું રોકડ રકમ અને રોજ પુસ્તકની વાસક્ષેપની પૂજા કરતાં મૂકેલ રૂપિયા આ બધું જ્ઞાનખાતાનું દ્રવ્ય ગણાય અને આનો ઉપયોગ શ્રુતરક્ષા માટે કરવો જોઈએ.
- આ અંગે હવે પછીના અંકમાં શ્રુતરક્ષા માટે શ્રુત લખાવવાનું કાર્ય કેટલું મહત્ત્વનું છે? તે વાત વિગતવાર વિચારવામાં આવશે.

: સૌજન્ય :

**આધોઈ નિવાસી શ્રીયુત નરશીભાઈ વીજપાર ચરલા પરિવાર**

ફર્મ : **પૂનમ પેપર ઇમ્પેક્ષ પ્રા. લિ. (ઇન્ડીયા)** ૧૭૦, ખાડીલકર રોડ, કાંદાવાડી, મુંબઈ.

: શાસ્ત્રીય આદ્ય માર્ગદર્શક :
સુપ્રસિદ્ધ લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

# કલ્યાણ

: વર્તમાન માર્ગદર્શક :
સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

: ટ્રસ્ટી ગણ :
કીરચંદ જગજીવન શેઠ ★ નવીનચંદ્ર છોટાલાલ શાહ
કાંતિલાલ સુખલાલ શાહ ★ ધીરજલાલ મણીલાલ શેઠ
મનોજ કે. શેઠ

: માનાર્હ સંપાદકો :
કીરચંદ જે શેઠ ★ મનોજ કે શેઠ

: કાર્યાલય : કલ્યાણ પ્રકાશન મંદિર
કૈલાસ ચેમ્બર્સ, 1લે માળે, આર.પી.પી. ગર્લ્સ સ્કૂલ સામે
સુરેન્દ્રનગર - 363001.
ફોન : (O) 02752-237627, (R) 223585

: મુંબઈના માનાર્હ કાર્યકર :
કાંતિલાલ સુખલાલ શાહ
F/1, સંદીપ મેન્સન, ભાંગવાડી, કાલબાદેવી
મુંબઈ-2. ફોન : (O) 22054880 (R) 25116721

: માનાર્હ પ્રચારકો :
અજય સેવંતીલાલ જૈન
20, મહાજન ગલી, 1લે માળે, ઝવેરી બજાર
મુંબઈ-2. ફોન : (O) 22404717 (R) 28861604

ચંપાલાલ સી. જૈન
જિતેન્દ્ર જ્વેલર્સ, 100, ભંડારી સ્ટ્રીટ, 2, ગોદાવરી ભવન
મુંબઈ-4. ફોન : (O) 23861843 (R) 23884325

અશોકભાઈ એન. શાહ
પૂનમ પેપર ઇમ્પેક્ષ પ્રા. લિ.170, ખાડીલકર રોડ, કાંદાવાડી
મુંબઈ-4. ફોન : (O) 2385 3079 (M) 93238 53079

મનસુખભાઈ આર. શાહ
શુભ ટેક્સટાઈલ, આઝાદ ચોક, માલેગાંવ - 423203
ફોન : (O) 02554-232453 (R) 234320

નટવરલાલ આર. સંઘવી
મિલન કટપીસ સેન્ટર, સુભાષચોક, ગોપીપુરા,
સુરત-1. ફોન : 0261-2592782

રાજા કોર્પોરેશન
મામુનાયકની પોળ સામે, કાળુપુર, અમદાવાદ-1.
ફોન : 079-2535 7825

હસમુખ એમ. વેદલીયા
59, ખુશ્બુ શોપીંગ સેન્ટર, કોર્ટ રોડ, ડીસા - 385535.
ફોન : (M) 94275 44093 (R) 02744-225793

પ્રકાશ એ. દોશી
જૈન ઉપકરણ ભંડાર, 1, વર્ધમાનનગર, પેલેસ રોડ
રાજકોટ-1.

શ્રીપાળ વી. મસાલીયા
રાધનપુરી ધર્મશાળા, ભોજનશાળા સામે, શંખેશ્વરતીર્થ
ફોન : 02733-273315

તંત્રી, મુદ્રક, પ્રકાશક : કીરચંદ જે. શેઠ. માલિક-કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ માટે સુરેન્દ્રનગર કલ્પક ઓફસેટમાં છાપી સુરેન્દ્રનગરથી પ્રકાશિત કર્યું.

વર્ષ : ૬૪ ✦ અંક-૭ ✦ ભાદ્રપદ ૨૦૬૪ ✦ ઓક્ટો.-૦૭

## વિષયાનુક્રમ


'ભાર'નો આભારમા પલટો પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ. ૨

શંકા-સમાધાન... ............પૂ.આ.શ્રી રાજશેખર સૂ.મ. ૪

અનુપ્રેક્ષાનાં અમૃતબિન્દુ . પૂ.પં.શ્રી ભદ્રંકર વિજયજી ગ. ૬

હંસા ચરો, મોતીનો ચારો....પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ. ૮

સત્ત્વમૂર્તિ સૂરિદેવ ............. પૂ.મુ.શ્રી ઉદયરત્ન વિ.મ. ૯

ચેતન જ્ઞાન અજમાવજે ........પૂ.મુ.શ્રી પ્રશમરતિ વિ.મ. ૧૭

ભાગેડુ-વૃત્તિ આશીર્વાદ કે અભિશાપ ? ...... ઉર્વિ ત્રિવેદી ૧૯

ભારતનું મહારાભારત ...રાજીવ દીક્ષીત, ભૂપેશ ભાયાણી ૨૧

પુનર્જન્મને પુરવાર કરતી ઘટના ............. દેવેશ મહેતા ૨૫

ઈતિહાસ જેની શાહી હજુ સુકાઈ નથી ......................................પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્ર સૂ.મ. ૨૭

ઓવારણા લેવા જેવી આયુર્વિદ્યા .......... શ્રમણ પ્રિયર્શી ૨૯

સાહિત્ય સમાલોચના ............................ જ્ઞાનયાત્રી ૩૩

નૂતન અરિહંત વંદનાવલિ .... પૂ.મુ.શ્રી હિતવર્ધન વિ.મ. ૪૧

શ્રુતનો અભૂતપૂર્વ મહિમા પૂ.આ.શ્રી રાજશેખર સૂરિ. મ. ૪૫

બાલજગત ........................................ યુગબાળ ૪૯

સમાચાર સાર ................................... શ્રી સંકલિત ૬૫


**કલ્યાણ : જરૂરી સૂચનો અને માહિતી**

* 'કલ્યાણ' અંગ્રેજી મહિનાની દર ૮મી તારીખે પ્રગટ થાય છે.
* 'સાહિત્ય સમાલોચના' માટે પ્રત્યેક પુસ્તકની ૨ નકલ પાઠવવી.
* 'સમાચાર સાર' માં તા.૨૦ પૂર્વે મળેલ સમાચારને જ સ્થાન અપાશે.
* અંક ન મળવા અંગે ફરિયાદ ગ્રા.નં. સાથે પત્ર દ્વારા જ કરવી.
* ચેક-ડ્રાફ્ટ થી રકમ 'કલ્યાણ પ્રકાશન મંદિર' ના નામે જ મોકલશો.
* 'કલ્યાણ' આપનું છે, આપનો પ્રતિભાવ-સૂચન અચૂક આવકાર્ય છે.

| લવાજમ દર | | જા.ખ. દર | |
|---|---|---|---|
| આજીવન | 1000/- | ૧ પેજના | 600/- |
| ૨ વર્ષના | 125/- | ૦॥ પેજના | 300/- |
| ૧ વર્ષના | 70/- | વાર્ષિક જા.ખ. માટે કન્સેશન | |

## કલ્યાણની કેડીએ

૦ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

# 'ભાર'નો 'આભાર'માં પલટો કરવો છે ?

**भारोऽविवेकिनः शास्त्रं भारो ज्ञानं च रागिण; अशान्तस्य मनो भारं भारोऽनात्मविदो वपुः ॥**

**અવિવેકીને શાસ્ત્ર ભાર, જ્ઞાન છે ભાર રાગીને, મન અશાંતને ભાર, દેહ તો અનાત્મજ્ઞને**

**॥૩૫૯॥**

ભાર લાગે એવી ચીજ કઈ ? અને એ ભારને જ આભાર માનવા યોગ્ય બનાવવી હોય, તો શું કરવું પડે ? પ્રહાર જેવી પીડાદાયક ચીજને જ હૈયાના હાર જેવી બનાવવાની પ્રક્રિયા કઈ ? સૌ પ્રથમ તો આવો સવાલ પેદા થવો જ ઓછો શક્ય ગણાય અને કદાચ આવો સવાલ જાગી પણ જાય, તોય આનું સચોટ-સુંદર સમાધાન જડવું, એ તો જરાય સહેલું ન ગણાય. એવી મુંઝવણ જાગ્યા વિના ન જ રહે કે, ભારભૂત ચીજમાં પલટો લાવીને એને વળી આભાર માનવા યોગ્ય કઈ રીતે બનાવી શકાય ? જે આભાર માનવા યોગ્ય હોય, એ ચીજ વળી ભારભૂત કઈ રીતે લાગે ?

સુભાષિતને ભારભૂત જે ચાર ચીજો વર્ણવવી છે, એની ભૂમિકા રચવા વ્યવહાર ઉપરાંત અનુભવની અગ્નિપરીક્ષામાં પણ ઉત્તીર્ણ થાય, એવી એક અનુભૂતિ પર ઊંડાણથી વિશ્લેષણ કરીએ : 'ભાર અને આભાર'ની વાતને બરાબર સમજવા એક કોટની દાખલા તરીકે કલ્પના કરીએ. કોટને હાથમાં ઉપાડીને ચાલીએ, તો એ કોટ ભાર જણાય, આ જ કોટને પહેરી લઈએ, તો એનો આભાર માનવાનું મન થાય, જે કોટ ઠંડી ઉડાડવામાં ઉપયોગી ન થતો હોય, એને ઉપાડીને ચાલવું પડે, એથી એ ભારભૂત લાગે, ભારભૂત લાગતો કોટ જ પહેરી લેવાથી ઠંડી ઉડાડનારો બનતા એનો આભાર માનવાનું મન થાય. આનો સાર એટલો જ નીકળ્યો કે, ઠંડી ઉડાડવા અનુપયોગી કોટ એ ભાર છે. એને જ શરીર પર પહેરી લેવામાં આવે, તો એ ઠંડી દૂર કરનારો બની જતા એનો આભાર માનવાનું મન થયા વિના ન રહે.

આટલી પાયાની વાત સમજાઈ જતા હવે સુભાષિતનો સંદેશ સાંભળીએ. સુભાષિતનો સંદેશ એવો છે કે, જે અવિવેકી છે, એને માટે શાસ્ત્ર ભાર રૂપ છે, જે રાગગ્રસ્ત છે, એને માટે જ્ઞાન ભારભૂત છે, જે અશાંત છે, એને માટે એનું મન ભારભૂત છે, તેમજ જેણે આત્માને ઓળખ્યો નથી, અને આખી આલમને ઓળખી લીધી છે, એવા અનાત્મજ્ઞ માટે એનું પોતાનું શરીર જ ભારભૂત છે. શાસ્ત્ર, જ્ઞાન, મન અને શરીર કોના માટે ભારભૂત ઠરે અને આ ચારેને આભાર માનવા યોગ્ય ઠરાવવા શું કરવું પડે, એ હવે વિગતવાર વિચારીએ.

આગમ-શાસ્ત્રો એટલે જ્ઞાનનો અખૂટ અદ્દભુત ખજાનો ! આમાં હેય, જ્ઞેય, ઉપાદેયઃ આ ત્રણે કક્ષાની વાતો આવે. જેની વિવેક-ચક્ષુ ખુલી હોય, એ જ જ્ઞાની 'હેય - જ્ઞેય - ઉપાદેય'નો ભેદ કળી શકે, એના માટે જ શાસ્ત્રો ઉપકારી બની શકે. બાકી જે અવિવેકી હોય, એના માટે તો ઉપકારક બનવા યોગ્ય શાસ્ત્રો જ અવિવેકના પાપે અનુપકારી બનવા દ્વારા ભારભૂત બન્યા વિના ન જ રહે. કેમકે શાસ્ત્ર દ્વારા મળતી જાણકારીને હેય, જ્ઞેય અને ઉપાદેયઃ આવી ત્રણ કક્ષામાં જે વહેંચી ન શકે, હેય અને જ્ઞેયને જે ઉપાદેય ગણી લે, ઉપાદેયને જે હેય જ્ઞેય સમજી લે. આમ, આ ત્રણે વિભાગની જે ભેળસેળ કરે, એના માટે બધો જ ભાર ઉતારી દેવા સમર્થ એવા શાસ્ત્રો જ ભારભૂત બને, એમાં શી નવાઈ ? માટે શાસ્ત્રોના ઉપકારને ઝીલવો હોય, તો જ્ઞાનીએ સૌ પ્રથમ વિવેકી બનવું જોઈએ. માટે જ તો વિવેકને ત્રીજા લોચન તરીકે બિરદાવાયો છે. ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુના માધ્યમે સાચું ઉપકારક દર્શન એ જ કરી શકે, જેના વિવેક-લોચન ઉદ્દઘાટિત થઈ ચૂક્યા હોય.

વિવેક જાગૃત થયા બાદ વિરાગનું પણ જેના હૈયે જાગરણ થઈ ચૂક્યું હોય, અથવા આવી ભાવના પણ પ્રગટી હોય, એવા વિરાગીને માટે જ જ્ઞાન ભાર ન બનતા હૈયાનો હાર બની શકે, જ્ઞાન દ્વારા એકલું વિરાગી-વિશ્વ જ આંખ સામે ખડું થાય, એવું તો બને નહિ, વિરાગની સાથે સાથે રંગરાગની વાતો પણ જ્ઞેય કે હેય

તરીકે એ જ્ઞાન-દર્પણમાં પ્રતિબિંબિત થાય જ. જે વિરાગી ન હોય, એ આવી વાતો જાણીને રાગના રંગથી રંગાઈ જઈને રંગીન સ્વપ્ન-સૃષ્ટિમાં વિહરતો થઈ જાય, તો જ્ઞાન એને માટે ઉપરથી ભારભૂત નીવડ્યા વિના ન રહે. માટે જ્ઞાનને ભારભૂત ન બનવા દેવું હોય, તો રાગી મટીને વિરાગી બનવું જ રહ્યું.

શાસ્ત્રને અને જ્ઞાનને ભારભૂત બનવા દેવું ન હોય, તો વિવેક અને વિરાગ કેળવવો જોઈએ, એમ મનને ભારભૂત બનતું રોકવા શાંત-સ્વસ્થ બનવું જોઈએ. અશાંત - મન સ્વયં ભારભૂત છે, તો શાંત-સ્વસ્થ મન ઉપહાર સમું છે. જે વ્યક્તિ શાંત ન હોય, જેનાં જીવનમાં દોડધામ જ હોય, એનું પોતાનું મન જ એના માટે ભારભૂત હોય, એ સમજી શકાય છે. આજુબાજુ પથારો પાથરીને વિસ્તરેલી અશાંતિ મનને શાંત સ્વસ્થ રહેવા દે, એ શક્ય જ નથી. માટે મનને શાંત-સ્વસ્થ રાખવું હોય, તો આસપાસની અસ્વસ્થતા અને અશાંતિ સૌ પ્રથમ દૂર કરવી જ રહી.

અશાંતને માટે મન ભારભૂત છે, તો જેણે આત્માને જાણ્યો નથી, એને માટે એનું શરીર જ ભારભૂત છે. એવી આર્ષવાણી છે કે, જેણે એક આત્માને જાણ્યો, એણે બધું જ જાણ્યું ગણાય. જેણે ઘણું બધું જાણવા છતાં એક આત્માને જાણ્યો નથી, એનું જાણેલું એ બધું જ નિરર્થક ગણાય. બધી જ અથવા થોડીક પણ જાણકારીની સાર્થકતા 'આત્મજ્ઞાન' સાથે સંબંધિત છે. જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, એ પોતાના દેહને પડોશી જેવો જ નિહાળે. દેહને આત્મવત્ માનવો, એ સર્વ દુ:ખોનું મૂળ છે, જ્યારે આત્માને આત્મા અને દેહને દેહ : આમ બંનેને ભિન્ન માનવા એ જ સર્વસુખોનું મૂળ છે. આ સત્ય જે સમજી જાય, એના માટે દેહ ભારભૂત નથી બની શકતો.

આત્મા અને દેહ વચ્ચે કેવો સંબંધ હોવો / માનવો જોઈએ ? એ ખૂબ જ ઊંડાણથી સમજવા જેવું છે. આત્મા અને દેહ વચ્ચે શરીર અને ચામડી જેવો નહિ, પણ શરીર અને કપડાં જેવો સંબંધ હોવો જોઈએ. એક દૃષ્ટિકોણથી આને ભેદસંબંધ તરીકે ઓળખી શકાય, જ્યારે બંને વચ્ચેના શરીર અને ચામડી જેવા સંબંધને અપેક્ષાએ અભેદ સંબંધ તરીકે ઓળખી શકાય. શરીર પરથી કપડાં અળગા કરવા હોય, તો કોઈ પીડા થાય ખરી ? અથવા આમાં જરાય વાર લાગે ખરી ? ના. કેમકે શરીર પર કપડાં હોવા છતાં શરીર જ કંઈ કપડા નથી, શરીર અને કપડાં બંને અલગ છે, માટે બંનેને સહેલાઈથી અલગ કરી શકાય છે. પણ શરીર પરની ચામડી સહેલાઈથી અલગ થઈ શકે ખરી ? ના. કેમકે શરીર પર ચામડી હોવા છતાં શરીર જ ચામડી છે, શરીરથી કપડાંની જેમ ચામડી જુદી નથી.

શરીર અને આત્મા વચ્ચે ભેદ સમજનાર જ્ઞાની આત્મા-શરીર વચ્ચે શરીર અને કપડાં જેવો ભેદ નિહાળતો હોય છે, એથી 'શરીર' એના માટે ભારભૂત નથી બનતું, જ્યારે અજ્ઞાની શરીર અને આત્મા વચ્ચે શરીર અને ચામડી જેવો અભેદ વ્યવહાર કરવા ઉપરાંત શરીર પર જ એની સમગ્રતા કેન્દ્રિત હોવાથી શરીર એના માટે ભારરૂપ બન્યા વિના નથી રહેતું. જ્ઞાની મૃત્યુ ટાણે શરીર પરના વસ્ત્રની જેમ દેહત્યાગ કરી શકે છે, જ્યારે અજ્ઞાની માટે તો દેહત્યાગ શરીર પરની ચામડી ઉતરડી લેવા જેવો દુષ્કર બની જતો હોય છે.

આટલા વિવેચન પરથી એ સ્પષ્ટ સમજાઈ ગયું હશે કે, ભારભૂત બની શકે એવા શાસ્ત્ર, જ્ઞાન, મન અને શરીર; આ ચારેને જો 'આભાર'માં પલટાવી દેવા હોય, તો વિવેક-વિરાગ-શાંતિ અને આત્મજ્ઞાનને આત્મસાત્ કરી લેવા જોઈએ. જો આ ચતુર્ભેટો આપણે આત્મસાત્ ન કરી શકીએ, તો શાસ્ત્ર, જ્ઞાન, મન અને દેહના ભાર નીચે જ ચગદાઈ જઈને આપણી ચેતના ગુમાવી દેવાના અંજામમાંથી જાતને ઉગારી શકીએ કે કેમ ? એ યક્ષપ્રશ્ન છે. વિવેકપૂર્વક શાસ્ત્રોનું વાંચન કરીએ, વિરાગપૂર્વક જ્ઞાન મેળવીએ, શાંત બનીને મનને સ્વસ્થ રાખીએ અને આત્મજ્ઞ બનીને / આત્મવેત્તા બનીને આત્મ-દેહના સંબંધને શરીર પરના કપડાના સંબંધ જેવો સ્વીકારીએ, તો ભારભૂત આ ચારેને આપણે 'આભાર-સાર'માં પલટો અપાવવામાં સફળતા હાંસલ કરી શકીએ ! સુભાષિતનો સંદેશ સાંભળીને આવી પ્રેરણા મેળવીએ અને આ માટે પુરુષાર્થશીલ બનવા ભાવિત બનીએ.


ACHARYA SRI

# શંકા-સમાધાન

૦ પૂ. આચાર્યદેવ શ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ

**શંકા-૬૪૫.** આંખની તકલીફ દૂર કરવા આંખને સારી રાખવા સાધુથી આંખમાં આંજવાના ઔષધરૂપે મધનો ઉપયોગ કરી શકાય કે નહિ ?

**સમા૦** સાધુએ અને શ્રાવકે પણ આંખની તકલીફ દૂર કરવા કે આંખને સારી રાખવા મધનો અને જેમાં મધ આવતું હોય તેવી દવાનો પણ ઉપયોગ ન કરવો જોઈએ. આંખની તકલીફ દૂર કરવા કે આંખને સારી રાખવા મધ વિનાની ઘણી દવાઓ આજે ઉપલબ્ધ છે. આમ છતાં ગાઢ પરિસ્થિતિ સર્જાય ત્યારે ગીતાર્થ ગુરુભગવંતની સલાહ પ્રમાણે કરવું જોઈએ.

**શંકા-૬૪૬.** વિકલેન્દ્રિય જીવો જળપાન કરતા દેખાતા નથી. એમને જળપાન હોય કે નહિ ? ન હોય તો કેવી રીતે ?

**સમા૦** આ વિષે કોઈ વિગત શાસ્ત્રમાં મારા વાંચવામાં આવી નથી. કેટલાંક વિકલેન્દ્રિય જીવો જળમાં જ ઉત્પન્ન થતા હોય છે. એથી એમને જળની જરૂર ન રહે. તે સિવાયના વિકલેન્દ્રિય જીવોનો આહાર અને શરીર બંધારણ એવું છે કે જેથી તેમને જળની જરૂર જ ન રહે. આથી વિકલેન્દ્રિય જીવોને જળપાન ન હોય એમ સંભવે છે. આ વિષે પરમાર્થ તો જ્ઞાની જાણે.

**શંકા-૬૪૭.** પ્રશસ્ત ક્રોધાદિ કષાયના કારણે થતી પ્રવૃત્તિ પ્રશંસનીય ખરી કે નહિ ? જેમ ઇન્દ્રે લુહારને મારી નાખ્યો. એવી ઘટના ભ. મહાવીરના જીવન-પ્રસંગમાં આવે છે. જો એ પ્રવૃત્તિ પ્રશંસનીય હોય તો પ્રવૃત્તિની પ્રશંસાથી હિંસાની પણ અનુમોદના ન થઈ જાય ?

**સમા૦** પ્રશસ્ત ક્રોધાદિ કષાયના કારણે થતી પ્રવૃત્તિ પ્રશંસનીય જ છે. પ્રશસ્ત પ્રવૃત્તિની પ્રશંસાથી તેના દ્વારા થતી હિંસાની અનુમોદના થતી નથી.

**શંકા-૬૪૮.** માર્ગાનુસારી (જેના ૩૫ ગુણો વર્ણવવામાં આવે છે તે) જીવ ચરમાવર્તમાં આવેલો જ હોય એવો નિયમ ખરો ?

**સમા૦** સાચો માર્ગાનુસારી ચરમાવર્તમાં આવેલો જ હોય.

**શંકા-૬૪૯.** પરમાત્માની ભક્તિ કરનારા રાવણ, અને શ્રેણિક વગેરે દુર્ગતિમાં ગયા. તો તેમનું તે ભવનું પુણ્ય પાપાનુબંધી ગણાય કે ~~પુણ્યાનુબંધી~~ ગણાય ?

**સમા૦** આવા ઉત્તમ જીવોના પુણ્યને પાપાનુબંધી કહી શકાય નહિ. કોઈ વિશિષ્ટ કોટિના પાપના ઉદય કાળમાં તેવા પ્રકારનું પાપ થઈ જાય અને એથી નરકાદિ દુર્ગતિમાં જનારા થાય, એમ બની શકે.

**શંકા-૬૫૦.** જે અભવ્ય જીવમાં ન્યાયથી ધન મેળવવું વગેરે માર્ગાનુસારીપણાના ગુણો હોય તે અભવ્ય જીવને માર્ગાનુસારી કહેવાય કે નહિ ?

**સમા૦** ન કહેવાય. કારણ કે તેનામાં જે સારું દેખાય તે સ્વાર્થમૂલક જ હોય, અર્થાત્ તેના દેખાતા ગુણોમાં પણ સ્વાર્થ જ હોય.

**શંકા-૬૫૧.** જૈનોએ યથાશક્તિ દ્રવ્ય દયા પણ કરવી જોઈએ. આથી જૈનો હોસ્પિટલ બંધાવે તો તે ધર્મ ગણાય કે અધર્મ ?

**સમા૦** તાત્કાલિક દુઃખ દૂર કરવારૂપ અનુકંપા છે. એના માટે કાયમી આરંભનાં સાધનો ખોલવાં એવી અનુકંપાનું વિધાન જૈનશાસનમાં નથી. 'રમણીયો ભૂત્વા અરમણીયો મા ભૂ.' આ વચન અને તેની ટીકાથી આ વિષય સ્પષ્ટ થઈ જાય છે. પ્રદેશી રાજાના વિષયમાં આવું વચન વાચવા મળે છે. વળી આજની હોસ્પિટલોમાં ઘણી દવાઓ પંચેન્દ્રિયજીવોની હિંસાથી બનેલી હોય છે. જેમાં થોડા જીવોને સુખ મળે અને ઘણા જીવોને દુઃખ થાય તેને અનુકંપા જ ન કહેવાય.

**શંકા-૬૫૨.** ગાયનું મૂત્ર ક્યાં સુધી અચિત્ત રહે ?

**સમા૦** ગાયનું મૂત્ર ૨૪ પ્રહર (૭૨ કલાક) સુધી અચિત્ત રહે. પછી તેમાં સંમૂર્છિમ જીવોની ઉત્પત્તિ થાય.

**શંકા-૬૫૩.** ગૃહસ્થો જે કપડા પહેરીને સંડાસ-બાથરૂમમાં ગયા હોય તે કપડાથી દહેરાસરમાં મોટેથી બોલીને દેવવંદન વગેરે કરી શકે ?

**સમા૦** કપડા તત્કાલ અશુદ્ધિવાળા ન હોય તો કરી શકે.

**શંકા-૬૫૪.** પૌષધ લેનારી બહેનોએ જાતે પૌષધ ઉચ્ચરીને પડિલેહણ-દેવવંદન-સજ્ઝાય કરીને ગુરુને

વંદન કરવા આવે ત્યારે ગુરુની પાસે ફરી પોષધ ઉચ્ચરવો, પડિલેહણના આદેશ માગવા, સજ્ઝાય કરવી, રાઈ મુહપત્તિ કરવી. આ બધું અવશ્ય કરવું જોઈએ કે ન કરે તો ચાલે ?

**સમા૦** અનુકૂળતા હોય તો આ બધું કરવું જોઈએ.

**શંકા-૬૫૫.** એમ.સી.માં આવેલ બહેન ૭૨ કલાક પૂર્ણ થયા પછી સ્નાન કરે તો સ્નાન કર્યા બાદ તુરત પ્રતિક્રમણ ભણાવી શકે ?

**સમા૦** પોતાને જરા ય અશુચિ ન જણાતી હોય તો ભણાવી શકે.

**શંકા-૬૫૬.** અન્યના પુસ્તકમાંથી કોઈ સાધુ કે ગૃહસ્થ ચિત્રો કે લખાણ વગેરે લેખકની અનુમતિ વિના લે અને પોતાના પુસ્તકમાં પોતાના નામે મૂકે તો એને કેવા દોષો લાગે અને પ્રાયશ્ચિત શું આવે એ જણાવવા કૃપા કરશો.

**સમા૦** પુસ્તકમાં લેખકની સંમતિ લીધા વિના આ પુસ્તકમાંથી કશું લેવું નહિ એવા ભાવનું છપાવ્યું ન હોય, તો પણ લેખકની રજા વિના તે પુસ્તકમાંથી કંઈ પણ લેવાથી ચોરીનો દોષ લાગે અને ચોરીનું જે પ્રાયશ્ચિત્ત આવતું હોય તે પ્રાયશ્ચિત આવે. આવું ન છપાવ્યું હોય તો લેખકની રજા લેવાની જરૂર નથી. એમ ન માનતા ચિત્રો કે લખાણ વગેરે જે પુસ્તકમાંથી લીધું હોય તે પુસ્તકનું નામ તો અવશ્ય લખવું જોઈએ. ''અમુક પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત'' એમ ઉલ્લેખ કરવો જ જોઈએ. તેમ ન લખે તો ચોરીનો દોષ લાગે. લેખક-પ્રકાશક આવું ન છપાવે એ એની ઉદારતા છે. પરંતુ સાભાર સ્વીકૃત આટલો પણ ઉલ્લેખ ન કરવો, એ સજ્જન માટે તો શોભાસ્પદ ન જ ગણાય.

**'કલ્યાણ'ના ગ્રાહક બની અન્યને બનવાની પ્રેરણા કરો.**

## કલ્યાણ - કાયાકલ્પ - યોજના

### ' કલ્યાણ ' આધાર સ્તંભ

**પારૂબેન મૂળચંદ ધરમાજી - ભાંડોત્રા, મુંબઈ**

### 'કલ્યાણ' શુભેચ્છક

| | | |
|---|---|---|
| પુષ્પાબેન મફતલાલ દલીચંદ શાહ | (આલવાડા) | મુંબઈ |
| ચન્દ્રકાંતભાઈ જગજીવનદાસ શાહ | (રાધનપુર) | મુંબઈ |
| પારૂબેન મયાચંદભાઈ સંઘવી | (જેતાવાડા) | મુંબઈ |
| કેસીબેન દરજાજી શેઠ | (સાંચોર) | મુંબઈ |
| મયૂરીબેન નરેશભાઈ વખારીયા | (રાધનપુર) | મુંબઈ |
| પારૂબેન શાંતિલાલ મયાચંદભાઈ શાહ | (ભાંડોત્રા) | મુંબઈ |
| નવીબેન દલપતભાઈ શાહ | (દાંતીવાડા) | મુંબઈ |
| સોભાજી ઉગરાજી શાહ | (ધનીયાવાડા) | મુંબઈ |
| તારાબેન નૈનમલ પનાલાલ શાહ | (જેતાવાડા) | મુંબઈ |
| કલાવતીબેન કાંતિલાલ પનાલાલ શાહ | (જેતાવાડા) | મુંબઈ |
| ચંચીબેન પરખાજી વનાજી શાહ | (ભાંડોત્રા) | મુંબઈ |
| શાંતાબેન ચુનીલાલ દુધાજી | (હાડેચા) | મુંબઈ |
| પૂ.આ શ્રી સોમચન્દ્ર સૂરીશ્વરજી મ. ની ૧૨ મી સ્વર્ગતિથિ નિમિત્તે (વિ.સં. ૨૦૬૧ જે. સુ. ૧૧) શ્રી સાઈઠ સમાજ જૈન સંઘ | | મુંબઈ |
| હરિચંદભાઈ તુલસીદાસ શાહ | (જેતાવાડા) | મુંબઈ |
| રાયચંદ મંછાજી શાહ | (બાંટ) | મુંબઈ |

સિદ્ધ હસ્ત લેખક પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંન્દ્ર સૂરીશ્વરજી મંહારાજાના શિષ્ય રત્ન પૂ. મુ. શ્રી પ્રશમપૂર્ણ વિજયજીમ. ની પ્રેરણાથી લાભ લેનારા ઉપરોક્ત 'કલ્યાણ ' આ દાનવીરોનો આભાર માનવા પૂર્વક સંઘ-સમાજ આ યોજનામાં વિશેષ લાભ લઈને કલ્યાણના કાયાકલ્પને ચિરંજીવ બનાવવામાં અત્મીયતા ભર્યો સહકાર આપવા વિનંતિ કરે છે.

# અનુપ્રેક્ષાનાં અમૃત-બિન્દુ

○ પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર

ગુણો લગભગ પોતાના આત્માને લાભ કરે છે, જ્યારે ગુણોપૂર્વકની પુણ્યરૂપી સંપદાથી પોતાની સાથે બીજાને પણ લાભ થાય છે. સિદ્ધો આઠ કર્મથી રહિત છે તથા અરિહંતો ચાર કર્મ સહિત છે. તો પણ પ્રથમ કેમ અરિહંતોને યાદ કરીએ છીએ ? અરિહંતોમાં પુણ્યનો પ્રકર્ષ છે. પરાર્થ સંપદાની ઉત્કૃષ્ટતા છે. સામાન્ય કેવળીની હાજરીમાં છદ્મસ્થ ગણધર દેશના આપે છે, તે દેશનાને કેવળીઓ સાંભળે છે. પુણ્યવાનની સોબતથી બીજા પણ પુણ્યશાળી બને છે. બીજાને લાભ થાય છે. તે પણ પોતાનો જ છે. એવો ભાવ જ્યાં સુધી આપણને ન આવે, ત્યાં સુધી આપણે તીર્થંકરોને ઓળખ્યા ન ગણાય.

ο

ગુણ પામવાનું કામ પર્વત ચઢવા જેવું છે. શ્વાસ ચઢે, થાક લાગે, પવનનો ઝપાટો લાગે, જો ચૂકે તો હાડકા ખોખરા થાય, તેથી ઊંચે ચઢવામાં પુણ્યનો સહારો જોઈએ. તે કેવી રીતે મળે ? બીજાને સહાય કરવાથી, બીજાની દુઆ મેળવવાથી, બીજાની સાથે આત્મસમદર્શિત્વ ભાવ રાખવાથી અને હૃદયમાં બીજાના હિતની ચિંતા રાખવાથી.

ο

પૂ. બાપજી મહારાજ 'સંઘ સ્થવિર'ના બિરૂદને સાર્થક કરી ગયા. પ્રેરણાના ભંડાર સમું એમનું જીવન હતું. જન્મ નારિયેળ-પૂનમ- બળેવના દિવસે, કાળધર્મ ચૌદસના દિવસે. જન્મના દિવસે બધાને મોઢું મીઠું કરાવ્યું, સ્વર્ગવાસના દિવસે ઘણાને ઉપવાસ. વીસમી સદીમાં સૌથી સુદીર્ઘ જીવન જીવ્યા, આયુષ્ય પાંચ વીશી અને સાધુપણું ચાર વીશી. આવું આયુષ્ય ઘણા ઓછા પૂર્વાચાર્યોએ ભોગવ્યું હશે. તેમણે બે સદી જોઈ, પણ વીસમી સદીનું કોઈ દૂષણ એમને સ્પર્શ્યું ન હતું. ૭૨ વર્ષની વયે શરૂ કરેલ વર્ષીતપ જીવનના અંત સુધી ૩૩ વર્ષ પર્યંત ચાલુ રહ્યો. આના પરિણામે સમાધિપૂર્વક ઉપવાસના દિવસે સ્વર્ગવાસી બન્યા. નામથી જ નહિ, કામથી પણ તેઓ 'સિદ્ધિનો સાક્ષાત્કાર કરાવી ગયા. ૭૨ વર્ષની વયે વર્ષીતપનો પ્રારંભ, ૮૫ વર્ષની વયે ચાલીને શત્રુંજય-ગિરનારની યાત્રા, આજીવન શ્રુતની અદ્ભુત ઉપાસના. આવી આવી અનેક સિદ્ધિઓના સરવાળા સ્વરૂપ અને સાક્ષાત્કાર સ્વરૂપ જીવન ધરાવનારા અને પુણ્ય ઉપરાંત ગુણનો પણ સુવર્ણમાં સુગંધ જેવો સંયોગ-સુમેળ સાધનારા આવા મહાપુરુષના દર્શન ફરી પાછા ક્યારે થશે, એ સવાલ છે.

ο

હાથીએ માત્ર અઢી દિવસ સસલાની દયા પાળી, બદલો કેટલો મળ્યો ? એ બદલો મળવામાં જીવદયાના પરિણામ કારણ છે. એ બદલો મળવામાં નિમિત્ત જીવ છે. જો જીવની દયા ન હોત, તો આટલો બદલો ન મળત. જેના નિમિત્તે લાભ મળે તેનો આભાર માનવો, એમાં સજ્જનતા અને કૃતજ્ઞતા છે. મેઘકુમાર પૂર્વ-ભવમાં હાથી હતો, ત્યારે સસલાને હાથીએ આપ્યું, તેના કરતાં હાથીને સસલાએ કેઈ ગણું અધિક આપ્યું.

ο

દૃષ્ટિ એવી સૃષ્ટિ એ અજ્ઞાનીની દૃષ્ટિ છે. સૃષ્ટિ એવી દૃષ્ટિ એ જ્ઞાનીની દૃષ્ટિ છે. દૃષ્ટિ એવી સૃષ્ટિ એટલે દરજીની દૃષ્ટિ કપડા ઉપર છે. મોચીની દૃષ્ટિ પગરખા ઉપર છે. કસાઈની દૃષ્ટિ, ગાયને જોતા તેના માંસ ઉપર છે. આપણે દેહદૃષ્ટિ ધરાવતા હોઈશું, તો આપણને દેહના સુખ-દુઃખ-રૂપ-રંગ દેખાશે. જો આપણી દૃષ્ટિ આત્મા પ્રત્યે હશે તો આપણને આત્માના ગુણો દેખાશે. લોભીની દૃષ્ટિ ધન ઉપર હોવાથી એ એમ માને કે, જેની પાસે ધન છે, તે જ કુલીન ગણાય છે, વિદ્વાન ગણાય છે, વક્તા ગણાય છે, અને આગેવાન ગણાય છે. વિવેકીને એ જ ધન દુઃખનું કારણ લાગે છે.

ο

કીમતી વસ્તુ ચાલી ન જાય તેની તેના માલિકને સતત ચિંતા રહ્યા કરે છે. સોનાના મોહવાળાને જેના ઉપર શંકા ન થવી જોઈએ, તેની ઉપર પણ શંકા જાય છે. મેતારજ ઋષિ ઉપર સોનીને શંકા થઈ. સોનું પોતે સ્વભાવથી ખરાબ પણ નથી અને સારું પણ નથી. પણ તેના આધારે ઇષ્ટ-અનિષ્ટની કલ્પના થવાથી સોનું સુખ-દુઃખ ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે. સોનું અને સ્ત્રી પોતે ખરાબ નથી, પણ તેના ઉપરની અયોગ્ય આસક્તિ જીવને દુઃખી કરે છે. તેથી શાસ્ત્રકારો કહે છે કે બહારના સંસાર કરતા, અંદરનો સંસાર ભયંકર છે.

ο

ક્રોધાદિ અને હિંસાદિ આંતરિક કષાયો છે કંચન અને કામિની ઉપરની આસક્તિ એ ક્રોધાદિની વૃદ્ધિમાં કારણભૂત છે. તેથી તેવા નિમિત્તોથી છદ્મસ્થોએ હંમેશા દૂર રહેવું જોઈએ.

o

લોભાવનારા વિષયોથી દૂર રહેવું જોઈએ, એ વાત આપણા ધ્યાનમાં છે. પણ એ જ વાત બીજી રીતે વિચારવા લાયક છે. જેમ જડ વિષયોનીઅસર છે, તેમ ચેતનની પણ ચેતન પર અસર છે. જ્યારે આપણે અરિહંતાદિના ઉત્તમ વિષયોના સંપર્કમાં આવીએ છીએ, ત્યારે તેમના જેવા બનતા જઈએ છીએ. યોગ્ય જીવોનો સંપર્ક થાય, તો આપણા આત્માને ઊંચે ચડાવવામાં તે સંપર્ક નિમિત્ત બને છે. જે વ્યક્તિ જેટલી ઉચ્ચ છે, તે વ્યક્તિનું આલંબન લેવાથી તેનું આલંબન લેનાર પણ તેટલો જ ઊંચે ચડી શકે છે. અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓની ભક્તિ જે ઉત્તમ પ્રકારના પ્રશસ્ત વિષયોનો સંપર્ક છે.

o

દેવ એટલે મોક્ષે ગયેલા જીવ, ગુરુ એટલે સંવર અને નિર્જરા, ધર્મ એટલે શુભાશ્રવ-સંવર અને નિર્જરા, દેવ-ગુરુ અને ધર્મમાં ઉપરના તત્ત્વ ઉપાદેયરૂપે આવી ગયા, પાપ અને બંધ એ હેયરૂપે આવી જાય છે. અજીવ તત્ત્વ જ્ઞેયરૂપે છે. દેવ-ગુરુ-ધર્મમાં આ નવે તત્વો આવી જાય.

o

પાણી વિના તૃપ્તિ ન થાય તેમ પારકાના દુઃખ દૂર કરવાની બુદ્ધિ વિના તૃષા ભાંગે નહિ, તૃપ્તિ ન થાય. માત્ર પોતાના જ સુખનો વિચાર કરવાથી તૃપ્તિ થતી નથી. બીજાના પણ સુખનો વિચાર કરવાથી સાચી તૃપ્તિ થાય છે. જેમ ભોજન પચાવવા પાણી જોઈએ. તત્ત્વરૂચિ એ ક્રિયાને પચાવનાર પાણી છે. તત્ત્વરૂચિ વિનાનું ભોજન એ પાણી વિનાનું ભોજન છે. આત્મદૃષ્ટિ આવ્યા પછી બધું આપોઆપ સમજાય છે. જીવ તત્ત્વ એટલે જ્યાં જ્યાં જીવત્વ છે ત્યાં ત્યાં પ્રીતિનો સંબંધ થવો જોઈએ. એથી તૃષા છીપાય છે, ભોજન પચે છે.

o

ચારિત્રના પાંચે પ્રકારમાં પરની પીડાનો પરિહાર છે. એ દૃષ્ટિએ પાંચેમાં એકતા પણ રહેલી છે. અને નામાદિથી પૃથક્ત્વ પણ છે ચારિત્ર એટલે પરપીડાનો પરિહાર. પરને પીડા કરવાના પાંચ સાધન છે. તેથી પરપીડાના પરિહાર માટે પાંચ મહાવ્રત છે. પગ-મુખ-હાથ-ઇન્દ્રિયો અને સામગ્રી આદિથી બીજાને પીડારૂપ થવાય છે. તેને સંયમમાં રાખવી, તેનું નામ સંયમ-ચારિત્ર ! બીજાને પીડા ન આપવાથી ફાયદો કોને ? બીજા જીવને કે આપણને ? બીજા જીવને ફાયદો થાય કે ન થાય, જ્યારે બચાવનારને આપણને તો નિયમા ફાયદો છે. દાન કર્યું તે સામાના લાભ માટે કે પોતાના લાભ માટે ? દયા પાળવી તે આપણા માટે કે બીજાના પ્રાણ બચાવવા માટે ? કહેવું જ પડશે, કે આ બધું પોતાના લાભ માટે જ કરવાનું છે. તો જ એને સાચા સ્વરૂપે કર્યું ગણાય.

## गुजरात सरकार द्वारा पारित धर्मान्तरण विधेयक राज्यपाल ने असंगत मानते लौटाया

गुजरात के राज्यपाल श्री नवल किशोर शर्मा ने गुजरात राज्य सरकार की ओर से पारित धार्मिक स्वातंत्र्य विधेयक २००६ को संविधान के साथ असंगत मानते हुए सरकार को लौटा दिया है। विधेयक को संविधान में नागरिकों को दी गई धर्म की मुक्त अभिव्यक्ति, आचरण, प्रचार एवं आजादी के अधिकार की गारंटी के विरूद्ध मानते हुए राज्यपाल ने इसकी पुनः समीक्षा का सुझाव श्री ने देते कहा है कि राज्य सरकार की ओर से पारित गुजरात धार्मिक स्वातंत्र्य विधेयक संविधान के साथ सुसंगत नहीं है।

उच्चतम न्यायालय ने जैन धर्म को विशेष धर्म का दर्जा दिया है। पूर्व कानून के तहत दबावपूर्वक एवं अयोग्य तरीके से धार्मिक रूपांतरण के सामने सुरक्षा प्रदान की गई थी लेकिन गुजरात सरकार के सूचित विधेयक से जैनों एवं बौद्धों के धर्मांतरण के मामलों में स्वतंत्रता छिन जाएगी। इस विधेयक के खिलाफ राज्य की विभिन्न धार्मिक-सामाजिक संस्थाओं की ओर से ज्ञापन दिए गए हैं तथा प्रदर्शन भी किए गए हैं। राज्यपाल ने इसकी पुनः समीक्षा कर इसमें सुधार के सुझाव के साथ सरकार को लौटा दिया है।

**"श्वेताम्बर जैन" से साभार-संक्षेप**

## હંસા ! ચરો મોતીનો ચારો

૦ સંકલક : પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

આજનો જમાનો બહુમતીવાદનો ગણાય છે. આનો સ્પષ્ટ અર્થ તો એ જ થયો કે, આજે રાજ ચલાવવા હૈયુ-મગજ નહિ, માત્ર હાથના સાથની જ આવશ્યતા છે.

૦

કોઈએ લાખની હૂંડી લખી હોય, તોય એ સ્વીકારાઈ જાય. કોઈએ રૂપિયાની હૂંડી લખી હોય, તોય એ ન સ્વીકારાય. હૂંડીનો સ્વીકાર અસ્વીકાર હૂંડી લખનાર વ્યક્તિની શ્રદ્ધેયતા પર આધારિત હોય છે. શાસ્ત્ર-વચનો માટે પણ આ જ ન્યાય લાગુ પડી શકે છે. જો શ્રદ્ધેય અને આપ્ત પુરુષે શાસ્ત્ર રચ્યું હોય, તો જ એ સ્વીકાર્ય ગણાય. જેનામાં આપ્તત્વ ન હોય, એની વાણી તો કઈ રીતે સ્વીકારી શકાય ?

૦

ગણિતે આંકડાના બે પ્રકારના મૂલ્ય બતાવ્યા છે : સાંકેતિક અને સ્થાનિક. દા.ત. ૩ આ અંકનું સાંકેતિક મૂલ્ય તો ત્રણ જ છે. પણ આનું સ્થાનિક મૂલ્ય ત્રણ અબજ જેટલુંય થઈ શકે. જો દસ શૂન્યોની પૂર્વે ૩નો અંક ગોઠવીએ, તો એનું મૂલ્ય ત્રણ અબજનું થાય. પરંતુ જો દસ શૂન્યોની છેવાડે ૩નો આ અંક મૂકીએ, તો એનું મૂલ્ય ત્રણ જેટલું જ ગણાય. ત્રણનો અંક તો એનો એજ છે, પણ એની મૂલ્યવત્તા આપણે એને જે રીતે વાપરીએ, એ રીતે ઉપરથી નિર્ધારિત થાય. માનવ-જીવનનું આવું જ છે. આ જીવનનો ઉપયોગ ધર્મસાધના માટે કરાય, તો આનું મૂલ્ય એકદમ વધી જાય, નહિ તો સાવ નજીવું બની જાય.

૦

કોઈ ચીજોનું જેને જ્ઞાન ન હોય, એની જાણકારી આપવી, આ જ કેળવણીનું ધ્યેય નથી. પરંતુ જાણકારી આપવા ઉપરાંત એ જ્ઞાન મુજબનું વર્તન શીખવાડવું આ જ સાચી કેળવણી છે.

૦

સોના-ચાંદીના ચાર ટુકડા મેળવવા, ચલણી નોટોનાં ચાર ચીંથરા એકઠા કરવાં, ત્રણ-ચાર છોકરાના બાપ બનવું કે એકાદ ઝૂંપડું બાંધવું - આ જ શું માનવ-જીવનની સફળતા છે ? ના. આ બધા તો અસફળતાના પ્રતીકો છે. માનવજીવનની સફળતા તો આ બધાથી પર થવામાં છે.

૦

બધી ઇચ્છાઓ તો ચક્રવર્તી જેવાનીય પૂરી થતી નથી. માટે ઇચ્છાઓને જન્મ આપતા અને પાળતા-પોષતા પૂર્વે વિવેકી બનવું જરૂરી છે. નહિ તો વિવેક વિનાની વાસના, પાગલ બનાવ્યા વિના કેડો નહિ મૂકે.

૦

વાણીમાં વસે, પણ ક્રિયાથી દૂર ખસે, એવું જ્ઞાન શા કામનું ? વાણીમાં વસે અને ક્રિયા આવતા હસે, એ જ જ્ઞાન કામનું !

૦

દુનિયાના દુઃખ માટે જે કરુણ છે. અજ્ઞાનના તિમિર માટે જે અરૂણ એટલે સૂર્ય છે. દુખિયાના દિલને ઠારવા જે વરૂણ એટલે મેઘ છે. એ જ સાચો તરૂણ છે.

૦

પોતાની ભૂલ જે કબૂલે અને સામાની ભૂલ જે ભૂલે, એ જ મહાન બની શકે.

૦

સોગન ખાવા, એ તો અવિશ્વાસનો મોટામાં મોટો પુરાવો છે. નીતિમત્તા જ્યારથી નીચે ઉતરી, ત્યારથી જ સોગન ખાવાની જરૂર પડી. સોગંદે પણ હવે વિશ્વસનીયતા ખોઈ, એથી સહી-સિક્કાની શરૂઆત થઈ. કાલ એવી લાગે તોય નવાઈ નહિ કે, પતરા અથવા પાષાણમાં સહી ઉત્કીર્ણ કરવી પડે.

૦

આજની રહેણીકરણીની આ કેવી દયનીય દશા છે કે, મા-બાપ કૂતરાને બાંધેલો રાખે છે, એથી એ તો આજ્ઞાંકિત રહે છે, પછી સગા સંતાનોને મા-બાપ છૂટ્ટા મૂકી દેતા હોય છે, એથી એ સંતાનો સ્વચ્છંદી બનીને વાતેવાતે મા-બાપની આજ્ઞા પર પગ મૂકવામાં ઉપરથી ગઈ લેતા હોય છે. જેના માટે બંધન જરૂરી ગણાય, એને છૂટોદોર આપવામાં આવે અને જેને વફાદાર કે આજ્ઞાંકિત રાખવા બંધનની જરૂરિયાત જ ન ગણાય, એને બંધનગ્રસ્ત રાખવામાં આવે, તો પછી એ બંગલામાં મુખ્યત્વે માણસોનો વસવાટ હોવા છતાં 'કૂતરાથી સાવધાન' ભસતા અને કરડવા મથતા એ કૂતરાં તો બંગલામાં વસનારા માણસોના શ્વાસ-સ્વભાવનું કર્તવ્ય અદા કરવા સદૈવ સજાગ રહેતા હોય છે.

૦

# સત્ત્વમૂર્તિ સૂરિદેવ

૦ પૂ. આ. શ્રી રત્નચંદ્ર સૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ઉદયરત્ન વિજયજી મહારાજ

''શું થયું સરસ્વતીને ?'' આચાર્યશ્રીનો અવાજ ફાટી ગયો. ''ગુરુદેવ ! એને સૈનિકો ઉપાડી ગયા.'' બોલનાર ધબ્બ કરતા નીચે પડ્યો ! લોકો ભેગા થઈ ગયા આચાર્યશ્રીના મુખપર રોષના વાદળો ઉમટી પડ્યા. બોલનારનો શ્વાસ હેઠે બેસતો નહતો, વેદના એના મનને કોરી ખાતી હતી, આંખમાં આંસુ હતાં, ગળામાં રોષ હતો. તે ધ્રૂજી રહ્યો હતો.

આચાર્યશ્રીએ હેતભર્યા હૈયે પૂછ્યું. ''આખી વાત કહે ભાઈ ! શું થયું ?''

''ગુરુદેવ ! કાળો કેર વર્તાયો છે. મારી સગ્ગી આંખે જોઈને આવ્યો છું. ઝઘડીને આવ્યો છું, મરતાં-મરતાં બચ્યો છું, મરી ગયો હોત, તો સારું થતા. આપને ખબર આપવા જ જીવતો રહ્યો છું ! મારી નજર સામે તરફડતી પંખિણીને જોઈ છે, સદા ધર્મલાભાશિષ માટે ઊંચકાતો એ હાથ હવાતિયા મારતો હતો. લોકો જોઈ રહ્યા. કોઈએ કશું જ ન કર્યું, ગુરુદેવ ! મારાથી ન રહેવાયું. હું સામો થયો અને માર ખાઈને પાછો આવ્યો, ગુરુદેવ ! ક્ષમા કરો.'' કહેનાર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. એણે છેલ્લે એટલું જ કહ્યું હવે આપ પગલાં ઉઠાવો.

સરસ્વતી ! જૈનસાધ્વી ! પૂર્વાશ્રમની રાજકુમારી ! રાજતેજ એની કાયાને દીપાવે છે. પૂર્ણ વસ્ત્રાવૃત કાયા પણ ઝગારા મારે, રૂપ કાયાની પ્યાલી છલકાવીને બહાર ઢોળાય. આર્ય કાલક ! જૈનાચાર્ય ! પ્રચંડ પ્રતાપી ! સરસ્વતી સાધ્વીના મા-જણ્યા સગ્ગા ભાઈ ! સહદીક્ષિત ! પૂર્વના રાજકુમાર ! ક્ષાત્રતેજથી દીપતી કાયા પર વૈરાગ્યના વસ્ત્રો ! જીભ પર સાક્ષાત્ શારદા રમે ! આંખો સદા નેહ નીતરતી ! જીવન શુદ્ધ ચારિત્રપાત્ર ! આવા આચાર્ય કાલકની આંખમાંથી અંગારા ઉઠ્યા. તેમણે માથું ધૂણાવ્યું. એમનાં અંગેઅંગે આગ જાગી : બહેન સાધ્વીની શીલરક્ષા કાજે શું માટે જ કેસરિયાં કરવા પડશે ?

સરસ્વતીસાધ્વીને રાજાગર્દભિલ્લ ઉઠાવી ગયો છે. રૂપાળા સાધ્વીજીના શીલ ખંડનનો તેનો બદઈરાદો છે. નગરમાં હાહાકાર થઈ ગયો છે. સતી સાધ્વીજીએ ઉપવાસ આદર્યા છે. આચાર્યકાલકે તનતોડ પ્રયાસ જારી રાખ્યા છે. રાજાની સામે પડવાં કોઈ તૈયાર નથી. ગામના આગેવાનોનું રાજા દ્વારા અપમાન થઈ ચૂક્યું છે. કાલક સૂરિજીની આગ ઝરતી વાણીએ લોકોને ઝકઝોરી નાંખ્યા છે. પણ પ્રજાનું સત્ત્વ જાગતું નથી. પ્રજા કાંઈ બોલવા તૈયાર નથી, ધર્મ માટે મરવા કોઈ તૈયાર નથી, અધર્મનો પગપેસારો ન-છૂટકે સૌ સહન કરી રહ્યા છે, રાજ્ય હાહાકાર કરી રહ્યું છે, રાજાએ દરબાર ભરવો બંધ કર્યો છે. રાજમહેલમાં આવતાં દરેકની પૂર્ણ તપાસ થાય છે. સરસ્વતી સાધ્વીના બંધન તૂટવા અશક્ય છે. રાજા ગર્દભિલ્લ હુંકાર કરી રહ્યો છે : કોણ છે મને જીતનાર ? ભૂગર્ભ સળગી રહ્યું છે. કોને ખબર છે. ક્યારે શું થશે ?

૦

પસીનાથી તર-બતર દેહમાંથી પડકાર ઉઠે છે : તમે શું કરી શકો તેમ છો ?

સભા મૌન છે ! પડકાર થાય છે : શું તમારામાંથી સત્ત્વ પરવારી ગયું છે ? સભા મૌન છે. પુનઃ પુણ્ય-પ્રકોપ ઠલવાય છે. માત્ર ખાલી-ખાલી વાતો કરવા, ચર્ચા કરવા જ તમે ભેગા થયા છો ? એક સતી સાધ્વીના શીયળની રક્ષા કરવા માટે તમે આટલા બધા માયકાંગલા બની શકો છો ? આવી મને ખબર નહોતી, હવે મારો ભ્રમ ભાંગી ચૂક્યો છે. અત્યાર સુધી ધર્મનો ઉપદેશ સંભળાવનારા મેં તમારી પાસે આવી અપેક્ષા રાખી ન હતી, હું પૂછું છું તમને ? આજે મારી બહેન સાધ્વીની આ હાલત છે. કાલે કદાચ તમારી મા-બેટીની આવી હાલત થશે, તો તમે સહન કરી શકશો ? તમારી ધર્મરક્ષાની વાતો ક્યાં ગઈ ? તમારી ધર્મપ્રિયતા ક્યાં ગઈ ? તમારી શાસન સુરક્ષાની વાતો શું માત્ર વાગ્વિલાસ જ હતો ? શું આમાંથી એકે માઈનો લાલ નહીં નીકળે કે, જે રાજા સામે અવાજ ઉઠાવે ?

સભા મૌન છે. મૌન આર્યકાલકને વધુ અકળાવે છે.

''આચાર્ય કાલકની વાત સાંભળી ?'' એક ભાઈએ પૂછ્યું. ''ના ભાઈ !'' આ જવાબ સાંભળીને પેલા ભાઈએ વિગત જણાવી. ''એ તરવરીયા યુવાચાર્યને જબ્બર આઘાત લાગ્યો છે. પોતાની સગી બહેનને જુલમી રાજા ગર્દભિલ્લ ઉઠાવી ગયા પછી કાલકાચાર્યે આખી નગરીમાં શેરીએ-શેરીએ આગ ઝરતાં પ્રવચનો કરીને લોકોને જગાડવા પ્રયત્ન કર્યો. ? પણ કોઈ બચ્ચો સત્તા સામે પડવા તૈયાર થયો નથી.''

''પણ ભાઈ ! ક્યાંથી તૈયાર થાય ? રાજા કાળ જેવો છે. પ્રજા શું ? બીજો રાજા પણ એને જીતવા સમર્થ

નથી, ગર્દભી વિદ્યાનો પ્રચંડ સાધક છે, એની આ વિદ્યા માત્રથી જ શત્રુસૈન્ય ગાય જેવું થઈ જાય ! પછી તેની સામે કોણ પડે ? પછી કાલકાચાર્યનું તો શું ગજું ?''

''કાલકાચાર્યનું શું થયું, એ તો તમે કહ્યું જ નહીં !''

''અરે ! તેઓએ તો પ્રતિજ્ઞા કરી છે કે, આ ગર્દભિલ્લને અહીંથી ઉખેડીને ફેંકી દઈશ અને તેનાં આ દુષ્કૃત્યનું પ્રાયશ્ચિત કરાવીશ ! આ નગરી અને આ પ્રજા સત્ત્વહીન છે. અહીંના પુરુષો પૌરુષત્વ વિનાના છે. અહીં અધર્મ છે. હવે અહીં ધર્મની સ્થાપના કરીશ. સમજાવટથી કામ સર્યું નથી. હવે હથિયાર ઉગામીને કામ કરાવીશ.''

''તો રાજા ગર્દભિલ્લે કાંઈ કર્યું નહીં ?''

''એણે તો આચાર્યશ્રીનું અપમાન કર્યું : ઘોર અપમાન !''

''રાજાને સમજાવવા આચાર્ય ગયા. તો રાજાએ કહ્યું : એ મૂંડિયાને મારે મળવું નથી, એ વધારે પડતાં બોલકણાંને કહી દો કે, સરસ્વતીને, તારી બહેનને હું રાણી બનાવીશ, હું તારો બનેવી થઈશ.''

''આટલું બધું શી વાત કરો છો ?''

''અને પછી કાલકાચાર્યે તો પ્રતિજ્ઞા કરી. ''

રાજા હસતો રહ્યો. કાલકાચાર્ય પ્રતિજ્ઞા લઈને નીકળી પડ્યાં. મને તો ચિંતા થાય છે કે, શું થશે હવે ?''

''થવાનું શું હોય ? કાલકાચાર્ય ગમે તેટલા ધમપછાડા કરે. કાંઈ થવાનું નથી, લોકો થોડીવારમાં બધુ ભૂલી જશે. આ તો રાજા છે.''

''રાજાને ગમે તે રાણી ! આમાં આપણે શું કરી શકીએ ?'' નીરવ અંધકાર. ઘેઘૂર રાત. સૂકા પાંદડાનો ખડખડાટ ભય પેદા કરાવે છે. કૂતરાં શાન્ત છે. તમરાનો અવાજ વધુ મોટો લાગે છે. અંધારું સફેદ આકડાના ઝૂંડથી ભયાનક દીસે છે. વિશાળ વડલા માથે પક્ષીઓ લપાઈને નિદ્રાના શરણે સૂઈ ગયા છે. વટવૃક્ષની બખોલમાં માત્ર બે આંખો તગતગે છે ઘુવડની !

અંધારામાંથી ઉગ્યો હોય તેવો ઘોડેસવાર વડલા નીચે આવીને ઉભો રહ્યો. બે ક્ષણ તમરા બોલતા બંધ થયા. ઘોડાએ ઝીણી હણહણાટી કરી. સવાર કૂદકો મારી નિર્ભયપણે નીચે ઉતર્યો. અંધારામાં પણ તેના ખભે ભરાવેલ ધનુષ્ય-બાણ જોઈ શકાતા હતા. તંગ બાંધેલું અંગરખું તેનું વિશાળ વક્ષસ્થળ દર્શાવતું હતું. તેના વાળ હવામાં ફરફરી રહ્યા છે. ફાટફાટ થતી જવાની હોવા છતાં એના ચહેરા પર વ્યથા હતી. એ વટવૃક્ષની નીચેના ઓટલા ઉપર આવીને બેઠો. અશ્વ પણ એની મનોવ્યથા પારખી તેની પાસે આવી ઊભો.

વિશાળ નયનોમાં અપાર વેદના સાથે યુવાન ઘડીક ઊભો થઈને આંટા મારવા લાગે છે. ઘડીક આકાશ ભણી જોઈને એ નિશ્વાસ મૂકે છે. ઘડીક મુઠ્ઠી પછાડે છે. હોઠ ફફડાવે છે. અશ્વ દોડતો આવી તેને વહાલ કરે છે. અશ્વની પીઠ પર હાથ મૂકી વિચારણામાં ચડી જાય છે. તેની નીંદ હરામ છે. તેનું ચૈન ખોવાયું છે. પળ પછી કંઈક નિશ્ચય થાય છે. અને એ યુવાન ઠેકડા મારી અશ્વના પેગડામાં પગ ભરાવી ઘોડો દોડાવી મૂકે છે.

દિવસના અજવાસમાં લોકો આ અજીબ યુવાનને જોયા કરે છે. એની વાતો વિચારણીય લાગે છે, અનુસરણીય પણ લાગે છે. પણ અનુસરણ કે અનુકરણ કોઈ કરતું નથી. રાજકુમાર લાગે છે કોઈ દેશનો ! તેના વદન પર ક્ષાત્રતેજ રમી રહ્યું છે. ''અલ્યા ભાઈ ! રાજકુમાર તો છે જ. પણ બીજી ઓળખાણ આપું ?''

''બોલોને ભાઈ !''

''આ તો પેલા સરસ્વતી સાધ્વીના ભાઈ કાલકાચાર્ય છે ! તેઓ કહે છે : પહેલાં અહીંના રાજાને, રાજ્યને, રાજ્યની પ્રજાને આ પાપનું પ્રાયશ્ચિત કરાવીશ, પછી હું પ્રાયશ્ચિત કરીશ. કોઈક કહે છે : આ રીતે સાધુવેષ છોડાતો હશે ? કો'ક કહે છે : પ્રજા ના જાગે ત્યારે સંતોને જાગવું જ પડે છે ને ? કોઈક કહે છે : મૂળ તો રાજબીજને ? ગમે ત્યારે એનું શૌર્ય જાગી જ ઉઠે. આવા અન્યાયને જોઈને તો ખાસ !

લોકો આમ વાતો કરતાં રહ્યા અને યુવાન કાલકાચાર્યને ભૂલતા રહ્યા. દિવસો, મહિના વીતતાં ગયાં. કાલકાચાર્યના કોઈ સમાચાર નથી. લોકો ઘટનાને ભૂલવા આવ્યાં. કાલકાચાર્ય ક્યાં હતા ?

o

હાહાકાર થઈ રહ્યો, યુદ્ધભેરી બજી ઉઠી. ધૂળ ઉડતી રહી. દૂરથી જાણે સમંદર આવે છે. માનવોનું રૂપ ધરીને ! પૃથ્વીને ધમરોળતું સૈન્ય આગળ વધી રહ્યું છે. રાજા ગર્દભિલ્લ નચિંત છે. તેને પોતાની વિદ્યાસાધના પર જબ્બર વિશ્વાસ છે. લોકો પૂછી રહ્યા છે : અચાનક આ યુદ્ધ ક્યાંથી ? જવાબ ચોંકાવનારો મળે છે : કાલકાચાર્ય શકરાજાઓને લઈને આવે છે યુદ્ધ કરવા ! પોતાના ધર્મને થયેલો અન્યાયનો બદલો લેવા ! લોકોને ભાવિના અગમ્ય

એંધાણ વર્તાવા લાગ્યા. શકરાજાઓને છેક સિંધુનદીની પેલેપારના પ્રદેશમાંથી અહીં સુધી ખેંચી લાવનાર એકલવીર કાલકાચાર્ય શકરાજાઓના નેતા બન્યા હતા. હજી તે અશ્વારોહી હતા, પણ અંતરથી વ્યથિત હતા. વિરાધનાનાં દુઃખથી તેઓ ચિંતિત હતા. એક તરફ સ્વધર્મરક્ષા હતી, બીજી તરફ સ્વસંયમરક્ષા હતી. બંનેને સાચવવી હતી. અપવાદ માર્ગનું સેવન ન છૂટકે કરેલું હતું. તેમણે શકરાજાઓને દોસ્ત બનાવ્યા હતા, પણ રાજાઓ તો તેમને ગુરૂ માનતા હતા. કાલકાચાર્યની સામે માથું ઝૂકાવી રાજાઓ હારબદ્ધ ઊભા રહેતા : સ્વામી ! આદેશ કરો !

વિનંતિનો મળ્યો : જવાબ મળતો.

'મારે તમને આજે અગત્યની વાત કરવી છે. આ વાત ખૂબ જ ગંભીર છે.

ધર્મયુદ્ધની આ વાત છે. અધર્મનું જોર જ્યારે વધી જાય છે, ત્યારે ધર્મની ઉપસ્થિતિ સામે જોખમ ઊભું થાય છે અને સત્ત્વશાળી પુરુષો જો અધર્મની ચેષ્ટાને ચલાવી લે, તો પાપના ભાગીદાર તેઓ પણ બને છે. મારી ભગિની સરસ્વતી સાધ્વીની શીલરક્ષાનો પ્રસંગ એ ધર્મયુદ્ધનો પ્રસંગ છે. આ પ્રશ્ન માત્ર મારી બહેનનો જ નથી, સમસ્ત જગત માટે અંકિત મર્યાદાને વધુ મજબૂત બનાવવાનો આ સવાલ છે. જગતની સંસ્કૃતિનો, શીલરક્ષાનો, શાલીનતાનો, સુરૂચિપૂર્ણ વ્યવહારનો આ સવાલ છે. આપણું યુદ્ધ ધર્મયુદ્ધ હોવાના નાતે તે પૂર્ણતઃ જીતમાં જ પલટાવવાનું છે. પણ એ જીતનો નશો તમારે જીરવી જાણવાનો છે. રાજાઓની સુખશીલતા અને બેહદ તુમાખીશાહી રાજ્યનો નાશ નોંતરીને જ રહે છે. ગર્દભિલ્લની દશા એ જ થવાની છે. એની તુમાખીએ જ એના સૈન્યમાં બે ભાગ પાડી દીધાં છે. તેઓ ભંગાણના આરે છે. આપણે સંપીલા છીએ. આ સંપ, સ્નેહ સદ્ભાવ કાયમ ટકાવી રાખજો. તેઓની નબળાઈ આપણી નબળાઈ ન બને તે ખ્યાલમાં રાખજો, યુદ્ધ પૂરું થયા પછી એક દિવસ પણ હું તમારી સાથે નહિ હોઉં. મારે મારી સંયમ સાધના સાથેના તાર ફરી સાંધવાના છે.'

''ના, સ્વામી ! ના રાજ્ય જીતાય તો ઠીક છે, ન જીતાય તોય ઠીક છે, પરંતુ હવે તો આપ જ અમારા સ્વામી ! આપનું જવું અમને પાલવે તેમ નથી ! વળી ગુપ્તચરો દ્વારા મળેલી બાતમી ચિંતાજનક છે. એક ચિંતાજનક સમાચાર છે કે ગર્દભિલ્લ ગર્દભી વિદ્યાની ત્રણ દિવસની સાધના આવતીકાલથી આરંભવાનો છે. ત્રણ દિવસના અંતે ગર્દભી વિદ્યા એને સિદ્ધ થશે, ત્યારે મંત્રપૂત ગર્દભ ભયંકર હદે ભૂંકશે. અને એ ભૂંકવાનો ભયાનક કર્કશ અવાજ જેવો આપણાં હાથી-ઘોડા ખચ્ચર વગેરે પશુઓ તેમજ શૌર્યવાન-બળવાન સૈનિકો સાંભળશે, એટલે તરત જ બધા સાવ નિર્વીર્ય, નિર્બળ અને શૌર્યહીન થઈ બકરી જેવા થઈ જશે. પછી તેમનું સૈન્ય આપણા પર તૂટી પડશે. ભયંકર સમાચાર છે સ્વામી !''

સહુ આચાર્યના મુખ ભણી જોઈ રહ્યા. ઓજસથી દીપતાં એ ચહેરા પર તો પરમ શાન્તિ જ પથરાયેલી હતી. ભયાનક સમાચારની કોઈ અસર તેમના ચહેરા પર દેખાતી ન હતી. તેમના હોઠ ભીડાયા. આંખો બંધ થઈ. અને હોઠ ખુલ્યા, ત્યારે એક જ વાક્ય બહાર આવ્યું.

''નિશ્ચિંત-નિર્ભય રહો, ચાલો ! તૈયારી કરો, બે જ દિવસમાં ગર્દભિલ્લની નગરીની બહાર પહોંચી જવાનું છે સાવધાન !''

o

છેલ્લો દિવસ. છેલ્લી રાત્રિ. નગરજનો ભયાક્રાંત હૈયે ઘરનાં દરવાજા ભીડીને બેઠાં, કાનમાં પૂમડાં નાખીને સૌ નિદ્રાધીન થયા. નિદ્રા તો ક્યાંથી આવે ? અંદાજ બંધાતો હતો કે, હમણાં જ ગર્દભ ભૂંકશે, સ્તબ્ધતા ચોમેર છવાશે, હાથી મોઢામાં સૂંઢ નાંખીને ખૂણામાં ભરાઈ જશે. ઘોડા કાન ઊંચા કરીને લપાઈ જશે. બીજા પ્રાણીઓ તો જીવી શકશે કે કેમ ? એ સવાલ છે. ભયંકર અવાજ આવશે. બાળકોને તો કાનમાં રૂ નંખાવીને ઠેઠ અંદરના ઓરડામાં સુવડાવવામાં આવ્યા છે. સમંદર જેવું શકસૈન્ય ઉંઘતું ઝડપાશે. બિચારા જીતવા આવ્યા હોવા છતાં એ બધા મોઢું નહીં બતાવી શકે. હાહાકાર થઈ જશે. ગર્દભિલ્લરાજાનો જયજયકાર થઈ જશે. આમ તરેહતરેહની કલ્પનાના ઘોડા દોડી રહ્યા છે.

કિલ્લાના દરવાજા બંધ છે. તોતિંગ દરવાજા આજ સવારથી ભીડાયેલા છે. બહાર શકસૈન્યની છાવણી પડી છે. સરસ્વતી સાધ્વીનું શીલ અત્યાર સુધી સચવાયું છે. ગર્દભિલ્લ સાધ્વીજીને કાંઈ કરી શક્યો નથી. સાધ્વીજી ટસના મસ થતા નથી. તપના તેજ ગર્દભિલ્લને આગળ વધવાં દેતા નથી. જૈનસંઘ જાપમાં મગ્ન બન્યો છે. સહૃદયી પ્રજા રાજાના અધર્મની વિરુદ્ધ છે. લગભગ પ્રજા ગર્દભિલ્લથી ખફા છે. એ વિચારે છે : કાલક આચાર્ય જીતી જાય તો કેવું સારું ? આવી સરેરાશ પ્રજાજનની ઇચ્છા છે. રાજસત્તાના જોરે પ્રજાનું મોઢું દબાવી દેવામાં આવ્યું છે. સૈન્ય પણ બે ભાગમાં વહેંચાયું છે.

ગર્દભિલ્લને કોઈ કશું જ કહી શકે તેમ નથી. આજે

તેની સાધનાનો અંતિમ પડાવ છે. મધ્યરાત્રિએ વિદ્યા સિદ્ધ થશે. કાલકાચાર્ય હારી જશે તો ? આ કલ્પના જ ભયાનક છે. તો તો જગતની એકે સ્ત્રી સલામત નહીં રહે ! કોઈની મા-બહેન-બેટી-વહુ બહાર નહીં નીકળી શકે ! ઓહ્ ! શું થશે હવે ? નગરજનો ભય વિહ્વળ છે.

આ તરફ ભેંકાર રાત્રિના પ્રારંભમાં શકરાજાઓ ભેગા થયા છે. સેનાપતિઓ ચિંતામગ્ન હૈયે બેઠા છે, સામે ઓટલા પર આચાર્યકાલક બિરાજમાન છે. વિનંતિ કરે છે.

''સ્વામી ! આજ્ઞા ફરમાવો. શું કરવાનું છે ?

કાલકાચાર્યનો જવાબ હતો : તમારી સહુની ચિંતા મને સમજાય છે. આ સેનાપતિઓની વ્યાકુળતા મને ખબર છે. અત્યાર સુધી શું કરવાનું છે, તે મેં તમને બતાવ્યું નથી. તેમાં વાતની ગુપ્તતા જળવાય તે જ એકમાત્ર હેતુ છે. આજે આ ગુપ્ત રહસ્ય પરથી પડદો હઠાવવો છે. સાંભળો :

સહુએ એકતાન થઈ કાન સરવા કર્યા. શબ્દો સંભળાવા માંડ્યા : ગર્દભિલ્લ રાજાએ સાધના માંડી છે. આજે હમણાં જ થોડી ક્ષણોમાં તેની સાધના સિદ્ધ થશે. હવે જ ખરાખરીનો ખેલ છે. જો આ ખેલમાં જરાક પણ નિષ્ફળ ગયા, તો સમજજો કે બાજી આપણા હાથમાં નથી. જો જરાક શરતચૂક થઈ તો જાન બચાવવા તમે નીકળી જજો. મારું તો જે થવાનું હશે તે થશે. પરંતુ વિપરીત કઈ જ થવાનું નથી. મારો વિશ્વાસ છે કે, ધર્મની રક્ષા માટેનું યુદ્ધ ક્યારેય નિરાશામાં નહિ જ પલટાય ! આપણે યુદ્ધ કરવું પડ્યું છે, તો આપણે અહિંસક યુદ્ધ જ કરીશું. જીવવિરાધના રહિત તે યુદ્ધ હશે ! આપણે જીતવાના જ છીએ. જીત મળ્યા બાદ કોઈ જાતની લૂંટફાટ કરશો નહિ. આપણું કાર્ય ધર્મનું છે. માટે અધર્મ જરાય આચરશો નહિ.''

''પ્રભુ ! પણ આ ગર્દભી વિદ્યાનું શું ? તે આપણી સેનાને હત-પ્રહત નહિ કરી દે શું ?''

આચાર્યકાલકે જવાબ વાળ્યો : રાજન ! એ જ કહું છું. એની જ વાત કરવી છે. ગર્દભી વિદ્યા ભયંકર છે. તો તેનો પ્રતિકારક ઉપાય પણ છે. આપણે તેમાં સફળ જ થઈશું. મારે ચુનંદા ૨૫ બાણાવલી જોઈએ છે. જે ધાર્યુ નિશાન પાર પાડી શકે. અંધારામાં નિશાન તાકી શકે ! મને મળી શકશે આવા બાણાવલી ?

''હા સ્વામી ! ચોક્કસ ! એવા કેટલાય બાણાવલી આપણી પાસે છે ! આપની સેવામાં જ હાજર છે.' આપણે જંગજીત્યા !' એમ સમજી લો.

તો તો રાત્રિનો એક પ્રહર વીતી ચૂક્યો છે. આ બીજા પ્રહરના અંતમાં વિદ્યા સિદ્ધ થવાની છે. આપણે સૌએ કિલ્લા સામે ગોઠવાઈ જવાનું છે. સામે કિલ્લા ઉપર એક ગર્દભ ઊભો છે, તેને નિશાન તરીકે તાકીને ઊભું રહેવાનું છે. હું શબ્દવેધી બાણવિદ્યાનો સાધક છું. ગર્દભ જેવો મંત્ર સિદ્ધ થઈ જશે, એટલે તે ભયજનક રીતે ભૂંકવા મોઢું ખોલશે. આનો થોડોક પણ અવાજ આવશે. એટલે મારું શબ્દવેધી બાણ તેના મોઢાને વીંધી નાંખશે. મારું બાણ જે દિશામાં જાય, તે દિશામાં આપણા ચુનંદા સાથીઓએ સન... સન... કરતા બાણ ઉપર બાણ છોડવાના બાણનો એ મારો ગર્દભનું મોં સીવી નાંખશે. પછી તો આપણી ફતેહ સફર જ છે. માટે ચાલો, ઝડપથી પચ્ચીસ યુવા ધનુર્ધારીઓ સજ્જ થઈને આગળ આવી જાય.''

o

માત્ર પચ્ચીસ ધનુર્ધારીઓનું જુથ ઊભું છે. સૂરજના વિયોગ પછીની ચાંદની-વિહોણી રાત વાતાવરણને વધુ ભયંકર બનાવી રહી છે. સામે થોડે દૂર આખું નગર અજંપામાં પડ્યું છે. ઘોર અંધકારમાં નગરને ફરતા કિલ્લા પર માત્ર એક દીવો ટમટમી રહ્યો છે. બાજુમાં કોઈ પશુ ઊભું હોય, તેવો પડછાયો પાડતી કોઈ આકૃતિ દેખાતી હતી. ત્યાં નાનકડો અગ્નિકુંડ બાજુમાં જ બનાવ્યો હોય, તેવું લાગતું હતું. ક્યારેક તેની જ્વાળાઓ ઉપર ઉઠતી, ત્યારે જ તે કુંડ જોવા મળતો. સૈનિકો કિલ્લા પર એક તરફ હતા. હવનકુંડની બાજુમાં કોક માનવઆકૃતિ દેખાતી હતી, એ સિવાય નરી સ્તબ્ધતા છવાયેલી હતી.

આચાર્ય કાલક અશ્વારૂઢ હતા, પાછળ પચ્ચીસ અશ્વારોહી હતા, અને તેમની પાછળ થોડે દૂર આખું સૈન્ય જાગતું બેઠું હતું. સરસેનાધિપતિ કાલકે શરસંધાન કર્યું. પાછળ પચ્ચીસે રણબંકા ધનુર્ધર યોદ્ધાઓએ ધનુષ્યની પણછ ખેંચી. સહુની નજર નગરના કિલ્લા પર મંડાઈ રહી. અચાનક જ સામે અગ્નિકુંડમાં ભડકો દેખાયો. જ્વાળા ઉપર ઉઠતાની સાથે જ બાજુમાં જ ઉભેલો ગર્દભ નરી નજરે દેખાયો. માનવાકૃતિ પણ સ્પષ્ટ જોવાઈ. જ્વાળામાં 'ઘી'ની આહુતિ અપાઈ અને ગર્દભે ભયંકર અવાજ કરવા નાભિમાંથી શ્વાસ ખેંચીને મોઢું જ્યાં ખોલ્યું, તીણા અવાજનો અંશ બહાર ફેંકાયો, અને એની સામે આ તરફ તરત જ સ. ન... ન... ન... સ.. ન... ન.. ન સ.. ન.. ન.. ન.. ન.. કરતા શબ્દવેધી પચ્ચીસ જેટલા તીર એક સામટા છૂટ્યા. ગર્દભ અવાજ કાઢે, તે પહેલાં જ તેનું મોઢુ સિવાઈ ગયું. કાલક આચાર્યનું બીજું બાણ છૂટ્યું. બાજુમાં બેઠેલી

માનવાકૃતિની ચીસ હવામાં ફેલાઈ. કિલ્લા પરની નાસભાગ નજરે કળાઈ. આચાર્ય કાલકની રણહાક વાતાવરણમાં ગુંજી ઊઠી;

''ચલો, સાથીઓ ! ફતેહ છે આગે !''

અને જાણે ધસમસતું પૂર આવ્યું. નગરના દરવાજા સાથે એ ભટકાયું. ક...ડ...ડ...ડ... ક...ડ...ડ દરવાજા તૂટ્યા: નગરરક્ષકોએ હથિયારો હેઠા મૂક્યા.' વિરોધ કરવાની કોઈની તાકાત નહોતી. નગરી પર અને મિનારા પર લહેરાતાં ધ્વજ બદલાયા. આતતાયી ગર્દભિલ્લ પણ જીવતો પકડાયો. મંત્રીમંડળે મસ્તક ઝૂકાવી દીધું. પ્રજા જાણે ઉત્સવ સમજીને નૃત્ય કરવા લાગી. ઢોલ, નગારા, ત્રાંસા, યુદ્ધ ભેરી ઝાલટ બધા વાજીંત્રો એકી સાથે વાગવા માંડ્યા. શોભાયાત્રા નીકળી. શકરાજાઓ કાલકાચાર્યના દાસ હોય, તેમ આચાર્યને ઊંચકીને ચાલવા લાગ્યા.

આચાર્ય કાલકે સહુને શાન્ત કર્યા. તેઓ સહુ સાધ્વી સરસ્વતી જ્યાં હતાં, ત્યાં પહોંચ્યા. ભાઈ-બહેનની નજરના તાર સંધાયા. હૃદયમાં ભાવની ભરતી ચડી આવી. બહેન ગદ્ગદ્ કંઠે બોલી : ભાઈ !

ભાઈ બોલી ન શક્યા. બંને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં. સરસ્વતી સાધ્વીજી બોલ્યા : મારા કારણે ભાઈ ! આ બધું થયું ? જોનારા રડી પડ્યા. વાતાવરણ ગમગીન બની ગયું. હર્ષ-શોક અને અશ્રુ-સ્મિતનું મિશ્રણ ત્યાં સધાયું.

આચાર્ય કાલક જોતા રહ્યા. બહેન સાધ્વીનું શરીર નંખાઈ ગયું હતું. ભાઈ-બહેન બંને બહાર આવ્યા. ચોગાનમાં લોકોની ભીડ જામી હતી. શક સૈન્ય વ્યવસ્થામાં લાગી ગયું હતું. વિરોધીઓ કારાગારમાં નંખાતા હતા. રાજાની કચેરી પરનો સમસ્ત વહીવટ હસ્તગત થતો જતો હતો. સૈન્ય પર કાબૂ મેળવાઈ ચૂક્યો, રાજ્યના ખજાના પર શકસૈન્યના અધિકારી ગોઠવાઈ ગયા. પલકારા જેટલા સમયમાં જ બધું ફટાફટ બદલાઈ ગયું.

રાજમહેલમાં પ્રવેશ થયો. શકરાજાઓએ ઝૂકીને આચાર્યને આગળ કર્યા. રાજસિંહાસન પર બેસવા આમંત્રણ આપ્યું. આચાર્ય એક ઊંચા ઓટલા ઉપર ઊભા રહ્યા. તેમણે પ્રજાને સંબોધી.

પ્રજાજનો ! આજે ધર્મયુદ્ધ અહીં પૂરૂં થાય છે. જ્યારે પ્રજાજનો સત્ત્વ અને શૂરાતનહીન બને છે, ત્યારે સંતોએ સમશેર હાથમાં હાથ માં લેવી પડે છે. અહીંની નગરી અધર્મની રાજધાની બની હતી. અહીંનો રાજા અધર્મનો શહેનશાહ બન્યો હતો. અહીંની પ્રજા નાદાન બની હતી. આજે હવે અહીં ધર્મની પુનઃ સ્થાપના થશે. મારા જીવનમાં અત્યંત કદરૂપી કહાની અહીં ઘટી છે. મારે સાધુવેષને તત્પૂરતો ત્યાગીને હથિયાર સજ્વા પડ્યા. આ કલંકિત કહાની અહીં સર્જાઈ. તમને જગાડવા માટે જ મા રે આ કાર્ય કરવું પડ્યું.

શકરાજાઓ સમક્ષ ફરીને આચાર્ય કાલકે કહ્યું : આ રાજ્ય, આ સંપત્તિ, આ પ્રજા, આ સૈન્ય આ સમૃદ્ધિ હવેથી તમારી છે. પરંતુ તમે તેને સ્વાર્થમૂલક દૃષ્ટિથી તમારી માનશો નહીં. કરેલાં કર્મ કોઈને છોડતાં નથી. આટલું યાદ રાખજો. પ્રજા સાથે પુત્રવત્ પ્રેમ કરજો. સંપીને રહેજો. મારું કાર્ય પૂર્ણ થયું છે. હવે હું મારા માર્ગે ચાલ્યો જઈશ. આપવાદિક આચરણની હું શુદ્ધિ કરીશ. ફરી સંયમધર્મમાં લીન બનીશ. રાજા ગર્દભિલ્લને દેહાંતદંડ આપશો નહીં. તેનાં કરેલાં પાપ તેને આ ભવમાં જ નડી ચૂક્યા છે. યોગ્યશિક્ષા જરૂર કરશો, જેથી સમાજમાં દુષ્ટતત્ત્વોને પાપના ફળની જાણ થાય. બસ, આથી વધુ કઈ કહેવું નથી. અલવિદા !

''નહીં સ્વામી ! આ રાજ્ય આપનું જ છે, આપે જ આને સંભાળવાનું છે. અમે આપના સેવક થઈને જ રહીશું !'' શકરાજાઓ વિનવી રહ્યા.

આચાર્ય કાલકે તેમને વાર્યા, સમજાવ્યા, સંયમધર્મની મહત્તા દર્શાવી. રાજાઓએ નત મસ્તકે અશ્રુપૂરિત નયને આચાર્યકાલકની આજ્ઞાને શિરોધાર્ય કરી. ગર્દભિલ્લને બોલાવવામાં આવ્યો. તે મુખંમાં તરણું પકડીને જાણે આચાર્યની ગાય હોય, તેમ જીવનની ભીખ માંગી રહ્યો. પોતાની પ્રજા સમક્ષ પોતાની આ નામોશી જ તેના માટે સજા હતી. તે શરમથી મરણતોલ થઈ ગયો. રાજસૈનિકો તેને પાછો લઈ ગયા. પ્રજાએ ફિટકાર વરસાવ્યો. શકરાજાએ રાજ્ય સંભાળ્યું.

આચાર્ય કાલક ફરી જૈનાચાર્ય કાલકસૂરિ બનવા માટે જંગલની કેડીએ ચાલી નીકળ્યા, રાજા પ્રજા ભીનાં નયને આ નિસ્પૃહી નરબંકા મહાત્માને જતાં જોઈ જ રહી.

સરસ્વતી સાધ્વી ફરી સાધ્વી સંઘમાં સમાવિષ્ટ થઈ ગઈ. જૈનધર્મનો જયજયકાર થઈ ગયો. આચાર્ય કાલકસૂરિને જૈનસંઘે ફરી આવકાર્યા. તેમણે પોતાની સંયમ આરાધનાને ખૂબ ખૂબ નિર્મળ બનાવીને સાધનામય જીવન દ્વારા થયેલા પાપની આલોચના કરી.

પ્રકાંડ વિદ્વતા અને અપાર પ્રભાવના દ્વારા જીવનને અજવાળીને જિનશાસનની આન-બાન-શાન બઢાવી જનારા આચાર્ય કાલકસૂરિ મહારાજને વંદન હો, વંદન હો, વંદન હો.

# ચેતન ! જ્ઞાન અજવાળજે

૦ પૂ. મુનિરાજ શ્રી પ્રશમરતિ વિજયજી મહારાજ

## ૦ વાચક જશ વિરચિત 'અમૃતવેલ'ની નાની સજ્ઝાયનો રસાસ્વાદ ૦

### ૨૧. ગારવ પંકમાં મત લુલે

મનગમતી વસ્તુ મળી તેનો આનંદ થાય. મળેલી વસ્તુ હવે મારા કબજામાં જ છે. હું ધારું તે મુજબ આ મનગમતી બાબતનો આનંદ મેળવી શકું છું તેનો ભૌતિક સંતોષ એ ગારવ. સુખનો સ્વાદ લેતી વખતે આસક્તિ હોય છે. સ્વાદ લઈ લીધા પછી તૃપ્તિનો અનુભવ થાય તે ગારવ. સંસારમાં સુખી હોવાનો રાજીપો તે ગારવ. આસ્વાદ માણવા મળે છે તો આસ્વાદ માણીએ તે આસક્તિ. આસ્વાદ માણી લીધા પછીનો ધરવ તે તૃપ્તિ અને તૃપ્તિથી રાજી થવું તે રસગારવ. સંપત્તિ મળે છે. તેની ખુશી થાય છે તે આસક્તિ. મળી ચૂકેલી સંપત્તિનું વળગણ તે પરિગ્રહ અને પરિગ્રહનો રાજીપો તે ઋદ્ધિગારવ. શરીર તંદુરસ્ત છે તેને લીધે શરીર દ્વારા ધાર્યા મુંજબ બધા કામ થાય છે તે શરીરની આસક્તિ. શરીર દ્વારા મળતા સુખોનું મૂળ શરીરનું સ્વાસ્થ્ય છે તે સ્વાસ્થ્ય અંગેનો હરખ તે શરીરનો મોહ અને આ મોહમાં મસ્ત બની રહેવું તે શાતાગારવ. મળ્યું છે તે ખૂબખૂબ ગમે છે તેવી માનસિકતા એ ગારવ છે. મમતા ઊંડાણમાં ઉતરે ત્યારે ગારવ બને છે. મમતા પાણી છે. ગારવ બરફ છે. તને સંસારની દૃષ્ટિએ શ્રેષ્ઠ કહી શકાય તેવું જે કાંઈ પણ મળ્યું છે તે તારું પુણ્ય છે. તારી નજર કેવળ પુણ્ય પર રહેવી જોઈએ. મળેલી વસ્તુઓનો ઉપયોગ અને ઉપભોગ, તેનાં મૂળમાં રહેલા પુણ્યને ધીમે ધીમે ખતમ કરે છે. લાંબા સમયથી અત્યંત સુખી હોનારો સમજી નહીં શકે કે પુણ્ય ખૂટે છે તે દેખાતું કેમ નથી ? આ બાબત જ લપસણી છે. સુખમાં રમી રહેલા જીવો પોતાનાં પુણ્યને લૂંટાવ્યા કરે છે તેવું ભગવાન કહી ગયા છે. સુખને લીધે એ વાત ભૂલી જવાય છે. આ કાદવના થર જેવી જોખમી જગ્યા છે. કાદવ ઓછો હોય તો લપસી જવાની બીક. કાદવ ઘણો હોય તો ડૂબી જવાનું જોખમ. બંને રીતે કાદવ ખરાબ. સુખ મળી ગયું છે. તેનો ઐહિક સંતોષ જબરદસ્ત રીતે ફસાવે છે. સુખની આસક્તિનો પક્ષપાત ખતરનાક હોય છે. તું સુખમાં આસક્ત રહેતો હોય તો એ તારો પ્રશ્ન છે. સુખની આસક્તિનાં વહેણમાં તું સુખને વફાદાર રહે છે અને ધર્મને બેવફા બની જાય છે. તારામાં ગારવનો પંક ન હોવો જોઈએ. રાગ પોતે એક પાપ છે. રાગનો પક્ષપાત એ પાપનો પક્ષપાત જ કહેવાય.

### ૨૨. મત ધરે મચ્છર ભાવ રે

તું ઇચ્છા ન રાખતો હોય તો પણ તારાં મનમાં જાગૃત થાય જ એવી એકવૃત્તિ છે. ઈર્ષા એનું નામ. મત્સર એટલે બીજાનું સારું જોઈ ન શકાય તેવી મનોવૃત્તિ. મનમાં પોતાનું જ મહત્ત્વ આંકવું તે અભિમાન. મારા કરતા બીજાને વધુ મહત્ત્વ મળે જ કેમ ? આવો ગુપ્ત અને નિષ્ફળ બળવો તે મત્સર. મત્સર કરનારાને મળતું કંઈ નથી. મત્સર કરનારાએ પહેલેથી કાંઈ ગુમાવ્યું પણ નથી હોતું. બીજાને મળ્યું તે જોઈને મત્સરભાવ સળગવા લાગે છે. પોતાને મળ્યું તે ઘણું હોય છે. બીજાને મળ્યું તે એને ન મળવું જોઈએ. આ જ બળતરા. સુખીને જોઈને રાજી થવું તે મૈત્રીભાવ છે. ધર્મ. અને કરુણાનો પાયો મૈત્રીભાવ છે ઈર્ષા કરવાથી સામી વ્યક્તિ માટે દ્વેષ જાગે છે. મૈત્રી તો ખાખ થઈ જાય છે. એમાં તું જેની ઈર્ષા કરીશ તેના ભલાનો વિચાર નથી કરી શકવાનો. તું જેની ઈર્ષા કરીશ તેનાં દુઃખમાં સહાનુભૂતિ રાખી નથી શકવાનો. તું જેની ઈર્ષા કરીશ તેની માટે સારો વિચાર કરી નથી શકવાનો. તારો ગરાસ લૂંટાયો નથી છતાં તું રોતલ બની જઈશ. તારા ફાળે કોઈ જ નુકશાની નથી છતાં તું નારાજગીમાં ડૂબી જઈશ. ઈર્ષા, સ્પર્ધાનો અને સંઘર્ષનો પાયો છે. આવી ઈર્ષા મનમાં જાગશે. માણસનું મન સહજ રીતે કમજોર છે. એ ઈર્ષામાં વહી જવાનું. ઈર્ષાની છાયા હેઠળ ઘડાતા વિચારોને મહત્ત્વ ન આપવું. ઈર્ષા કમજોર મનની જાહેરાત છે. તારું મન મજબૂત હોય, તારું આત્મબળ દૃઢ હોય તો તને ઈર્ષા થાય જ નહીં. કમજોર મનનાં માનસમાં રમતી ઘણી બધી વૃત્તિઓમાંની એક વૃત્તિ છે ઈર્ષા. અભિમાનને લીધે ઈર્ષા થાય. અવિશ્વાસને લીધે ઈર્ષા થાય. ઈર્ષા જેની થાય તેની પર દ્વેષ જાગે. દ્વેષ કષાય તરીકે સળગતો રહે તેમાં આતમાની કશી ભલાઈ નથી. તને જે મળ્યું તે જ તારું નસીબ છે. તને જે નથી મળ્યું તે તારું નસીબ નથી. તેં મેળવ્યું તેનો જ તું વિચાર કરજે. તેં ન મેળવ્યું હોય તેનો વિચાર તું કરીશ મા. તારા હાથમાં રહેલી વસ્તુ જ તને સુખ આપશે. પારકી દોલત તો દઝાડવાની જ. તારે સંતોષ અને આત્મવિશ્વાસ મજબૂત બનાવવાનો છે. પછી ઈર્ષા નહીં થાય.

## ૨૩. પ્રીતિ મ ત્યજે ગુણવંતની

મતભેદ અને મનભેદ તો છદ્મસ્થ માણસના કપાળે લખાયેલા જ છે. સારામાં સારો સંબંધ ગમે ત્યારે વણસી જતો હોય છે. સંસારની પ્રવૃત્તિઓ સ્વાર્થની રમત છે. સ્વાર્થ સુધીનું સગપણ રાખવાનો નિયમ છે. સંસારમાં ઘર્ષણ થયા બાદ તૂટી જતા સંબંધો, ફરી સંધાય ત્યારે પણ જખમના નિશાન રહી જતા હોય છે. સંધાયેલા સંબંધ કે સારી રીતે બંધાયેલ સંબંધ, બન્નેમાં ગુણવંતની પ્રીતિ ન છોડવાનો નિર્ધાર હોવો જોઈએ. ગુણો ક્ષયોપશમ ભાવમાંથી આવે છે. તારામાં ગુણો કેટલા છે આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ નહીં આવે અને સ્પષ્ટ થશે તો જવાબમાં સંખ્યા નાની આવશે. તારામાં કેટલા ગુણો નથી ? આ પ્રશ્નનો જવાબ પણ સ્પષ્ટ નથી. જો સ્પષ્ટ થાય જવાબ, તો સંખ્યા ખાસ્સી એવડી મોટી થઈ જાય. ગુણો છે તો થોડા છે. ગુણો નથી તો ઘણા નથી. તારામાં રહેલા ગુણો જેમનામાં છે. તે તારા સમોવડિયા છે. તેમની સાથેની પ્રીતિ તારામાં વસતા ગુણોને સ્થિર અને સુદૃઢ બનાવશે. તારામાં જે ગુણો નથી તે ગુણો જેમનામાં છે. તેમની માટે પ્રીતિ રાખવી વધુ જરૂરી છે કેમ કે તેમની પ્રીતિને લીધે તેમનામાં રહેલા ગુણો તારામાં આવતા થશે. આનંદદાયક આશ્વાસન એ છે કે તું પોતે ગુણવાન છે, ગુણ ઉપાર્જનની દિશામાં તે આગેકૂચ આદરેલી છે. તારા માટે ગુણવંત સજ્જનો આલંબન રૂપ બની શકે છે. સંબંધને સાચવવાનો આશય સ્વાર્થ ન હોય અને પરમાર્થ હોય તો જ ગુણવંતની પ્રીતિની કદર થઈ શકે છે. સંબંધ હોવાનો મતલબ છે. સ્નેહાદર હોવો. સંબંધ બગાડે છે. મતલબ સ્નેહાદર ઘટે છે. સ્નેહાદર ઘટવાને લીધે તે તે વ્યક્તિ માટેનો પક્ષપાત તૂટે છે. અને એક ધિક્કારભાવ જાગે છે. ગુણવંત વ્યક્તિ માટે ધિક્કારભાવ જાગવો એ ધર્મી તરીકેની મહાન્ નિષ્ફળતા છે. સંબંધ સચવાયેલો હતો ત્યાર સુધી જે માણસ સારો લાગતો હતો તે માણસ સંબંધ બગડવાને લીધે ખરાબ લાગે છે. એ માણસનો ગુણિયલ સ્વભાવ પણ ગમતો નથી. આવું બને છે ત્યારે પ્રમોદ ભાવનાને ઠોકર લાગે છે. ગુણવાનને જોઈને પ્રસન્ન થવું જોઈએ. ગુણવાનનો વિચાર કરવા માત્રથી રોમાંચિત બનવું જોઈએ. સંબંધ તંદુરસ્ત ન રહ્યો હોય તો પોતાની કમનસીબીને દોષ આપવો. પરંતુ ગુણવાન પ્રત્યેના સ્નેહાદરનો ત્યાગ ક્યારેય ન કરવો.

## ૨૪. સંતની પંતિમાં આવ રે

તારી જીવનચર્યા તને સંત પૂરવાર કરે છે ? સંત એટલે સ્વાર્થ વિના જીવનારો ઓલિયો. લૌકિક ભાષામાં સંત એટલે એવા સાધુ જે સમાજનું કલ્યાણ કરવા માટે નિઃસ્વાર્થ જીવન જીવતા હોય. સંસ્કૃત ભાષામાં સંત શબ્દ સારા માણસ માટે વપરાય છે. નિર્ગ્રંથ સાધુ ભગવંતો માટે સંત શબ્દ વપરાતો હોય છે, પરંતુ સંત શબ્દમાં સાધુ શબ્દની અર્થચ્છાયા ઝીલાતી નથી. તું સંતની હરોળમાં આવી શકે ખરો ? ગુણવાનની પ્રીતિ એ સંતજનોમાં સૌ પ્રથમ સ્થાન ભોગવે છે. તું સંતજનોમાં શ્રેષ્ઠ બને તેવું લક્ષ્ય તો રાખ. બનવાના હોઈશું તે બનીશું, નહીં બનવાના હોઈએ તો નહીં જ બની શકીએ. પણ સપનું હંમેશા ઊંચું જોવાનું છે. તારા જીવનમાં તારા સ્વાર્થ કરતાં અન્ય વ્યક્તિના કાર્યને વધુ મહત્ત્વ આપવા સુધીનો દરજ્જો તારે મેળવવાનો છે. તારા સ્વાર્થ અને અહં માટે તું નાની મોટી પ્રવૃત્તિઓ કરે છે. સફળતા મળે તો રાજી થાય છે. સફળતા નથી મળતી તો નિરાશ થાય છે. સ્વાર્થની દુનિયામાં આ સિવાય બીજું હોય છે શું ? તારે સંતની પંતિમાં સ્થાન મેળવવાનું સપનું જોવાનું છે. બીજી વ્યક્તિ સારી હોય તે એનો સદ્‌ગુણ છે. તારે તારા પોતીકાં જીવનમાં સારા બનવાનું છે. તું સ્વાર્થી નથી એવું સૌને લાગે તે પૂરતું નથી તને પરાર્થકરણમાં રસ છે તે પણ પૂરવાર થવું જોઈએ. તીર્થંકરો માટે લલિતવિસ્તરામાં લખ્યું છે કે 'તીર્થંકરના આત્માઓ પહેલેથી જ પરાર્થકરણમાં રસ ધરાવતા હોય છે' સ્વાર્થની સીમા વળોટી શકે તે સંત છે. આજ લગી જીવનમાં તે સ્વાર્થ જ સ્વાર્થ સાધ્યો છે. તને કોઈ રોકી શક્યું નથી. હવે તું તારી જાતને રોકી બતાવ. સ્વાર્થ સાધવો નથી. સ્વાર્થને મહત્ત્વ આપવું નથી. પરાર્થ સાધવો છે. પરાર્થને મહત્ત્વ આપવું છે. સંતની પંતિમાં આવ રે. પરોપકારી સંતમાં હોય તેવી ઉદારતા બતાવી છે. (સંતની પંતિમાં આદિરે, આવી પંક્તિ પણ મળે છે. પરંતુ આમા અનુપ્રાસ અને અર્થ બરાબર ઘટતો નથી. માટે 'સંતની પંતિમાં આવ રે' આ જ યોગ્ય જણાય છે.)

***ગારવ-પંકમાં મમ લુલે, મત ભલે મચ્છર ભાવ રે;***
***પ્રીતિમત્યજે ગુણવંતની, સંતની પંતિમાં આવ રે. ચેતન !***

# ભાગેડુવૃત્તિ : આશીર્વાદ કે અભિશાપ ?

• ૦ ઊર્વિ ઝવેરી, મુંબઈ

જીવનનો માર્ગ કેટલીક વાર ખૂબ રળિયામણો તો કોઈવાર ખૂબ બિહામણો હોય છે. જીવનને ઝરણું માનીએ તો એમાં અંતરાયો તો આવવાના જ. આવા અંતરાયો મનુષ્યસર્જિત પણ હોય અને પ્રકૃતિસર્જિત પણ હોય ! આશા-નિરાશા, સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતાની અટપટી જે ગૂંથણી, એનું જ નામ જીંદગી ! આ દુનિયામાં રોતાં રોતાં જન્મનારો, ફરિયાદ કરતાં કરતાં જીવનારો અને નિસાસા મૂકતાં મૂકતાં નિરાશ હૈયે મરનારો એક માનવ જ છે. જો કે એમાં એકસરખી ઘરેડવાળું વાતાવરણ, એકધારું કામ, નિષ્ફળ કે દુઃખી દાંપત્યજીવન, શારીરિક અવરોધો અને સામાજિક હોદ્દો મેળવવામાં મળેલી અસફળતા આદિ અનેક પરિબળો કારણભૂત ગણાવી શકાય. યાંત્રિક યુગને પરિણામે આપણું રોજિંદુ જીવન એવું ધમાલિયું અને દોડાદોડીવાળું બની ગયું છે કે, પ્રત્યેક માનવી આજે 'નિરાંત' ઝંખે છે.

*સતત ભાગતાં ભાગતાં થાક લાગ્યો,*
*જરૂરી છે ક્ષણનો વિસામો અમારે !*

માણસનાં જીવનઆકાશમાં વેદનાનાં વાદળ જ્યારે તૂટે છે તો ધરતી પણ ધ્રૂજી જાય છે. માણસને સતત પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે ત્યારે તેનો આત્મવિશ્વાસ ખૂટી જાય છે, શ્રદ્ધાદીપની જ્યોત ઝીલમીલાવા લાગે છે અને જિંદગીમાંથી રસકસ ઊડવા લાગે છે. પરિણામે એક પ્રકારની હતાશા, લઘુતાગ્રંથિ બંધાવા લાગે છે. કેટલીક વખત નિષ્ફળતાઓનો આઘાત અત્યંત તીવ્ર હોય છે. સૂનમૂન મન નિરાશાનાં આવરણ હેઠળ વેદનાનાં દંશ સહન કરી અકળામણ અનુભવે છે. કેટલીક વખત વાસ્તવિક સંજોગોનો ડર એટલો પ્રબળ હોય છે કે, વ્યક્તિ એનાથી દૂર ભાગે છે. આમ દુઃખમાંથી છટકવાની વૃત્તિ 'ભાગેડુવત્તિ' તરીકે ઓળખાય છે. જે માનવીને તરંગની સ્વર્ગીય ભૂમિમાં લઈ જાય છે, જ્યાં વાસ્તવિક દુનિયાનાં પ્રશ્નો, ચિંતાઓ કે મૂંઝવણો પહોંચી શકતાં નથી. આમ, માનવીને જ્યારે વાસ્તવિક જીવન ખૂબ ગૂંગળાવે અને એની ઇચ્છાઓ એ પરિપૂર્ણ નથી કરી શકતો, ત્યારે કાં તો એ 'દમનવૃત્તિ' તરફ દોરાય છે, કાં તો 'ભાગેડુવૃત્તિ' તરફ !

ખરી રીતે તો જિંદગીમાં કંઈ અર્થ દેખાતો ના હોય, તો એમાં અર્થ ઉમેરવો, જિંદગીને સાર્થક બનાવવી, એ જ માણસનું કર્તવ્ય છે. પોતાની જિંદગીમાં ગમે તેટલું દુઃખ જોવું પડ્યું હોય, છતાં તે દુઃખને દુનિયાનાં એકંદર દુઃખનો નાનકડો અંદર ગણીને ઓસડની જેમ પી લેવું પડે છે.

*મનમાં ઓછું લાવીએ શી વાતનું ?*
*જિંદગી છે નામ ઝંઝાવાતનું !*

ક્યારેય અટકળ, અંદાજ કે અનુમાનથી જીવનને જીવાય નહીં. અનુમાનને તર્કનો સધિયારો છે પણ જીવન ક્યારેય તર્કબદ્ધ નથી હોતું. માણસ પરિવર્તન કે વિચારણામાં માને નહિ, તો માનસિક રીતે થીજી જાય, ઠીંગરાઈ જાય. આપણું તત્ત્વ અને સત્ત્વ થાંભલા જેવું જડ નહીં, પણ વૃક્ષ જેવું ચેતનવંતુ હોવું જોઇએ. પાંખ ના હોય અથવા પિંજરામાં પુરાયેલા હોઈએ, ત્યારે આકાશનાં અનુભવની વાત ના કરાય. આપણે પોતે આપણે જ સર્જેલી ઇચ્છાઓનાં, ઝંખનાઓનાં પિંજરામાં કેદ છીએ. જે ક્ષણે વ્યક્તિની કે પરિસ્થિતિની વાસ્તવિકતા ન સ્વીકારીએ, ત્યારથી જ સંઘર્ષનો પ્રારંભ થાય છે.

એ કબૂલ કે આપણે 'કેવા' સંજોગોમાંથી પસાર થવું, એ ચોક્કસ આપણાં હાથમાં નથી, પરંતુ આપણે એ સંજોગોમાંથી 'કેવી રીતે' પસાર થવું, એ તો નિઃસંદેહ આપણા જ હાથમાં છે. જીવનની દરેક બાબતને અને દરેક ક્ષણને ગંભીરતાથી લેવાની જરૂર નથી. આત્મવિશ્વાસ હોય તો સમયની સાથે બધું થાળે પડી જાય છે. જેમનું મન વિશાળ આકાશ સમ છે, તેઓ ગમે ત્યાંથી આનંદ શોધી કાઢે છે. સમસ્યાઓનાં સૂરજ સળગતાં હોય, ત્યારે સ્વસ્થ રહી શકે. એના મુખ પર જ સ્મિતમાં સૂરજ મુખી ઝળહળતાં હોય છે.

*હસતાં મોઢે સહેતાં રહીશું, પ્રારબ્ધનાં પરિહાસ,*
*અગનખેલ જીવતરનો ખેલી, રચશું અમ ઇતિહાસ !*

જીવન જીવવા માટે કોઈક સાચું 'કારણ' હોવું જોઇએ, એનાં વિના જીવન ચાલતું તો રહે છે, પણ તેને કોઈ દિશા નથી હોતી. ચિંતા અને ગમગીનીની કાળીમેશ ભૂતાવળોમાંથી બહાર નીકળવું હોય, તો આશા અને હિંમત કેળવ્યા વગર કોનો છૂટકો થયો છે ? જ્યારે રોજિંદાપણું અસહ્ય થઈ જાય, ત્યારે કંટાળો શરૂ થાય છે. પક્ષીઓને કલરવનો, મોજાંઓને ઘુઘવાટનો, વૃક્ષને પમરાટનો, ભ્રમરને ગુંજનનો કે સૂરજને ઊગવાનો કદી

કંટાળો સાંભળ્યો છે. કંટાળામાંથી જે માણસ કેડી કંડારે છે, એ જ પોતાની પ્રવૃત્તિનું સુકાન બદલી શકે છે. કંટાળો ખુદ કંટાળીને ચાલ્યો જાય એવું જેનું પોત હશે, એ વ્યક્તિનો રંગ ક્યારેય ફટકી નહીં જાય. આવી વ્યક્તિઓ કેટલીક વેળા ખુદને કામકાજમાં પૂર્ણપણે ડૂબાડી દે છે. જો કામ રસપ્રદ ને મનગમતું હોય તો આ રસ્તો ખોટો નથી.

જો કે એમાંય વાસ્તવિકતાને ભૂલવાનો પ્રયત્ન તો છે જ, પણ કાર્ય દ્વારા વ્યક્તિ ખૂબ ધગશયુક્ત અને ઉત્પાદક બની શકે છે અને ક્વચિત્ સાચી પરિસ્થિતિને ભૂલવાનો આ જ આદર્શ રાજમાર્ગ છે. કેટલાક વળી પર્યટનો, સામાજિક મેળાવડાઓ આદિ માધ્યમો દ્વારા ખુદને વ્યસ્ત રાખે છે — આ છટકબારીઓ પણ એટલી નુકસાનકારક તો ન જ ગણી શકાય ! કેટલીક વ્યક્તિઓ એક યા બીજાં વ્યસનોનો આશરો લે છે, જે બિલકુલ ઇચ્છનીય નથી.

વ્યક્તિ પોતાની સર્જનવૃત્તિને કેળવે તો ચિત્રકામ, ભરતગૂંથણ, ગૃહસુશોભન, લેખન, શિષ્ટ વાંચન, શિક્ષણપ્રવૃત્તિ, સામાજિક સેવાકાર્ય, સંગીત, નૃત્ય, પર્યટન, રમતગમત, પ્રેરકપ્રવચન-શ્રવણ, સામાજિક પ્રશ્નો પરત્વે વિચાર વગેરે વિવિધ પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા મેળવી જીવનને ઉલ્લાસભર્યું બનાવી શકે.

કેટલીક વેળા કો'ક વ્યક્તિ સાથે કેવળ વાતચીત માત્ર કરવાથીય વ્યથા વીસરી જવાય છે. પરંતુ એ માટે પણ નાની સરખી શરત એ છે કે, શબ્દો સરોવરનાં જળ સમ પારદર્શક હોવા જોઈએ, જેથી તેમાં મનનાં આકાશનું પ્રતિબિંબ પ્રગટી શકે. હૈયામાં હિલોળતાં હેતને વ્યક્ત કરવામાં કે ગમતાં ગીતને ગણગણવામાં ય એક અનેરો આનંદ છે. આકાશ સાથે એકાંતમાં ગોઠડી માંડીએ, તો મન પણ મંજરી બનીને મહેકવા લાગે છે.

જીવનના સાગરમાં નિરાશાનાં પૂર રેલાય ત્યારે સુખદ ક્ષણોનું સ્મરણ, વૃક્ષોની વનરાજીઓ, લીલીછમ હરિયાળી, કુદરતની અણમોલ ભેટ સમ મેઘારાણી, મસ્ત ચાલે વહેતી સરિતા, પ્રભાતે આકાશનાં અદ્ભુત રંગોની રંગોળી, સાગરતટે બેસી અસ્ત થતાં અરુણને 'આવજો' કહેવાં પૂર્વકની અલવિદા આ તમામ દૃશ્યો શ્રમિત મન અને પરાજિત થયેલ આત્મવિશ્વાસ માટેનાં સ્વાથ્યદાયક અને અક્સીર ઔષધો છે. આવી જ મધમધતી ક્ષણો મનમાં એક સંસ્કાર બનીને જીવનભર સચવાઈ રહેતી હોય છે અને વિષાદ જ્યારે અશ્રુ બનીને વહેવા માંડે, ત્યારે આવી 'સ્મરણીય' ક્ષણોને સથવારે માણસ જીવી જાય છે.

અંતમાં, કહી શકાય કે કહેવાતી 'ભાગેડુવૃત્તિ' પણ ઘણી વખત રાહતભરી અને ફાયદાકારક નીવડે છે. માટે તેને આશીર્વાદરૂપ માનવી કે અભિશાપરૂપ સમજવી તે દૃષ્ટિ તો માનવીએ પોતે જ કેળવવી રહી !

---

## અનુંસંધાન ૨૨નું ચાલુ

તમે જાણતા હશો કે કોલગેટ-ટુથપેસ્ટ 'ઇન્ડિયન ડેન્ટલ એસોશિયન પ્રમાણિત છે.' એવી જાહેરાત કરીને વેચે છે. હવે તમે જ કહો કે ક્યારે ઇન્ડિયન ડેન્ટલ મેડિકલ એસોશિયને કોન્ફરન્સ કરી અને તેમાં પ્રસ્તાવ મંજૂર કર્યો કે, અમે કોલગેટને પ્રમાણિત કરીએ છીએ અને તે માટે જ કોલગેટ વધારે વેચાવી જોઈએ ? આવો કોઈ પ્રસ્તાવ પાસ થયો જ નથી, છતાં રોજ કોલગેટની આઈ.ટી. આપ દ્વારા પ્રમાણિત એટલે કે ઇન્ડિયન ડેન્ટલ મેડિકલ એસોશિયન જે ડેન્ટિસ્ટના પ્રેક્ટિસ કરતાં લોકોની સંસ્થા છે. તેમના નામે જૂઠ્ઠો પ્રચાર કરીને પોતાની ટુથપેસ્ટ વેચે છે અને આ સભામાં ઉપસ્થિત તમારા જેવા ડોક્ટરો પણ આ બાબતની નોંધ સુધ્ધા લેતા નથી, એ ઘણી જ નવાઈની વાત છે. તમારા જેવા ડોક્ટરો આવી જૂઠ્ઠી વાતને પડકારતા કેમ નથી ? કેમ કોઈ સુપ્રિમ કોર્ટ સુધી આ ફરિયાદ કરતું નથી ? અમારા જેવા લોકો કોર્ટમાં એટલે જ કેસ કરી શકતા નથી કોર્ટ અમને પહેલો સવાલ પૂછશે : 'તમને શું ખબર પડે. દાંતની બાબતમાં ? માટે તમારા જેવા ડેન્ટિસ્ટો જ આ કામ કરી શકે. કોઈ ડેન્ટિસ્ટ કોર્ટમાં જઈને સિદ્ધ કરે કે, ટૂથપેસ્ટમાં જે ફ્લોરાઈડ હોય છે તે એક હજાર પી.પી. એમથી વધારે હોય છે, તો તેથી બધા જ ટૂથપેસ્ટો ઝેર જેવા થઈ જાય છે. આ વાત હું કોર્ટમાં કહી શકતો નથી. હું કહેવા જઈશ તો કોર્ટ મને પૂછશે કે 'તમારી પાસે ડિગ્રી છે કે ?' મારી પાસે ડિગ્રી નથી, છતાં મને ખબર છે કે એક હજાર પી.પી.એમથી વધારે માત્રામાં ફ્લોરાઈડ જે ટૂથપેસ્ટમાં હોય, તે બધા જ ટુથપેસ્ટ ઝેર જેવા છે. માટે આ વાતનો વિરોધ તમારે જ કરવો પડશે. દુર્ભાગ્યથી જેની પાસે ડિગ્રી છે, તે આવી વાતોનો વિરોધ કરવા કોર્ટમાં જતા નથી. અને મારા જેવા જવા ઇચ્છે છે, પણ ડીગ્રી ન હોવાથી જઈ શકતા નથી. એટલે રોજ જે કોલગેટની જાહેરાત આવે છે, તેને ભારતના સર્વ ડેન્ટિસ્ટોનું સરાસર અપમાન છે.

ક્રમશઃ

# ભારતનું મહાભારત

૦ પ્રવક્તા : રાજીવ દીક્ષિત, પ્રસ્તુતિ : ભૂપેશ ભાયાણી

*વાચકોમાં અતિપ્રિય નીવડેલી **"ભારતનું મહાભારત"** લેખમાળા ઘણાબધાઓની આગ્રહભરી માગણીને લીધે ફરી શરૂ થઈને આ અંકથી આગળ વધી રહી છે, તેનો આનંદ છે. આ પૂર્વે આપણે 'આઝાદી બચાઓ આંદોલન'ના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી રાજીવ દીક્ષિતે સંબોધેલા વક્તવ્યોમાં ભારતમાં દવા બનાવતી મલ્ટીનેશનલ કંપનીઓનું વર્ચસ્વ, તેમની પ્રચંડ નફાખોરી, ભારતમાં દવા બનાવતી સ્વદેશી કંપનીઓ પર લાગુ કરવામાં આવેલા નવા પ્રોડક્ટ-પેટન્ટના કાયદા, તેના ગેરફાયદા, દવાના બજારમાં આરોગ્યના નામે થતી ગેરનીતિઓ અને પ્રચારો વગેરે વિષયો જોયા. આ સર્વ વક્તવ્યો શ્રી રાજીવ દીક્ષિતે મુંબઈમાં યોજાયેલી નામી ડોક્ટરો અને દવાના વેપારીઓની જાહેરસભામાં આપેલાં છે. ભારતમાં દવાના ક્ષેત્રમાં જે દૂષણો ફેલાયેલા છે, તેની સર્વ વિગતો આપણે પૂર્વેની લેખમાળામાં જોઈ. આજની દુઃખદ પરિસ્થિતિનું મુખ્ય કારણ છે. મલ્ટીનેશનલ કંપનીઓ ! જે ભારતમાં સસ્તાભાવે દવા બનાવી ઊંચા ભાવે ખૂબ જ વેચે છે, તેમની આપણી સરકાર પર મોનોપોલી થઈ ગઈ છે. શું છે આ મોનોપાલી ? કેવાં છે એમના ગોરખધંધા ? એમની મુરાદ કેટલી બધી મેલી છે ? આ બધા વિષયની વિચારણા હવે આગળ વધારીએ. સંક.*

### ૧. કોલગેટની જાહેરાત : ડેન્ટિસ્ટોનું હડહડતું અપમાન

આજે તો એવો ખતરનાક ટ્રેન્ડ દેશમાં પેદા થઈ ગયો છે કે, દરેક વિદેશી કંપનીએ લોબિંગ માટે પોતાના એમ.પી. રાખવાના શરૂ કરી દીધા છે. સત્તામાં રહેલા દરેક નેતા કોઈ ચોક્કસ વિદેશી કંપનીઓના માનીતા હોય છે, જે તે કંપનીઓના હિત માટે જ પોતાની સત્તાનો ઉપયોગ કરતા હોય છે. દરેક પાર્ટીમાં મલ્ટીનેશનલ કંપનીઓના નેતાઓ હોય છે, તેઓ શું કરતા હોય છે ? જ્યારે કોઈ વિદેશી કંપનીઓની વિરુદ્ધની વાત પાર્લમિન્ટમાં આવે, ત્યારે હંગામો કરીને તેઓ આખી વાત દબાવી નાંખે છે. તેનું તમને એક ઉદાહરણ આપું. અમે લોકોએ ૧૯૯૨/૯૩માં 'આઝાદી બચાઓ આંદોલન' તરફથી એક કેસ સ્ટડી કરેલો, તે પ્રમાણે ભારતમાં લગભગ વીસ એવા મોટા મલ્ટીનેશનલ જાયન્ટ કોર્પોરેશન છે, જે દવાના ક્ષેત્રમાં હજારો પરસેન્ટ નફો કમાઈ રહ્યા છે. એટલે કે એક રૂપિયાની વસ્તુ હજાર રૂપિયામાં વેચે છે. આ હજારો ગણો નફો કમાવામાં સૌથી પહેલાં નંબરે છે 'ફાયઝર' કંપની, બીજા નંબરે 'રેક્સ', ત્રીજા નંબરે 'સીબા ગાયકી' ચોથા નંબરે છે 'સેન્ડોઝ'ને પાંચમે નંબરે 'ગ્લેક્સો' આવી વીસ કંપનીઓનું અમે લિસ્ટ બનાવ્યું છે, જેઓ હજારોગણો નફો કમાઈને વિદેશોમાં લઈ જાય છે. આ લિસ્ટ અમે કયા આધારે બનાવેલ ? આ કંપનીઓની જે બેલેન્સ-સીટ પ્રકાશિત થાય છે, તેના આધારે આ લિસ્ટ બનાવ્યું હતું. આ બેલેન્સ-સીટનો સ્ટડી કર્યો તો તેમાં જે બેસિક દવા બનાવવાનો ખર્ચ અને જે બલ્ક-કોસ્ટ છે, તેના હજાર ગણા વધારે ભાવથી આ દવા માર્કેટમાં વેચવામાં આવે છે જેમકે બલ્ક-રેટ પ્રમાણે બેસિક દવા પંદરસો રૂપિયા પ્રતિ કિલોગ્રામમાં બને છે, તો તેને લાખો રૂપિયે કિલોગ્રામનાં ભાવે વેચવામાં આવે છે. પાકી ગણતરી કરીને આ કંપનીઓ કેવી રીતે હજારોગણા નફામાં દવાઓ વેચે છે, તેનો એક રિપોર્ટ તૈયાર કરી પાર્લમિન્ટના કેટલાક એમ.પી.ને આપ્યો અને યોગ્ય કાર્યવાહી કરવા કહ્યું, ત્યારે પાર્લમિન્ટમાં આ રિપોર્ટની રજૂઆતથી સવાલો ઊભા થયા અને આ ગોટાળા માટે એક કમિશન બેસાડવામાં આવ્યું, તેમાં કેટલાક એમ.પી.ઓનો સમાવેશ કરવામાં આવ્યો. આ કમિશનથી રિપોર્ટ પણ તે જ આવ્યો કે, 'ભારતની કેટલીક વિદેશી કંપનીઓ મનફાવે તે ભાવોમાં દવા વેચી રહી છે, જે ભાવોમાં દવા વેચાવી જોઈએ, તેથી અનેકગણા વધુ ભાવે દવાઓ વેચાઈ રહી છે અને લોકો તેનાથી હેરાન થઈ રહ્યા છે.'

આ રિપોર્ટ આવ્યા પછી પાર્લમિન્ટમાં જબરદસ્ત હંગામો થઈ ગયો અને અમને એમ લાગ્યું કે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. પણ અમને ભારે નવાઈ લાગી કે આ રિપોર્ટની વાત પાર્લમિન્ટમાં કરવામાં આવી,

ત્યારે તે કંપનીઓની લોબિંગ કરવા માટે આપણા નેતાઓની આખી ફોજ તૈયાર થઈ ગઈ અને વિદેશી કંપનીઓને પ્રોટેક્ટ કરવા લાગી. તેમણે ધમાલ મચાવીને આખી વાત દબાવી નાંખી અને આજ સુધી આ રિપોર્ટનો નિર્ણય થયો નથી અને આ રિપોર્ટને રોકવાવાળા નેતાઓ ઉપર કોઈ એક્શન લેવામાં આવેલ નથી. આ દુર્ભાગ્ય છે દેશનું !

આવી જ રીતે અમે સંસદમાં બીજો પણ એક હંગામો મચાવ્યો હતો કે આપણા દેશમાં એક કંપની છે, તેનું નામ છે નેસ્લે. જે બેબી-પાવડર બનાવે છે. યુરોપના દેશોમાં બેબી-પાવડર વેચાતો નથી. યુરોપના દેશોમાં બેબી-પાવડરને બેબી-કિલર કહેવાય છે. હું યુરોપમાં ફર્યો છું અને મેં જોયું છે કે યુરોપની સરકાર તેમના દેશોમાં મોટા મોટા હોર્ડિંગ્સ લગાડે છે. અને તેમાં લખેલું હોય છે. 'તમારા બાળકોને બેબી પાવડર પીવડાવો નહીં.' આવું શા માટે ? કારણકે તેમાં ઝેર છે. જેને આખા યુરોપમાં બેબી-કિલર કહેવામાં આવે છે તે પાવડર આપણા દેશમાં બેધડક વેચાય છે. તેના ડબ્બા પર આ બાબતે કંઈ જ લખાતું નહોતું. જ્યારે આ બધી બાબતોનો હંગામો સંસદમાં થયો અને અમારા વિચારોવાળા દિલ્હીના કેટલાક મોટા ડોક્ટરોએ પણ આ વાત ઉપાડી, સંસદમાં દબાણ વધાર્યું ત્યારે આપણી સરકારે આદેશ જારી કર્યો કે બેબી-પાવડર વેચાતી કંપનીઓએ ડબ્બા પર લખવું જોઈએ કે ''માતાનું દૂધ બાળક માટે સર્વોત્તમ છે.' બસ અહીં જ વાત ખતમ થઈ ગઈ. અમને આશા હતી કે આખા દેશમાં આટલો હંગામો થયા પછી સરકાર ફરમાન કરાવશે કે દેશના બાળકોને માતાનું જ દૂધ પીવરાવવું જોઈએ અને બેબી-પાવડર બિલકુલ આપવો નહીં. સરકાર વિરુદ્ધ આ બાબતમાં ઘણી સંસ્થાઓએ અને ડોક્ટરોએ કેસ કર્યા છે. આ કેસોની સુનાવણી થવા છતાં પણ સરકારે ફક્ત ડબ્બા પર લખાવી દીધું કે 'માતાનું દૂધ જ બાળક માટે સર્વોત્તમ છે' અને આ લખાણ પણ એવી રીતે જ લખેલું છે, જેવી રીતે સિગારેટના પેકેટ પર એકદમ ઝીણા અક્ષરે લખેલું હોય છે કે 'સિગારેટ પીવી સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.'

આપણા દેશના ભણેલાગણેલા લોકો પણ આટલું લખ્યા પછી અંધ બની જાય છે અને સિગારેટના કશ ફુંક્યા કરે છે અને આવી જ સ્થિતિ દેશની માતાઓની છે. આજની ભણેલી-ગણેલી માતા પણ ડબ્બા પર લખેલું હોવા છતાં આવા હાનિકારક બેબી-પાવડર પોતાના બાળકોને પીવરાવે છે. આ બેબી-પાવડરની ટી.વી.માં જાહેરાતો પણ એવી લલચામણી બતાવવામાં આવે છે અને તે પ્રમાણે જ આજની માતા બેબી-પાવડર માટે એકબીજાને કહેતી હોય છે કે : 'મારું બાળક ત્રણ મહિનાનું થયું છે અને મેં તેને બેબી-પાવડર પીવરાવવાનું શરૂ કરી દીધું છે, તમે પણ તમારા બાળકને બેબી-પાવડર આપો છો કે નહીં ? ટીવીની જાહેરાતો જોઈને આજની ભણેલી માતાઓને બાળક ત્રણ મહિનાનું થાય એટલે બેબી-પાવડર પીવરાવવું જ જોઈએ, એવી માનસિકતા થઈ ગઈ છે. જાણે બેબી-પાવડર અસ્તિત્વમાં નહોતું, ત્યારે જગતમાં બાળકો મોટા થયા જ ન હોય, આવો વિચિત્ર માહોલ આજે આ દેશમાં છે ! આ નેસ્લે કંપનીની આવી બેઇમાનીપૂર્વકની જાહેરાત બેધડક ટી.વી. પર રોજ બતાવવામાં આવે છે, છતાં આપના જેવા જાગૃત ડોક્ટરો પણ કેમ ચૂપ બેઠા છે ? તેની મને નવાઈ લાગે છે. હવે તમને સૌથી વધારે અચરજ લાગે, તેવી વાત કહું છું કે, હું આજે આ બાબત પર વક્તવ્યો આપી રહ્યો છું તે વર્ષ 'માતાનું દૂધ બાળક માટે સ્વાસ્થ્યકારક છે અને સર્વોત્તમ છે' તે વાત પર જ સરકાર આ વર્ષ મનાવી રહી છે. ઠેર ઠેર બેનરો અને હોર્ડિંગ્સ લગાડીને સરકાર સેમિનાર કરાવે છે કે, બાળકોને માતાનું દૂધ જ પીવરાવવું જોઈએ અને આજ સરકાર બીજી બાજુ બેબી-પાવડરનું વેચાણ કરાવે છે. તો પછી આ વર્ષે આટલો કરોડો રૂપિયાનો ફાલતું ખર્ચ અને નાટકો શા માટે ? સરકાર બેબી-પાવડરનું વેચાણ કરાવે છે એટલે જ લોકો તે ખરીદીને બાળકોને આપે છે. જો વેચાણ બંધ થઈ જાય, તો આપોઆપ લોકો માતાનું દૂધ જ બાળકોને આપશે, પણ સરકાર પોતાના ફાયદા માટે દેશના લોકોના સ્વાસ્થ્ય સાથે રમત કરીને આવી મોટી મલ્ટીનેશનલ કંપનીઓના પ્રોડક્ટ લાંચ ખાઈને દેશમાં વેચાણ માટે ખુલ્લાં મૂકે છે. આવું જ એક પ્રોડક્ટ છે 'કોલગેટ'.

**અનું. પેજ ૨૦ ઉપર**

# પુનર્જન્મને પુરવાર કરતી એક સત્ય ઘટના

૦ દેવેશ મહેતા

## જવાહરલાલ નહેરુના જન્મ સાથે સંકળાયેલ રહસ્યમય ઘટના

એકવાર પંડિત મદનમોહન માલવીય, પંડિત દીનદયાળ શાસ્ત્રી અને પંડિત મોતીલાલ નહેરુ એ ત્રણેય હરદ્વાર પાસે ઋષિકેશ ગયા હતા. પંડિત માલવીયજી અત્યંત શ્રદ્ધાળુ પ્રકૃતિના હતા, તેથી દરરોજ ગંગાકિનારે ભ્રમણ કરવા નીકળી જતા અને ક્યાંય કોઈ યોગી, તપસ્વી કે મહાત્માને જુએ કે તેમના વિશે સાંભળે, તો તરત તેમના દર્શન કરવા પહોંચી જતા. ઋષિકેશમાં તો તેમને ઘણા તપસ્વીઓ અને સિદ્ધ પુરુષોના દર્શન થતા. એક દિવસે સંધ્યાકાળે તેમણે એક વૃક્ષ પર લાંબી જટાવાળા યોગીના દર્શન કર્યા. એ વૃક્ષની નીચેની ડાળી પર હાંડલી લટકતી હતી. કેટલાક લોકોને એ વિશે પૂછ્યું તો ખબર પડી કે, તે યોગી આખો દિવસ વૃક્ષ પર બેસીને જ તપસ્યા કરે છે. સવારે એકવાર તે વૃક્ષ પરથી નીચે ઉતરે છે અને ગંગાજીમાં સ્નાન કરી પાછા ઉપર ચડી જાય છે અને આખો દિવસ અને રાત તે વૃક્ષ પર જ રહે છે. સવારે ગંગામાં સ્નાન કરીને પાછા ફરે, તે સમયે જો પેલી હાંડલીમાં કોઈએ કંઈ ફળ કે ભોજન મૂક્યું હોય, તો તે ખાઈ લે છે. જે દિવસે કોઈએ કશું મૂક્યું ન હોય, તે દિવસે ખાધા વગર જ ચલાવી લે છે.

પંડિત માલવીયજીએ આ વાત દીનદયાળ અને મોતીલાલને કરી, એ યોગીની કઠોર તપશ્ચર્યા અને તેજસ્વીતાથી તેઓ પ્રભાવિત થયા. તેમણે ત્રણેએ બીજે દિવસે સવારે તે યોગીને મળવા જવાનું નક્કી કર્યું. સવારે જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા, ત્યારે તે યોગી વૃક્ષ પર નહોતા, તેમના નિત્ય ક્રમ પ્રમાણે તે ગંગાજીમાં સ્નાન કરવા પહોંચી ગયા હતા. તે ત્રણેય તે યોગીના પાછા ફરવાની રાહ જોતા ત્યાં થોડીવાર ઊભા રહ્યા. થોડીવાર બાદ પેલા યોગી પાછા આવ્યા. તેમના હાથમાં જળથી ભરેલો એક કુંભ હતો. આમ તો તે વૃદ્ધ હતા, છતાં જુવાનની જેમ ચાલતા હતા. તેમના મુખ પર એક દિવ્ય તેજની આભા ચમકી રહી હતી. માલવીયજી, દીનદયાળજી અને મોતીલાલજીએ આગળ આવીને તેમને પ્રણામ કર્યા. યોગીએ તેમને પૂછ્યું. ''બોલો, શું ઇચ્છા છે ?'' માલવીયજીએ કહ્યું કે, 'સ્વામીજી, અમારે તો કંઈ જોઈતું નથી. છતાં તમે પૂછો છો તો અમારી એક ઈચ્છા છે, અમારા આ મિત્ર મોતીલાલજીને પુત્ર નથી. તેને એવા આશીર્વાદ આપો કે, જેથી પુત્ર થાય.'' પેલા યોગીએ મોતીલાલજીના કપાળ તરફ નજર કરીને કહ્યું ''આમને આ જન્મમાં પુત્રસુખ નથી.'' માલવીયજીએ વિનંતી કરી : ''મહારાજ, આપ તો સિદ્ધપુરુષ છો. અસંભવને સંભવ કરવા શક્તિમાન છો. અમે આપની પાસે મોટી આશા લઈને આવ્યા છીએ. માટે કંઈક કરો.'' પંડિત દીનદયાલજીએ પણ તેવી જ નમ્ર વિજ્ઞપ્તિ કરી કે ''આપ અમને સહાય નહીં કરો તો બીજું કોણ કરશે ? શાસ્ત્રોમાં લખ્યું છે કે યોગી મહાત્માઓ બીજાનું હિત કરવામાં નિમગ્ન હોય છે. પોતાનું પુણ્ય આપીને પણ પરોપકાર કરતા હોય છે.''

તે યોગીપુરુષ થોડીવાર ત્યાં જ ઊભા રહી ગયા. તે જાણે કોઈ વિચારમાં પડી ગયા હોય તેમ લાગતું હતું. થોડીવાર પછી તે જમીન પર બેસી ગયા. તેમના હાથમાં રહેલો કુંભ જમીન પર મૂકી દીધો અને તેના પર પોતાનો હાથ મૂકી મંત્રો બોલવા લાગ્યા. પછી તે કુંભમાંથી ત્રણવાર પાણી લઈને જમીન પર છાંટ્યું. ત્યારબાદ કુંભમાંથી ચોથીવાર જળની અંજલિ ભરી અને તે જળ પંડિત મોતીલાલજી પર છાંટ્યું, પછી કહેવા લાગ્યા !''તમારી ઇચ્છા પૂરી થશે. પુત્ર થશે. પણ એની આગળની પેઢીમાં તકલીફ થશે. આને પુત્ર આપવા માટે મારી વર્ષોની તપસ્યાનું ફળ આપી દેવું પડ્યું છે. એટલું જ નહીં, બહુ મોટો ભોગ આપવો પડ્યો છે. પણ આ સદ્‌ગૃહસ્થે કહ્યું તેમ અમે મહાત્માઓ કશાની પણ પરવા કરતા નથી.'' માલવીયજી અને તેમના મિત્રોએ જોયું, તો આ કહેતી વખતે પેલા યોગીના શરીરનું તેજ ઝાંખુ પડી ગયું હોય, તેમ લાગતું હતું. તેમનો ચહેરો પણ નિસ્તેજ થઈ ગયો હોઈ ઝાંખો અને કાળો લાગતો હતો. પછી તે યોગી કશું બોલ્યા વિના ઝાડ પર ચડી ગયા. એ ત્રણેય મિત્રો ઉતારાના સ્થળે પાછા ફર્યા. પેલા યોગીના ઉપકારથી ઉપકૃત થઈ તેઓ તેમને ધન્યવાદ આપવા માગતા હતા, તેથી બીજે દિવસે સવારે તેમના દર્શનાર્થે ઉપડ્યા. તેમણે ત્યાં જઈને જોયું તો પેલા યોગી ઝાડપર

નહોતા. તેમના મનમાં વિચાર આવ્યો કે, ગઈકાલની જેમ એ ગંગામાં સ્નાન કરવા ગયા હશે. તેથી થોડીવાર ઊભા રહી પ્રતીક્ષા કરીએ. પણ ત્યાં જ પંડિત દીનદયાળજીની નજર બાજુ પર પડી : અરે, આ યોગી તો નીચે જમીન પર પડ્યા છે.' તેમણે નજીક જઈને જોયું તો યોગી જમીન પર નિશ્ચેષ્ટ સ્થિતિમાં પડ્યા હતા. તેમના શરીરમાંથી પ્રાણ નીકળી ગયા હતા. તે ત્રણેયને એ સમજતાં વાર ન લાગી કે, પેલા યોગીએ મોતીલાલજીના સંતાનરહિતતાના દુર્ભાગ્યને પલટવા જે પુણ્ય ખર્ચી કાઢ્યું અને જીવનશક્તિ વાપરી કાઢી, તેનાથી જ તેમનું મરણ થઈ ગયું છે. તેમને યોગીના ગૂઢ અને રહસ્યમય શબ્દો યાદ આવ્યા. ''મારે મારી વર્ષોની તપસ્યાનું ફળ આપી દેવું પડ્યું છે, એટલું જ નહીં, બહુ મોટો ભોગ આપવો પડ્યો છે.''

આ ઘટના બની, તેના દસ મહિના પછી મોતીલાલજીને ઘેર એક પુત્ર જન્મ્યો. તેનું નામ જવાહરલાલ રાખવામાં આવ્યું. જવાહરલાલના જન્મસંબંધી આ ઘટના પંડિત માલવીયજીએ પોતે એમના એક મિત્રને પત્રમાં જણાવી હતી. દિલ્હીના ઊર્દૂ સામયિક 'શેરે પંજાબ'ના એક પત્રકારને આ પત્રની વિગતોની ખબર પડી, એટલે તેણે એમાં આ ઘટના પ્રકાશિત કરી. એન.વી. સેન નામની એક વ્યક્તિએ તે સામયિકોમાં પ્રસિદ્ધ થયેલી ઘટના વાંચી અને તે સાચી છે કે કેમ તે અંગે જાણકારી મેળવવા જવાહરલાલ નહેરુને જ પત્ર લખ્યો.

તા. ૨૫-૫-૫૭ના રોજ નહેરુના અંગત સેક્રેટરી સી. આર. શ્રીનિવાસનનો પત્ર પ્રત્યુત્તરરૂપે આવ્યો. તેમાં તેમણે જણાવ્યું કે પંડિત જવાહરલાલ નહેરુએ 'શેરે પંજાબ'નો એક લેખ વાંચીને તેની વિગતો વિશે સાવ અજ્ઞાન દર્શાવ્યું છે. તેમણે કોઈના મુખેથી પોતાના જન્મ વિશે રજૂ થયેલી આ વાત પહેલાં સાંભળી નથી. નહેરુએ જણાવ્યું છે કે, આ વાત કોઈએ ઉપજાવી કાઢેલી લાગે છે. જો આ ઘટના સાચી હોત તો તેમના પિતાએ અથવા પંડિત માલવીયજીએ જરૂર તેમને જણાવી જ હોત !

પંડિત જવાહરલાલ નહેરુ તરફથી આવો પ્રત્યુત્તર મળ્યા બાદ શ્રી એન. વી. સેને 'શેરે પંજાબ'ના તંત્રીને ફરીથી પત્ર લખ્યો અને આ બાબત અંગે નહેરુએ પોતે જે જણાવ્યું છે તે પણ લખ્યું. આવી ઉટપટાંગ વાત પ્રસિદ્ધ કરવા બદલ ઠપકો પણ આપ્યો. એના જવાબમાં 'શેરે પંજાબ'ના તંત્રીએ જણાવ્યું કે પોતાની વાત તદ્દન સાચી છે. જવાહરલાલના જન્મ પૂર્વે બનેલી આ ઘટના પંડિત માલવીયજીએ પોતે પોતાના હસ્તાક્ષરમાં એમના મિત્રને પત્ર દ્વારા જણાવી છે. એ પત્ર ~~અત્યારે~~ મોજૂદ છે અને તે પત્ર પોતે બતાવવા તૈયાર છે. તમારે ખાતરી કરવી હોય તો તમે મારી ઓફિસ પર આવજો. હું તમને એ પત્ર બતાવીશ. શ્રી એન. વી. સેને તેની ખાતરી પણ કરી લીધી. 'શેરે પંજાબ'ના તંત્રીનો દાવો બિલકુલ સાચો હતો. પત્ર પંડિત માલવીયજીના હસ્તાક્ષરમાં જ લખાયેલો હતો અને તેમાં આ ઘટનાનું વિગતવાર વર્ણન કરાયેલું હતું. હસ્તાક્ષર પંડિત માલવીયજીના જ હતા તેની પણ ખાતરી કરી લીધી. પછી શ્રીમાન સેનના મનમાં પ્રશ્ન થયો કે, જો આ ઘટના સાચી છે તો પંડિત જવાહરલાલને પોતાને જ કેમ ખબર નથી ? આના પર ઊંડો વિચાર કરતાં શ્રીમાન સેનના મનમાં કંઈક આછું ચિત્ર ઉપસવા લાગ્યું.

જવાહરલાલના પિતા મોતીલાલજીએ, પંડિત માલવીયજીએ કે પંડિત દીનદયાલજીએ આ ઘટના વિશે જવાહરલાલને કશું કહ્યું ન હોય એવું સંભવી શકે. એની પાછળ ખાસ કારણ રહ્યું હશે ! કદાચ એ વિશેનું અજ્ઞાન કોઈક રીતે આશીર્વાદરૂપ બનનારું હોય ! તેમને પેલા યોગીના શબ્દો ખૂબ સૂચક લાગ્યા : ''તમારી ઇચ્છા પૂરી થશે. એમને (મોતીલાલજીને) પુત્ર થશે. પણ એ પુત્રની આગળની પેઢીમાં તકલીફ થશે.'

આજે આપણે જાણીએ છીએ કે એ યોગીના ગૂઢ, રહસ્યમય શબ્દો કેટલા બધા સાચા પડ્યા ! જવાહરલાલની આગળની પેઢીમાં કેવી તકલીફ આવી ! ઇન્દિરાજીનું કરુણ મોત, સંજય અને રાજીવ ગાંધીની હત્યા પાછળ આ જ કારણ હશે ? પેલા સિદ્ધ યોગીની ભવિષ્યવાણીનો ગૂઢાર્થ પાછળની ઘટનાઓથી સમજાય છે.

**'ગુજરાત સમાચાર'માંથી સાભાર**

**તા. ૧૨-૯-૦૪**

## જીવિતસ્વામી પાર્શ્વપ્રભુની પ્રતિમાથી મંડિત એક માત્ર તીર્થ જીરાવલાજી : પ્રસંગ-૩૨

સ્થાનો-દેશોમાં જેને રાજા તરીકેનું ગૌરવવંતુ સ્થાન માન આપી શકાય, એ રાજસ્થાન ! સ્થાનો-દેશો તો ઘણાંઘણાં છે, પણ એમાં રાજ તરીકેના તાજને જે શોભાવી શકે, એવા રાજસ્થાનની વિશેષતા એની ધરતી પર ઠેરઠેર પ્રતિષ્ઠિત ગગનચુંબી શિખરોથી શોભી રહેલાં મંદિરો-તીર્થો છે. આવું જ એક જીરાવલાજી તીર્થ છે. સૈંકડો કિલોમીટરો સુધી વિસ્તીર્ણ અરાવલિ-ગિરિમાળાની ગોદમાં ગૌરવોન્નત શિખરે ખડા રહેલાં અગણિત મંદિરો-તીર્થોમાં પ્રભાવની દૃષ્ટિએ જીરાવલાજીની શાનમાન અને આનબાન તો કોઈ અનોખી જ છે.

તીર્થંકરોમાં પુરુષાદાનીય તરીકે પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વપ્રભુની એક અનોખી વિશેષતા જેમ એ છે કે, પ્રભુ-પાર્શ્વના જન્મ પૂર્વે જ એમની પ્રતિમાજીઓ બની ચૂકી હતી, તેમજ ખુદ તીર્થંકર બનનારા શ્રી નેમિકુમારે એ પાર્શ્વ-પ્રતિમાના પ્રક્ષાળજળના પ્રભાવે જરાસંઘની જરા નિવારી હતી, એમ જીરાવલાજી-તીર્થની અનેરી એક વિશેષતા એ છે કે, વિશ્વભરમાં ક્યાંય પણ ગમે તે પ્રભુજીની પ્રતિષ્ઠા થતી હોય, તો ત્યારે કેસરવર્ણા અક્ષરોમાં ગભારામાં ''ૐ હ્રીં શ્રીં જીરાઉલી પાર્શ્વનાથ રક્ષાં કુરુ કુરુ સ્વાહા'' લખવા દ્વારા આ પ્રભુજીનું સવિશેષ સ્મરણ કરાય છે. શ્રી જીરાવલા-પાર્શ્વનાથની આ વિશેષતા તો જગજાહેર છે. તદુપરાંત જીરાવલાજીની એકદમ અપ્રસિદ્ધ છતાં હસ્તલિખિત પ્રમાણોથી પ્રમાણિત, ક્યાંય જોવા ન મળે, એવી બીજી એક વિશેષતા એ છે કે, આ તીર્થમાં જીવિતસ્વામી પાર્શ્વનાથજી-પ્રભુ પ્રતિષ્ઠિત છે. જીવિતસ્વામી તરીકે શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાજીઓ અનેક ઉપલબ્ધ છે, પરંતુ જીવિતસ્વામી પાર્શ્વનાથ તરીકે તો એક માત્ર જીરાવલા-પાર્શ્વપ્રભુ જ વર્તમાન કાળમા ઉપલબ્ધ થાય છે.

જીવિતસ્વામી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાનો ઇતિહાસ કંઈક નીચે મુજબ છે. અપ્રસિદ્ધ હોવા છતાં આ ઇતિહાસ હસ્તપ્રત દ્વારા પ્રમાણિત છે.પાર્શ્વનાથ પ્રભુજીની વિદ્યમાનતામાં પ્રભુના પ્રથમ શ્રી શુભ ગણધરનો સદુપદેશ પામીને અર્બુદાચલની આસપાસમાં આવેલા રત્નપુર નગરના રાજવી ચન્દ્રયશે પાર્શ્વપ્રભુજીની પ્રતિમા ભરાવી, ઘણા કાળ સુધી પૂજાયા બાદ ભૂમિગત કરવામાં આવેલ એ પ્રતિમાજીનું સ્વપ્રસંકેત દ્વારા જીરાપલ્લી ગામમાં રહેતા ધાંધૂ નામક શ્રાવક દ્વારા વિ.સં. ૧૧૦૯માં સિંહોલી નદીમાંથી પ્રગટી કરણ થયું. એ પ્રતિમાજીની જીરાવલા-પાર્શ્વનાથ તરીકે પ્રતિષ્ઠા થયા પછી વિક્રમની ચોથી ને આઠમી સદી સુધીમાં મંદિરનો જીર્ણોદ્ધાર થતા રહ્યાનો ઉલ્લેખ મળે છે. પ્રભુ મહાવીર પરમાત્મા અર્બુદાચલ આસપાસની એ ભૂમિ પર વિચર્યા હોવાની જેમ જીરાપલ્લી જૈનોની મહાનગરી તરીકે પ્રખ્યાત હોવાના ઉલ્લેખો ઇતિહાસમાં મળે છે.

ભારતના ભાગલા થયા, એ પૂર્વે હાલાપ્રદેશ તરીકે ઓળખાતા પાકિસ્તાનના એ પ્રદેશના જૈન સંઘ પાસે હસ્તલિખિત પ્રતોનો એક સંગ્રહ હતો. હાલાનો એ જૈન સંઘ રાજસ્થાનના બ્યાવરમાં વસવાટ માટે એ હસ્તપ્રતોને પણ સાથે લઈને આવ્યો, બ્યાવરમાં એ હસ્તપ્રતો હાલા

**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

શ્રી મયુર એ. વોરા / શ્રી સશીકાંત એ. વોરા

૨,એ, વૃંદાવન, ૧૬એ, ટાગોર રોડ, શાંતાક્રુઝ (વેસ્ટ) મુંબઈ-૫૪.

**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

Prime Property Dev. Cor. Ltd

101, Soni Houre Plot no. 34, Gulmohar Rd.

No. 1 Juhu Scheme Vile Parle Parle (w) Mumbai-69.

જૈન સંઘના ભંડાર તરીકે સુરક્ષિત છે. એમાંની એક પ્રતમાં આજથી લગભગ ૮૦૦ વર્ષે પૂર્વે થયેલા શ્રી મેરુતુંગ સૂરિજી મહારાજે ઉપરોક્ત વિગતનો ઉલ્લેખ કર્યો છે.

મુગલ અને મુસ્લિમોનો ધર્માંધ યુગ આવતા જીરાવલા પાર્શ્વપ્રભુજીની પ્રતિમાને સુરક્ષાની દૃષ્ટિએ મૂળગભારામાંથી સ્થાનાંતર કરીને ભમતીમાં સ્થાપિત કરાવ્યા હોવાનું અનુમાન થઈ શકે. આ જ રીતે વિ.સં. ૨૦૨૦માં બાવન જિનાલયના રૂપમાં જીરાવલાજી-મંદિરનું જીર્ણોદ્ધાર પૂર્વકનું નવનિર્માણ મેવાડ કેસરી પૂ. આ. શ્રી હિમાચલ સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થવા પામ્યું, ત્યારે પણ મૂળનાયક જીરાવલા-પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાને ભમતીમાં જ પ્રતિષ્ઠિત રહેવા દેવાયા હોય, એ પણ સુસંભવિત ગણાય.

જે પાર્શ્વપ્રભુના પુણ્યનામથી જીરાવલાજીની ખ્યાતિ સર્વત્ર ફેલાયેલી હતી અને છે એ જીવિતસ્વામી પાર્શ્વનાથ પ્રભુજીને જ બાજુમાં બિરાજમાન થયેલા જોઈને અનેક પૂ. આચાર્યદેવો અને સંઘોને એવો મનોરથ થતો રહેતો હતો કે, આ પ્રતિમાજી મૂળનાયક તરીકે મૂળ મંદિરના જ મૂળ ગર્ભગૃહ ગભારામાં ક્યારે પ્રતિષ્ઠિત થાય ? આ પ્રતિમાજી છેલ્લી પ્રતિષ્ઠા પૂર્વે ગભારા બહાર દીવાલના ગોખલામાં બિરાજમાન હતી અને ત્યારે મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ પ્રભુજી વિદ્યમાન હતા. તીર્થ પાર્શ્વનાથ પ્રભુજીનું અને મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન ? આવા સવાલના ઉકેલ માટે છેલ્લી પ્રતિષ્ઠા વખતે શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની નવી પ્રતિમા મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવી. છેલ્લી પ્રતિષ્ઠા પછી કોઈ કારણસર આ મંદિરમાં શિલ્પ સંબંધી અનેક દોષો દૃષ્ટિ-ગોચર થતા રહ્યા હતા, તેમજ તીર્થના ગૌરવને અનુરૂપ આથીય વધુ સુંદર મંદિર હોવું જોઈએ, એમ ઘણાઘણાને વર્ષોથી એક સરખી રીતે પ્રતીત થઈ રહ્યું હતું. આ માટે ઘણી બધી વિચારણાઓ પણ થતી રહી હતી. પણ કાળ હજી પાક્યો હોય, એમ લાગતું નહતું. એથી માત્ર વિચારણાઓથી આગળ વધીને કોઈ નક્કર કાર્ય થતું નહતું. વહીવટદારો પણ મંદિરનો આમૂલ-ચૂલ જીર્ણોદ્ધાર થાય, એવી ભાવના સેવતા જ રહેતા હતા, કેમકે અનેકાનેક દોષો દૂર કરવાનો આ સિવાય કોઈ વિકલ્પ જ ન હતો. પાર્શ્વનાથ પ્રભુજીના તીર્થો તરીકે પ્રખ્યાત કેટલાય મંદિરો-તીર્થધામો જીર્ણોદ્ધરિત બન્યા બાદ યાત્રિકોને અનેરું આલંબન પૂરું પાડનારાં બની રહ્યાં હતાં, એ પણ વહીવટદારોની નજર સમક્ષ જ હતું. પરંતુ દૈવી-સંકેતો વિના પુનરુદ્ધારનું આ કાર્ય સંભવિત ન હતું.

આજથી થોડાક વર્ષ પૂર્વે આવો એક પ્રયત્ન થતા પ્રભુજીને વિનંતિ કરવામાં આવી કે, ઓ જીવિત જીરાવલા પાર્શ્વપ્રભુ ! આપને અમે મૂળનાયક તરીકે મૂળ ગભારામાં પ્રતિષ્ઠિત કરવાની ભાવના રાખીએ છીએ, આપ અમને સંમતિ સૂચક શકુન આપો. આ વિનંતિના સ્વીકાર રૂપે સંકેત અને શકુન મળી જતા વહીવટદારો અને ભારતવર્ષીય તીર્થભક્ત ભાવિકોના આનંદનો પાર ન રહ્યો. આની જ ફળશ્રુતિ રૂપે હાલ ચાલી રહેલું તીર્થોદ્ધારનું કાર્ય નવા નવા વિક્રમોના સર્જન પૂર્વક આગળ વધી રહ્યું છે. સૌ કોઈ એવી મનોરથ માળા ફેરવી રહ્યા છે કે, વિક્રમ-સર્જક જીર્ણોદ્ધાર વહેલી તકે પૂર્ણ થાય અને વિક્રમાતિવિક્રમસર્જક પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી પૂર્વક જીરાવલાનો જય જયકાર ક્યારે ગગનગામી બને, એ રીતે પુનઃ વહેલી તકે ગુંજી ઊઠે !

**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

અરવિંદકુમાર જી. દોશી

૨૧ પેટેવાડી, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૨

**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

મંછાલાલ એસ. જૈન

બી-૧૯, માધવબાગ ૪થે માળે, જાંબલી ગલી, બોરીવલી (વેસ્ટ) મુંબઈ-૯૨.

# ઓવારણા લેવા જેવી આયુર્વિદ્યા

○ શ્રમણ પ્રિયદર્શી

આયુર્વેદ અને એલોપથી : આ બંને આરોગ્યની પ્રાપ્તિ કરાવવાનો મુદ્રાલેખ ધરાવતી ઉપચાર-પદ્ધતિઓ હોવા છતાં બંને વચ્ચે આભગાભ જેવું અંતર કળાઈ આવે છે. આયુર્વેદ આરોગ્યને જ પ્રાધાન્ય આપતી અને રોગના મૂળને શોધીને એને જ ઉખેડવા મથતી ઉપચાર-પદ્ધતિ છે. આરોગ્યને જ પ્રધાનતા અને ધનાર્જનને ગૌણતા, આ આયુર્વેદની વિશેષતા છે. એલોપથી ધનાર્જનને મુખ્યતા આપીને રોગને ઉપર-ઉપરથી શમાવવા મથતી ઉપલકીયા ઉપચાર-પદ્ધતિ છે. એ ધનાર્જનને એટલી બધી પ્રમુખતા આપે છે કે, આરોગ્ય-પ્રાપ્તિ ગૌણ બની ગયા જેવી જણાય, આ એલોપથીની વિલક્ષણતા છે. બંને ઉપચાર-પદ્ધતિમાં કોક અપવાદ હોઈ શકે, એની ના નથી, પરંતુ મોટે ભાગે જોવા મળતી સ્થિતિનું ચિત્ર તો ઉપર મુજબ જ અંકિત કરી શકાય.

ઝંડુભટ્ટ આયુર્વેદના જાણકાર અને ઝંડુ ફાર્મસીના સંસ્થાપક વૈદરાજ હતા. એમના જીવનમાં વણાઈ ગયેલા નીતિ-નિયમોનું અણીશુદ્ધ પાલન તો પછીની વૈદ્ય-પરંપરામાં ક્યાંથી જોવા મળે ? છતાં 'સાપ ગયા લિસોટા રહ્યા' જેવી અથવા તો 'ભાંગ્યું તોય ભરૂચ' જેવી કહેવતો આજેય આજના વૈદરાજોની રહેણીકરણી તથા બોલચાલમાં ચરિતાર્થ થતી જોવા મળી રહી હોય, તો આયુર્વેદ-શિક્ષણની ગળથૂંથીમાંથી જ પીવા મળતી ધર્મધારાને જ આભારી એ ચરિતાર્થતા ગણી શકાય.

ઝંડુ ભટ્ટજી રાજવૈદ્ય તરીકે સુપ્રસિદ્ધ હતા. એકવાર વઢવાણના રાજવીએ ઝંડુ ભટ્ટજીને પોતાના ઉપચાર માટે બોલાવ્યા. રાજવી કોઈ ગંભીર બીમારીનો ભોગ બન્યા હતા, નાડી જોઈને આ પરિસ્થિતિ ઝંડુ ભટ્ટજી પામી ગયા, છતાં એમણે આયુર્વેદ પર વિશ્વાસ રાખીને રાજવીનો ઉપચાર શરૂ કર્યો. આયુર્વેદની ઉપચાર પદ્ધતિ એમના મોંઢે રમતી હતી. દર્દી તરીકે રાજવી હતા અને વૈદ્ય તરીકે ઝંડુ ભટ્ટજી હતા. એથી સારવાર માટે કશી જ કમીના ન રહે, એ સહજ હતું.

તૂટી એની બૂટી નહિ, આ કહેવત ઘણાની જેમ ઝંડુ ભટ્ટજીએ પણ સાંભળી તો હતી જ, પરંતુ એની સચ્ચાઈ-સાર્થકતાની અનુભૂતિ જાણે વઢવાણના રાજવીના માધ્યમે જ થવાનો ભાવિ-લેખ હશે ! એથી ઉપચારો કારગત ન નીવડ્યા અને એક દિ' વઢવાણના રાજવીનો જીવન-દીપ બુઝાઈ ગયો.

રાજવીનો પરિવાર શોકમગ્ન બની ગયો. પણ એ શોકમગ્નતા એવી નહતી કે, કર્તવ્ય પણ વીસરાઈ જાય. ઝંડુ ભટ્ટજીએ ઉપચાર કરવામાં જરાય કમીના રાખી ન હતી અને રાજવીના આરોગ્ય-લાભ ખાતર મોંઘી-મોંઘી ઔષધિઓનો પ્રયોગ કરવામાં પણ એમણે પાછું વળીને જોયું નહતું. આ રાજવી-પરિવારના ખ્યાલમાં જ હતું. એથી ચારેક હજાર જેવી રકમ ઝંડુભટ્ટજીને સન્માનસહ પહોંચાડવાનું કર્તવ્ય રાજ પરિવારે અવિલંબે અદા કર્યું. આ કર્તવ્ય-નિષ્ઠા આવકારવા જેવી હતી, પણ આ તો ઝંડુ ભટ્ટજી હતા. એમનો પોતાનો પણ અમુક જાતનો સિદ્ધાંત હતો. આવા અવસરે એની જાળવણી માટે ઝંડુ ભટ્ટજી સજાગ ન હોય, એ બને જ કઈ રીતે ? રાજવી પરિવાર તરફથી ફૂલ કે ફૂલપાંખડી તરીકે થયેલા એ સંપત્તિ-સમર્પણ પર નજર પણ ઠેરવ્યા વિના એમણે રાજવી પરિવારને જણાવ્યું કે, રાજવીને જો રોગમુક્ત કરી શકવામાં મને સફળતા મળી હોત, તો આ સમર્પણ સ્વીકારવાની હું જરાય આનાકાની ન જ કરત. મારો સિદ્ધાંત છે કે, દર્દીને જો રોગમુક્ત કરી શકવામાં સફળતા મળે, તો જ એની ઋણમુક્તિ રૂપે સમર્પિત થતી રકમ સ્વીકારવી. માટે તમારી ભાવનાને તો હું શિરોધાર્ય કરું છું. પણ સંપત્તિનું આ સમર્પણ હું એટલા માટે સ્વીકારી શકતો નથી કે, રાજવીને સાજા કરવામાં હું અસફળ રહ્યો છું. અસફળ એવો હું આ રકમ કઈ રીતે અને કયા મોંટે સ્વીકારું ?

રાજવી પરિવારે ઘણી ઘણી દલીલ કરી કે, તૂટી એની બૂટી નહિ. પરંતુ રાજવીના આરોગ્ય માટે આપે જે ભોગ આપ્યો, અને ઔષધિઓની પાછળ આપે પાણીના મૂલે જે પૈસા વહાવ્યા, એ બદલ તો આટલું સ્વીકારવું જ જોઈએ ને ? પણ ઝંડુ ભટ્ટજીનો જવાબ તો એ જ રહ્યો કે, રાજવીને સાજા કર્યા વિના જો હું આ રકમ સ્વીકારું, તો એ અણહક્કની અનીતિની ગણાય. આવી અનીતિ આચરતા મને સાચું આયુર્વેદ સાફસાફ ના પાડે છે. આયુર્વેદના નકાર ઉપર હું તમને કઈ રીતે ખુશ કરી શકું ?

આર્ય-દેશની આવી બોધપ્રદ આયુર્વિદ્યા પર ઓવારી જવાય તો નવાઈ નહિ. જોકે ઝંડુ ભટ્ટજી જેવી સિદ્ધાંતનિષ્ઠા આજે જોવા મળતી નથી. છતાં 'ભાંગ્યુ તોયે ભરૂચ'ની કહેવતને ઓછાવત્તા અંશે ચરિતાર્થ કરતા એ ઝંડુ ભટ્ટજીના અંશ-વંશ સમા વૈદ્યરાજો આજે પણ પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યા છે, એય આ દેશનું સૌભાગ્ય ગણાય.

ડીપોઝીટરૂપે અમુક રકમ મળ્યા બાદ જ ગમે તેવો ગંભીર કેસ હાથમાં લેતા ડોક્ટરોથી ઉભરાતી આજની હોસ્પિટલોની હાલત જોતાં અને સારવાર નિષ્ફળ જતા શબમાં ફેરવાઈ ગયેલા દર્દીના દેહનો કબજો સોંપતા પૂર્વે સારવારની જંગી ફી વસૂલી લેવાની માનવતા વિરુદ્ધ ડોક્ટરોની રીતરસમ જોતાં આજે આવા ઝંડુ ભટ્ટજીની સવિશેષ સ્મૃતિ થયા વિના રહે ખરી ?

**શ્રી શત્રુંજય-ગિરિરાજની મુખ્ય પાંચ ટૂકોમાંની એક વિચ્છેદ ટૂંક સમા**

# ઢંક-ગિરિ મહાતીર્થનો ઈતિહાસ અને જીર્ણોદ્ધાર

**તળેટીમાં ૨૭ હજાર સ્કે.ફૂટમાં નિર્માણ પામી રહેલ સર્વ પ્રથમ સિદ્ધચક્ર યંત્રમય જિનાલય**

**-: ઢંક-ગિરિ તીર્થોદ્ધાર પ્રેરણાદાત્રી :-**

**સાધ્વીરત્ના પૂ. સાધ્વીજીશ્રી ચારુવ્રતાશ્રીજી મ.**

**જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર, એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર.**

**કોઈ અનેરું જગ નહિ, એ તીરથ તોલે, એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સીમંધર બોલે.**

શત્રુંજય ગિરિરાજનો મહિમા ખુદ સીમંધર સ્વામીએ સ્વમુખે વર્ણવ્યો છે. હજી પણ આગળ જોઈએ.

**ઢંક કદંબ ને કોડી નિવાસો, લોહિત તાલધ્વજ સુર ગાવે, ગિરિવર.**

**ઢંકાદિક પંચ ટૂક સજીવન, સુરનર મુનિ મળી નામ થપાવે ગિરિવર**

રયણ ખાણ જડી બુટ્ટી ગુફાઓ. રસકુંપિકા ગુરૂ ઇહાં બતાવે, ગિરિવર દરિશન વિરલા પાવે. શત્રુંજયની ટૂંકો જેમાં ઢંક નામ પહેલુ આવે છે. જ્યાં રત્નોની ખાણ છે, જડીબુટ્ટી અને ઔષધિઓ છે. જ્યાં ગુફાઓ અને રસકુંપિકા છે. તે જ શત્રુંજયની એક ટૂક ઢંક ગિરિ ! આ બધી જ વસ્તુઓ આજ પણ ઢંક ગિરિ ઉપર વિદ્યમાન છે, આ ગિરિરાજ ઉપર નાગાર્જુને સુવર્ણ રસની પ્રાપ્તિ કરેલી, કાલિકાચાર્ય ભગવંતે પણ રસસિદ્ધિ પ્રાપ્ત કરેલી, પૂર્વે ઢંક-ગિરિ ઉપર ૩૧ જિનાલયો હતા, જેના પુરાવા અને પ્રતીતિ રૂપે આજ ઘણી ઘણી પ્રતિમાઓ નીકળે છે, ગિરનાર ઉપર બિરાજમાન મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ અહીંથી નીકળેલ અને બીજી પણ ઘણી પ્રતિમાઓ ગિરનાર ઉપર બિરાજમાન કરેલ છે, રાજકોટ માંડવી ચોકમાં ચિંતામણી પાર્શ્વનાથ દાદા, ધોરાજી ગામમાં શિખર ઉપર બિરાજમાન બધી પ્રતિમાઓ તથા માણિભદ્રવીર, પ્લોટમાં બિરાજમાન ૧૫ ઇંચના પ્યોર સોનાના મૂળનાયક સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુજી, ૧૯૪૭માં નીકળેલા. હજી પણ પ્યોર સોનાના ૪ પ્રતિમા, ૫૧ પંચધાતુના અને આરસના ઘણાં પ્રતિમાઓ ભૂગર્ભમાં ધરબાયેલ છે, એવા ૧૦૦ વર્ષ જૂના ઉલ્લેખો મળે છે.

આવા પવિત્ર ગિરિરાજ ઉપર જ સિદ્ધચક્રયંત્રમય જિનાલય બનાવવાની પૂજ્યશ્રી તરફથી પ્રેરણા થઈ. પરંતુ ગિરિરાજ પર શક્ય એ ન બનતા કાળક્રમે આજે તળેટીની ગોદમાં આખા વિશ્વમાં નહોય, તેવું પ્રથમ સિદ્ધચક્રયંત્રમય જિનાલય ૨૭૦૦૦ સ્કે. ફૂટમાં બની રહેલ છે.

શાશ્વત ગિરિરાજ ! શાશ્વત સિદ્ધચક્રયંત્રમય જિનાલય ! અને ઋષભ-ચંદ્રાનન આદિ શાશ્વત જિન-પ્રતિમાઓ ! આમ શાશ્વત ત્રિવેણી સંગમ તીર્થ અને પ્રતિમાઓ વિશ્વમાં પહેલું જ બની રહેલ છે.

આ જિનાલય એ પ્રકારનું બનશે કે, બધા જ લોકોને આ તીર્થમાં આવવાની ભાવના પ્રગટે. કારણ કે આ તીર્થમાં ૯ ગ્રહ, ૧૦ દિક્પાલ, લક્ષ્મીદેવી અંબિકામાતા, સિદ્ધચક્રમાં જેટલા દૈવીતત્ત્વો આવે છે, તે બધા જ પંચધાતુમાં બિરાજમાન થશે. એટલે સિદ્ધચક્ર પૂજન ભણાવવું હોય તો માંડલું કાઢવાની જરૂર રહેશે નહિ.

આ તીર્થનો મહિમા કેટલો ગાવો અને વર્ણવવો ! જો કે યથાર્થરૂપે વર્ણવવાની, ગાવાની કે લખવાની કોઈની તાકાત જ નથી. છતાં પણ ઘણો ઘણો પ્રયત્ન કરી આ તીર્થને જાગતું કરવાની ભાવના ગુરૂદેવની જેમ ઘણા બધાના શ્વાસે શ્વાસમાં, રગેરગમાં વહી રહી છે. તો આ વાંચીને લાંબો વિચાર કર્યા વિના આ તીર્થની સ્પર્શના કરવા જરૂર પધારો, તીર્થનો સ્પર્શ જ અનંતાભવોના પાપોનો ક્ષય કરવા સમર્થ છે. જ્યારે આદિનાથ ભગવાન પૂર્વ નવ્વાણુંવાર ગિરિ ઉપર પધાર્યા, ત્યારે ઉપર એક પણ દેરાસર ન હતું, માત્ર તીર્થની જ પવિત્ર સ્પર્શના પ્રભુએ કરી હતી.

આવા મહાન તીર્થનો જીર્ણોદ્ધાર તો મહાન પ્રભાવક કોઈ આચાર્ય ભગવંતની જ પ્રેરણાથી શક્ય બને. તે આપ સૌને વિદિત છે. પરંતુ અમારા સહુના ઉપકારી ઢંકગિરિ તીર્થોદ્ધારિકા પૂ. સાધ્વીરત્ના ચારુવ્રતાશ્રીજીની પ્રેરણાથી જેને કોઈ જાણતું જ નથી, એવા મહાન શાશ્વત તીર્થની ખૂબ જ શોધ ખોળ પછી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરવાનું બીડું ઝડપી લઈને જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. જે સૌ કોઈ માટે ગૌરવ લેવા જેવું છે. સિદ્ધાચલની ટૂંક ઢંકગિરિ છે. તેના પ્રમાણો ખુદ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા છપાયેલ ''જૈન તીર્થ સર્વ સંગ્રહ'' ઉપરાંત જગડુ ચરિત્ર, શત્રુંજય કલ્પવૃત્તિ, જૈન પરંપરાનો ઇતિહાસ, ગિરનાર માહાત્મ્ય ઇત્યાદિ અનેક ગ્રંથોમાં પણ આજેય ઉપલબ્ધ છે.

આ તીર્થમાં ૧૩૦૦૦ સ્કે. ફૂટની ભોજનશાળા, ૨૪ બ્લોક ધરાવતી અદ્યતન સુવિધાયુક્ત ધર્મશાળા, તળેટીમાં પગલા વગેરેનું નવનિર્માણ થઈ ગયેલ છે.

ઓસમ-પહાડ ઢંકગિરિ-મહાતીર્થમાં નીચે મુજબ બસ દ્વારા આવી શકાય છે. આ તીર્થ રાજકોટથી ૧૦૦ કિ.મી., ધોરાજીથી ૨૨ કિ.મી., અમદાવાદથી બાટવા હાઈવે પર ૩૦૦ કિ.મી., ગિરનાર-જૂનાગઢથી ૨૬ કિ.મી. અને ઉપલેટાથી ૧૨ કિ.મી. દૂર આવેલું છે.

## : સંપર્ક-સૂત્ર :

**શ્રી ઓસમ જૈન ટેમ્પલ ટ્રસ્ટ** (ટ્ર. રજી સં.-એ-૨૪૮૪)
પોસ્ટ : પાટણવાવ-૩૬૦૪૩૦, વાયા. ધોરાજી, જિ. રાજકોટ, સૌરાષ્ટ્ર
ફોન : (૦૨૮૨૪) ૨૮૭૨૦૦, ૨૮૭૩૩૮
શ્રી વિનુભાઈ મહેતા, વર્ધમાન કેમિકલ્સ, મેહુલ પારેખ
ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૯ ફોન **(O)** ૨૦૪૬૭૯૨ **(R)** ૩૬૩૬૦૨૪

### અરિહંત-આરાધક-ટ્રસ્ટના આવકાર્ય ભાવાનુવાદો

**ઉપદેશપદ ગ્રંથ** ભાગ-૧-૨. ગ્રંથકાર : શ્રી હરિભદ્રાચાર્ય, ટીકાકાર : પૂ. આ. શ્રી મુનિચન્દ્ર સૂરિજી મ., ગુજરાતી ભાવાનુવાદકાર : પૂ. આ. શ્રી રાજશેખર સૂરિજી મહારાજ. બૃહત્કથાનુવાદકાર : પૂ. મુનિરાજશ્રી સુમતિશેખર વિજયજી મ., સંપા. સહયોગ. પૂ. મુ. શ્રી ધર્મશેખર-દિવ્યશેખર વિજયજી મ., પ્રકા. અરિહંત આરાધક ટ્રસ્ટ, હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ, ૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝ સામે, આગ્રા રોડ, ભીવંડો-૪૨૧૩૦૫, ક્રાઉન આઠપેજી સાઇઝ પૃષ્ઠ ૫૦૪, ડી ૫૩૦ બંને ભાગનું મૂલ્ય : ૪૦૦-૦૦.

**આચાર પ્રદીપ** ગ્રંથકાર : પૂ. આ. શ્રી રત્નશેખરસૂરિજી મ., ગુજરાતી ભાવાનુવાદકાર પૂ. મુનિરાજ શ્રીધર્મશેખર વિજયજી મ., પ્રકા. આદિ ઉપર મુજબ. પેજ ૩૦૦. મૂલ્ય-૧૧૦-૦૦

**શ્રાદ્ધવિધિ.** ભાવાનુવાદકાર : પૂ. મુનિરાજશ્રી સમતિશેખર વિજયજી મ., પ્રકા. આદિ ઉપર મુજબ પૃષ્ઠ ૨૯૮, મૂલ્ય ૧૧૦-૦૦.

**શ્રાવક પ્રજ્ઞપ્તિ પ્રકરણ.** ગ્રંથકાર : વાચકવરશ્રી ઉમાસ્વાતિ મહારાજ. ટીકાકાર : શ્રી હરિભદ્રાચાર્ય. ગુજ. ભાવાનુવાદકઃ પૂ. આ. શ્રી રાજશેખર સૂરિજી મ., ડેમી સાઈઝ, પૃષ્ઠ ૩૫૮. મૂલ્યઃ ૧૦૦-૦૦

**પ્રશમરતિપ્રકરણ** 'ગ્રંથકાર આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૨૫૮. મૂલ્યઃ ૧૦૦-૦૦ પોકેટ સાઈઝ પુસ્તિકા પૃષ્ઠ ૧૪૬. મૂલ્ય : પઠનપાઠન.

**શ્રી વીતરાગ સ્તોત્ર.** ગ્રંથકાર શ્રી હેમચંદ્રાચાર્ય, ભાવાનુવાદ આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૧૭૧. મૂલ્ય : પઠન-પાઠન.

**સંસ્કૃત શબ્દ રૂપાવલિ.** સંપા. પૂ. મુનિરાજ શ્રીધર્મશેખર વિજયજી મ. સંક. પૂ. ~~સાધ્વીજી~~ શ્રુતદર્શિતાશ્રીજી. પ્રકા. આદિ ઉપર મુજબ. ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૨૪૦, મૂલ્ય : ૫૦-૦૦ અનેક ગ્રંથોના ભાવાનુવાદક તરીકે સર્વમાન્ય; સુપ્રસિદ્ધ અને સિદ્ધહસ્ત તરીકે સકળ સંઘમાં જાણીતા-માનીતા પૂ. આ. શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ અનેકાનેક ગ્રંથોનો ભાવાનુવાદ કરીને સંઘ ઉપર અવિસ્મરણીય ઉપકાર કર્યો છે. એમની સતત ચાલતી શ્રુતોપાસનાના ફળ રૂપે ઉપરોક્ત દળદાર પ્રકાશનો - પુસ્તકો ખૂબ જ સુંદર મુદ્રણ પૂર્વક પ્રગટ થયાં છે જુદા જુદા સંઘોએ જ્ઞાનખાતામાંથી આનાં પ્રકાશનનો લાભ લઈને એક આદર્શ ખડો કર્યો છે. સ્તવન-સજ્ઝાય આદિના ચીલાચાલુ પુસ્તકોનાં પ્રકાશન પાછળ આજે જ્ઞાનદ્રવ્યનો ઠીકઠીક દુરુપયોગ વધી રહ્યો છે, ત્યારે આ રીતે પ્રાચીન ગ્રંથોના અનુવાદ, પ્રકાશનમાં જ્ઞાનદ્રવ્યથી પણ લાભ લેવાની ઉદારતાની અનુમોદના કરવા પૂર્વક ઉપરના પ્રકાશનોનું હાર્દિક સ્વાગત ! ઉપરોક્ત ગ્રંથોમાં કયા કયા વિષયો વર્ણવાયા છે ? એની ઝાંખી મેળવી લેવાથી આ ભાવાનુવાદ ગ્રંથોની મહત્તા-ઉપયોગિતાનો ખ્યાલ આવી શકશે. **'ઉપદેશપદ'**માં અનેકાનેક કથાઓ સહિત ઉપદેશ યોગ્ય પદાર્થો વિવેચાયા છે. ૧૨ વ્રત સંબંધી કથાનકો પણ આમાં વર્ણવાયા છે. **'આચાર પ્રદીપ'** પંચાચારનો વિષય અનેકાનેક કથાનકો સહિત સુંદર શૈલીમાં સમજાવે છે. જ્ઞાનાચારના વિષય તરીકે 'ઉપધાન' સંબંધી સુંદર માહિતી આમાંથી મળી શકે છે. **'શ્રાદ્ધવિધિ'** તો ખરેખર ખૂબ ખૂબ વંચાતો ગ્રંથ છે. આના અનેક અનુવાદો પ્રગટ થઈ ચૂક્યા હોવા છતાં પ્રસ્તુત અનુવાદની વિશેષતા એ છે કે, ગ્રંથ વાચન દરમિયાન જ્યાં પંક્તિનો બરાબર અર્થ ખ્યાલ ન આવતો હોય, ત્યાં આ અનુવાદ વિશેષ ઉપયોગી બની જશે.

શ્રાવકના ૧૨ વ્રતો, અષ્ટકર્મ, આદિનો વિષય અતિસૂક્ષ્મતાથી **'શ્રાવક પ્રજ્ઞપ્તિ'**માં વિવેચિત થવા પામ્યો છે. આમાં પણ પદાર્થની સ્પષ્ટતા અને સમજણ માટે અનેક દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. માત્ર વાચી લેવા જેવો જ નહિ, પણ જેના પદાર્થો હૃદયસ્થ બને, એ માટે કંઠસ્થ કરી લેવા જેવો ગ્રંથ **'પ્રશમરતિ'** છે. ગોખતા ગોખતા ગાથાર્થનો ખ્યાલ આવે અને ગાથાર્થ સમજીને પછી ગોખી શકાય, એ માટે પોકેટ સાઈઝનું **'પ્રશમરતિ'**નું પ્રકાશન પણ અત્યુપયોગી નીવડશે. **'વીતરાગ સ્તોત્ર'** ભગવાન તરફની ભક્તિમાં ભરતી જેવો ઉછાળ લાવે, એવી આ સ્તોત્ર રચના કંઠસ્થ કરીને 'ચૈત્યવંદન' તરીકે પણ બોલી શકાય એમ છે. આમ, ઉપરોક્ત

પ્રકાશનો પઠન-પાઠન માટે તો અત્યુપયોગી નીવડે એવા હોવાથી મોટા મોટા જ્ઞાનભંડારોમાં તો આની એકથી વધુ નકલો હોવી જ જોઈએ. સ્વાધ્યાય માટે આવી સુંદર સામગ્રી સુલભ કરાવવા બદલ ભાવાનુવાદક-પ્રકાશક-સહાયક આદિ સૌનો સંઘ ઋણી રહેશે. સંસ્કૃતના અભ્યાસી માટે અત્યુપયોગી થાય, એવી 'શબ્દરૂપાવલિ'નો સંગ્રહ **'સંસ્કૃત શબ્દ રૂપાવલી'**માં થવા પામ્યો છે. પ્રાંતે રજૂ થયેલ સમાનવાચી શબ્દકોષ અત્યુપકારી બને એવો છે. રૂપાવલિનો કડકડાટ પાઠ એ સંસ્કૃત-ભણતરનો પાયો ગણાય, આ દૃષ્ટિએ આ પાયાનું અને પ્રાણવાન સંકલન ગણાય. **'અરિહંત આરાધક ટ્રસ્ટ-ભીવંડી'**ના આ ગૂર્જર ભાવાનુવાદ-ગ્રંથોનું હાર્દિક સ્વાગત !

**ઝાકળબિંદુ.** પૂ. પં. શ્રી મહાબોધિ વિજયજીગણી, પ્રકા. જિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ, હસમુખભાઈ પારેખ, ૫૧, બોધિવિહાર, ગોખલે રોડ, નોર્થ, દાદર-મુંબઈ-૨૮. પૃષ્ઠ ૭૪. મૂલ્ય : ૪૦-૦૦

ઝાકળબિંદુની ઝલક ઝીલતાં મુખપૃષ્ઠની મનોહરતાથી ઉડીને આંખે વળગે એવાં પ્રકાશન **'ઝાકળબિંદુ'**માં ગુજરાતી-સાહિત્યમાંથી ખાસખાસ ચૂંટેલી ૩૦ કાવ્યપંક્તિઓ સચોટ વિવેચન અને મનોહર મુદ્રણ પૂર્વક પ્રસિદ્ધ થઈ છે. પૃષ્ઠની એક તરફ કાવ્યપંક્તિ અને એને અનુરૂપ ચિત્ર તેમજ સામી બાજુ પર સચોટ વિવેચન ચિંતન આ પદ્ધતિથી સંપૂર્ણ પુસ્તક મુદ્રિત બન્યું છે. ટાઈટલ અને મુદ્રણની દુનિયામાં નિતનવાં રૂપ-સ્વરૂપો દાખલ થતાં જાય છે, ત્યારે પ્રસ્તુત પુસ્તક એક નમણું નજરાણું બની રહેવાની સમતા ધરાવે છે.

**સૂત્ર ગંગા-શ્રાવક અતિચાર સૂત્ર.** પ્રકા. બાલુભાઈ પોપટલાલ શાહ પરિવાર, ચન્દ્રલોક, બી/૧૬, માનવમંદિર રોડ, વાલકેશ્વર, મુંબઈ-૬. (ફોન : ૨૩૬૨૫૪૩૯) ડેમી સાઈઝ પૃષ્ઠ ૮૦, મૂલ્ય : સદુપયોગ.

આમ તો આમાં એક માત્ર શ્રાવક અતિચાર જ મુદ્રિત છે, પણ જે રીતે મોટા ટાઈપમાં આનું મુદ્રણ થયું છે, એ આની વિરલ વિશેષતા છે. એવો અનુરોધ કર્યા વિના રહી શકાતું નથી કે, અતિચાર ગોખવા જેને અઘરા પડતા હોય, એ જો આ પુસ્તકના આધારે અતિચારને કંઠસ્થ કરવાનો પ્રારંભ કરે, તો અતિચારને ગોખવા, એના માટે સાવ સરળ બની જાય. નીચે ફુટનોટમાં અઘરા શબ્દોનો પરમાર્થ આપવામાં આવ્યા છે. અતિચારમાં 'તે સવિ મને વચને' આ પ્રયોગ વારંવાર આવે છે પણ અહીં 'હું' અર્થમાં નહિ, પરંતુ 'હુ' સાચેસાચ-ખરેખર એવા અર્થમાં પ્રયોજાયો છે. આવી ઘણી સ્પષ્ટતા આમાં થવા પામી હોવાથી પ્રસ્તુત **'સૂત્ર ગંગા'** સૌએ વસાવી લેવા જેવું પ્રકાશન છે.

**સમરાદિત્ય-મહાકથા : ભૂમિકાનાં પ્રવચનો.** પ્રવચનકાર : પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજી મ., સંપા. પૂ. આ. શ્રી કીર્તિયશ સૂરિજી મ., પ્રકા. સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧. ડેમી સાઈઝ, પૃષ્ઠ ૧૫૨. મૂલ્ય : ૩૦-૦૦.

**સમરાદિત્ય મહાકથા.** ભાવાનુવાદક : પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ., સંપા. આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૪૯૬ મૂલ્ય : ૧૦૦-૦૦.

**સન્માર્ગ પ્રશ્નોત્તર-૩-૪.** પ્રશ્નોત્તરદાતા : પૂ. આ. શ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મ., પ્રકા. આદિ ઉપર મુજબ પૃષ્ઠ ૭૧/૭૧ મૂલ્ય : ૨૦/૨૦-૦૦.

સુંદર અને સુઘડ પ્રકાશનો માટે જાણીતા સન્માર્ગ પ્રકાશનનાં ઉપરનાં ચાર પ્રકાશનો જોતાંની સાથે જ ઉડીને આંખે વસી જાય એવાં છે. એટલું જ નહિ, ખૂબ ખૂબ મનનીય સાહિત્યથી સભર અને સમૃદ્ધ પણ છે. પ્રાકૃત-ભાષામાં રચાયેલી કથા-સૃષ્ટિમાં શ્રી હરિભદ્રાચાર્ય દ્વારા રચિત 'સમરાઈચ્ચ કહા સમરાદિત્યકથા' આ એક ખૂબ ખૂબ મોટું નામ-ઠામ છે. આની ભૂમિકા રૂપે અપાયેલાં પ્રવચનો પ્રથમ પ્રકાશનમાં સંગૃહીત છે. સમરાદિત્યકથાનાં રહસ્ય સુધી પહોંચવું હોય, તો આ ભૂમિકા-પ્રવચનો વાચવાં જ રહ્યાં. કેમ કે આમાં પ્રાસંગિક બીજા પણ કેટલાય વિષયો પર વેધક વિવેચન થવા પામ્યું છે. બીજાં પુસ્તકમાં શ્રીહરિભદ્રાચાર્ય વિરચિત સમરાદિત્ય-કથાનો ખૂબ જ સુંદર શૈલીથી થયેલો ભાવાનુવાદ શબ્દસ્થ બન્યો છે. વેરનો વિપાક સૂચવતી અને હૈયાને હચમચાવી મૂકતી ગુણસેન-અગ્નિશર્માથી આરંભાઈને 'સમરાદિત્ય-ગિરિસેન' તરીકે વિરામ પામતી દસ દસ ભવોની આ કથા ખરેખર વાચવા જેવી છે. અનુવાદ રસાળ છે. છતાં લગભગ અક્ષરશઃ અવતરણ થવા પામ્યું છે. પૂર્વાવૃત્તિ વર્ષોથી અપ્રાપ્ય બની હતી, આ પુનરાવૃત્તિ રૂપેરંગે પણ વધુ રળિયામણી બનવા

પામી છે. બંને પ્રકાશનો એકબીજાનાં પૂરક બનવાની ક્ષમતા ધરાવે છે. ૧૦૦/૧૦૦ પ્રશ્નોત્તરોના સંચયથી સમૃદ્ધ **'સન્માર્ગ પ્રશ્નોત્તર'**ના ત્રીજા-ચોથા ભાગમાં ૨૦૧ થી ૩૦૦ અને ૩૦૧ થી ૪૦૦ સુધીના પ્રશ્નોત્તરો સંગૃહીત થયા છે. વિષયાનુક્રમ જોવાથી વિષય-વૈવિધ્યનો અંદાજ આવી શકે છે. વહીવટ, પૂજા-પૂજન, જૈન પંચાંગ, ઉકાળેલું પાણી અને ફ્રીજ-પંખો, ગૃહમંદિર આદિ અનેકાનેક વિષયો પર આમાં મનનીય માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

**સચિત્ર જિનપૂજા-વિધિ, सचित्र जिनपूजाविधि.** સંપા. પૂ. મુનિરાજ શ્રી રમ્યદર્શન વિજયજી મ., પ્રકા. મોક્ષપથ પ્રકાશન પં. પરેશભાઈ જે. શાહ, જી-૨, નિર્મિત, એપાર્ટમેન્ટ, જેઠાભાઈ પાર્ક સામે, પાલડી, અમદાવાદ-૭. બુકલેટ સાઈઝ પૃષ્ઠ ૧૦૮, મૂલ્ય : ૩૦-૦૦.

**આવશ્યક ક્રિયા-સાધના.** બીજી આવૃત્તિ. સંપા. આદિ ઉપર મુજબ. મોટી ક્રા. સાઈઝ પૃષ્ઠ ૨૮૦.

આજના જૈન સંઘમાં જો સૌથી વધુ પ્રમાણમાં આચરાતું કોઈ અનુષ્ઠાન હોય, તો તે 'જિનપૂજા'નું છે, આમ છતાં અવિધિ-આશાતનાની જાણતાં અજાણતાં જેમાં ઠીકઠીક ઉપેક્ષા સેવવામાં આવતી હોય, એવું અનુષ્ઠાન પણ કદાચ આ જ હશે ? આજની પરિસ્થિતિ જ્યારે આવી છે, ત્યારે **'સચિત્ર જિનપૂજા વિધિ'** ખરેખર મહત્વનું પ્રકાશન-માર્ગદર્શન બની રહે છે. કારણ કે આમાં જિનપૂજા સંબંધિત નાની-મોટી અનેક બાબતો પર વેધક પ્રકાશ પાથરવામાં આવ્યો છે, ચિત્રો-ફોટાઓ પૂર્વકનું એ માર્ગદર્શન હોવાથી પુસ્તિકા વધુ સચોટ-સપ્રાણ બની છે. પૂજ્યશ્રી દ્વારા લિખિત-સંપાદિત 'આવશ્યક ક્રિયા સાધના' નામક દળદાર પુસ્તકની પાંચ હજાર નકલ, પ્રસિદ્ધ થઈ હતી, હિન્દીમાં પણ એની ૩ હજાર નકલ પ્રગટ થયેલ. આમાં 'જિનપૂજા' વિષયક જે માહિતી પ્રકાશિત થયેલ, એ જ માહિતી સ્વતંત્ર પુસ્તિકા રૂપે ગુજ. ઉપરાંત હિન્દીમાં પણ પ્રકાશિત થયેલ છે. જિનપૂજા વિષયક લગભગ ૩૪ બાબતો-મુદ્દાઓ પર આમાં ચિત્ર સહિત માર્ગદર્શન કરાવાયું છે. પૂજા જ નહિ, મંદિરમાં જ પ્રવેશવા ભાવનાશીલ હર કોઈએ આ પુસ્તિકા વાચીને 'કમ સે કમ વિધિ'થી તો માહિતગાર બનવું જ રહ્યું. ફોરકલરમાં આર્ટ પેપર ઉપર સંપૂર્ણ મુદ્રિત દળદાર ગ્રંથ સમા પ્રકાશન **આવશ્યક ક્રિયા-સાધના'**ની પાંચ હજાર નકલમાં પ્રકાશિત આ દ્વિતીયાવૃત્તિ વધુ સમૃદ્ધ બનીને પ્રગટ થયેલ છે. પ્રથમ આવૃત્તિનો વિસ્તૃત પરિચય આ પૂર્વે પ્રગટ થઈ ચૂક્યો હોવા છતાં એટલું લખવાની લાલચ રોકી શકાય એવી નથી કે, પ્રતિક્રમણ-સામાયિક-પ્રભુપૂજા જેવી આવશ્યક-ક્રિયાઓને સાચી ફ્લશ્રુતિ પામવા, એને 'સાધના'ની ઊંચાઈ સુધી લઈ જવી અનિવાર્ય ગણાય, અને આ માટે 'સંપૂર્ણ સચિત્ર આવશ્યક-ક્રિયા-સાધના'નું વાચન-મનન-પુનઃ પુનઃ પઠન-ચિંતન માત્ર આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય ગણી શકાય. આવશ્યક-ક્રિયાઓને 'સાધના'માં પલટાવવાની ભાવનાનું જાગરણ કરવા પણ રૂપેરંગે અત્યાકર્ષક આ પુસ્તક વાચવું-વસાવવું જ રહ્યું.

**તિલક-મંજરી.** વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી, પ્રકાશક : નવયુગ પુસ્તક ભંડાર, (બુક સેલર્સ-પબ્લીશર્સ) નવા નાકા રોડ, ૧લે માળે, રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૨૨૫૫૯૬, ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૨૮૦. મૂલ્ય : ૧૫૦-૦૦.

**વાસવદત્તા.** લેખક આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૨૮૦, મૂલ્ય : ૧૫૦-૦૦.

**અલખ નિરંજન.** લેખક આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૨૯૬. મૂલ્ય ૧૬૦-૦૦

**ચોવીશ તીર્થંકર.** વિમલકુમાર મોહનલાલ ધામી, પ્રકાશક આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૩૦૪. મૂલ્ય : ૧૨૫-૦૦.

**સિદ્ધસેન દિવાકર.** લેખક આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૨૦૦, મૂલ્ય : ૧૧૦-૦૦.

**ગુજરાતનાં જૈનતીર્થો.** લેખક આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૧૨૦. મૂલ્ય : ૬૫-૦૦.

જૈન ઇતિહાસને સવિશેષ રીતે સંપૂર્ણ વફાદાર રહીને સાહિત્યનું સર્જન કરનારાઓમાં શ્રીયુત ધામીનું એક આગવું નામ-કામ હતું. પિતાનાં પગલે પગલે ચાલીને શ્રી વિમલકુમારે પણ એક આગવી ઓળખ ઊભી કરી છે. પિતાપુત્રના મુખ્યત્વે જૈન ઇતિહાસ સંબંધી કથાનકો-પુસ્તકો પ્રકાશિત કરવા દ્વારા 'નવયુગે' જે નામના મેળવી છે, એય અનોખી છે. નવયુગ-પ્રકાશિત હાલ ઉપલબ્ધ ધામી-સાહિત્યનું વેચાણ-મૂલ્ય રૂપિયા ૬,૦૫૬ થાય, ત્યારે વિમલકુમાર ધામીના ઉપલબ્ધ સાહિત્યનું મૂલ્ય રૂપિયા ૩,૪૯૮ થાય. આના

આધારે પણ પ્રકાશિત સાહિત્યની વિશાળ-માત્રાનો અંદાજ આવી શકે. આ સાહિત્ય પુનઃ પુનઃ પ્રકાશિત થઈને ફેલાતું જ રહે છે. તાજેતરમાં જ પ્રકાશિત પુસ્તકોનો પરિચય નીચે મુજબ છે.

કવિ ધનપાલ રચિત **'તિલકમંજરી'**ની પૌરાણિક રસભરપૂર સળંગવાર્તા ૨૮ પ્રકરણોમાં ધામીની કલમે **'તિલકમંજરી'**માં શબ્દસ્થ બનવા પામી છે. મહાસતી મૃગાવતીના પુત્ર રાજવી-ઉદયન અને રાણી વાસવદત્તાની ઐતિહાસિક કથાવસ્તુ ૨૫ પ્રકરણોના વિસ્તારપૂર્વક **'વાસવદત્તા'**માં આલેખાઈ છે. જ્યારે **'અલખ નિરંજન'**માં બંગાળના રાજવી ગોપીચંદના સંન્યસ્ત-જીવનની તવારીખ કંડારાઈ છે. જેમાં નાથ સંપ્રદાયની સંસ્કૃતિનું દર્શન થવા પામે છે. આવા કથા સાહિત્યને શ્રૃંગાર-રસની છાંટથી સાવ મુક્ત બનાવી શકાય, તો જૈનસંઘમાં હજી વધુ પ્રમાણમાં એ આવકાર્ય બને અને વંચાય, એમાં બે મત નથી. વિમલકુમાર ધામીએ **'ચોવીશ તીર્થંકર'**માં ચોવીસે ચોવીસ તીર્થંકર-પ્રભુનાં સંક્ષિપ્ત-જીવન પૂર્વભવોની ઝાંખી સહિત આલેખ્યાં છે. અને એ ખૂબ ખૂબ લોકપ્રિય નીવડ્યાં છે. વિ. સં. ૨૦૪૮માં પ્રથમાવૃત્તિ પ્રગટ થયા બાદ હાલ એની ચોથી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. કલ્યાણમંદિર સ્તોત્રના રચયિતા શ્રીસિદ્ધસેન દિવાકર સૂરિજીનું જીવન **'સિદ્ધસેન દિવાકર'**માં ૧૨ પ્રકરણો રૂપે આલેખિત છે. ગુજરાતમાં ફેલાયેલા નાનાં-મોટાં અને જૂનાં-નવાં ૧૧૧ તીર્થોની માહિતી અને રૂપરેખા **'ગુજરાતનાં જૈન તીર્થો'**માં વાચવા મળે છે. ઠીકઠીક તીર્થોની છેલ્લામાં છેલ્લી માહિતી આમાં સંગૃહીત છે. કેટલાક તીર્થોની માહિતી ખૂબ જ વિસ્તારથી સંકલિત થઈ છે, જ્યારે કેટલાક સ્થળે અતિસંક્ષેપમાં માહિતી સંકલન થઈ છે. વાચકોને વિસ્તૃત માહિતી માટે જિજ્ઞાસા હોય એ સ્વાભાવિક છે. દ્વિતીયાવૃત્તિમાં વાચકોની આવી જિજ્ઞાસા જરૂર સંતોષવામાં આવશે, એવી અપેક્ષા રાખવી અસ્થાને નહિ ગણાય.

**સ્થાનાંગ સૂત્ર-ભાગ, ૧-૨.** સંપા. પૂ. મુનિરાજશ્રી જયાનંદ વિજયજી મ., પ્રકા. શ્રીગુરુ-રામચન્દ્ર-પ્રકાશન-સમિતિ, શા. દેવીચંદ છગનલાલજી, સદર બજાર, ભીનમાલ-૩૪૩૦૨૯. ક્રા. આઠ પેજી સાઈઝ પૃષ્ઠ ૫૦૪/૪૩૪.

**ચાલો, જીવન જીવી જાણીએ.** લેખક-સંપા. આદિ ઉપર મુજબ. ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૭૪.

શ્વે. મૂ. તપગચ્છ સંઘમાં તો સવિશેષ રીતે પૂ. ગીતાર્થ-ગુરુભગવંતો પરમ પવિત્ર અને ગણિપિટક રૂપે ગોપનીય આગમશાસ્ત્રોની ભાષાંતર-પ્રવૃત્તિને સુવિહિત માનતા નથી, આટલા મૂળ-મુદ્દાને સ્વીકૃત રાખીને, સ્થાનાંગ સૂત્રના ઉપરોક્ત પ્રકાશનનો પરિચય પામવો હોય, તો નીચે મુજબ પામી શકાય. શ્રી સ્થાનાંગ સૂત્ર પર રચાયેલી શ્રી અભયદેવ સૂરિજી મહારાજની ટીકાના આધારે આઠકોટી સ્થાનકવાસી સંપ્રદાયવર્તી ઉપા. શ્રી દેવચંદ્રજી કૃત ગુજરાતી અનુવાદ વર્ષો પૂર્વે પ્રકાશિત થયો હતો. માત્ર મૂળ સૂત્રને સ્વીકારનારા સંપ્રદાયે આ રીતે ટીકાનું પ્રામાણ્ય સ્વીકાર્યું, એથી એ અનુવાદ વાંચીને પ્રમુદિત બનેલા પૂજ્યશ્રીએ એને પુનઃ પ્રકાશિત કરવા પૂર્વે આવાં સંપાદનો માટે જાણીતા પૂ. આ. શ્રી મુનિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શનાનુસાર ટીકાના રહી ગયેલા કેટલાંક શ્લોકોનો સમાવેશ કરીને દળદાર બે વિભાગમાં પ્રસ્તુત સ્થાનાંગ સૂત્ર પ્રકાશિત કરાવ્યું છે. આ. શ્રી દેવેન્દ્ર મુનિ 'શાસ્ત્રી' દ્વારા લિખિત હિન્દી પ્રાસ્તાવિક ઉપરાંત પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરિજી મ. લિખિત 'આવકાર'માં ટૂંકો સારગ્રાહી પરિચય આલેખાયો છે. પ્રથમ વિભાગમાં ૧ થી ૪ અને બીજામાં ૫ થી ૧૦ અધ્યયનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાં સંકલિત કેટલાક પદાર્થો તત્વો તો અન્યત્ર જવલ્લેજ વાચવા મળે, એવા અદ્ભુત છે. પૂ. મુનિશ્રીએ પ્રકાશન-સંપાદન પાછળ ઠીકઠીક શ્રમ ઉઠાવ્યો છે. **'ચાલો જીવન જીવી જાણીએ.'**માં મુખ્યત્વે ઘણા વર્ષો પૂર્વે પ્રકાશિત' વિવિધ વૈરાગ્ય ગર્ભિત જ્ઞાનમાળા'ને નજર સમક્ષ રાખીને સંકલિત થયેલી સાહિત્ય-સામગ્રી મુદ્રિત બનવા પામી છે. અનેકાનેક વિષયો પર વેધક પ્રકાશ પાડતું આ પ્રકાશન જીવન કઈ રીતે જીવી જાણવું, એ જાણવા વસાવવા યોગ્ય છે.

**પ્રભુનું દર્શન, કરે પાપ વિસર્જન.** પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ., સંકલન. પૂ. મુનિરાજ શ્રી કલ્પરત્ન વિજયજી મ., પ્રકા. દિવ્યદર્શન ટ્રસ્ટ, કુમારપાળ વિ. શાહ, કલિકુંડ સોસા. ધોળકા-૩૮૭૮૧૦. ક્રા. ૧૬ પેજી પૃષ્ઠ ૧૪૪. મૂલ્ય : ૨૫૦૦.

**રોટલાની રામાયણ કાંકરાએ સુધારી.** લેખક આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૧૪૪, મૂલ્ય ૨૦.૦૦.

પ્રભુનું દર્શન કેવી રીતે કરવું જોઈએ કે, જેથી પાપનું વિસર્જન થઈ શકે, આ મુખ્ય મુદ્દાને સ્પર્શતું લેખન-ચિંતન પ્રસ્તુત પુસ્તકમાં ૨૫ જેટલા પ્રકરણો-પેટા શીર્ષકો દ્વારા રજૂ થયું છે. 'દિવ્યદર્શન'ની ફાઈલોમાંથી તારવીને ઉપરોક્ત વિષયને અનુરૂપ લખાણો સંકલિત કરવાનો પૂજ્યશ્રીએ આમાં પ્રશંસનીય-પ્રયાસ કર્યા છે.

**'ભુવનભાનુ વાર્તાસંગ્રહ-૧'** તરીકે પ્રકાશિત **'રોટલાની રામાયણ કાંકરાએ સુધારી'**માં ૨૧ જેટલા વાર્તા-પ્રસંગો ઉપદેશક શૈલીથી સંકલિત થવા પામ્યા છે. વાર્તાઓ બોધક અને સચોટ હોવા ઉપરાંત પૂજ્યશ્રીની ઉપદેશ-શૈલીનો સ્પર્શ પામીને એની બોધકતા અને સચોટતામાં કેટલો બધો ઉમેરો થવા પામ્યો છે, એનો અંદાજ મેળવવા તો વાચકોએ સ્વયં આ વાર્તાસંગ્રહ જ વાચવો રહ્યો.

**ભાવચૈત્યવંદન.** વિવેચન. પૂ. પં. શ્રી રત્નસેન વિજયજી ગણિવર, પ્રકા. દિવ્યસંદેશ પ્રકાશન, સુરેન્દ્ર જૈન, ૪૭, કોલભાટ લેન, ઓ. નં. ૫, ડો. એમ. બી. વેલ્કર લેન, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ-૨. ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૯૦. મૂલ્ય : ૪૦-૦૦.

ચૈત્યવંદનોપયોગી સૂત્રો તરીકે જેની ગણના થાય છે. એવા સકલકુશલ વલ્લી, જગચિંતામણિથી પ્રારંભીને 'વેયાવચ્ચગરાણં' સુધીના સૂત્રોની વિવેચના **'ભાવ-ચૈત્ય-વંદન'**માં શબ્દસ્થ બની છે. ભૂમિકા, સંક્ષિપ્ત પરિચય, મૂલ સૂત્ર, શબ્દાર્થ, સામાન્યાર્થ અને વિશેષાર્થ-આ ક્રમ પૂર્વક દરેક સૂત્રની વિવેચના-સરળ શૈલીથી રજૂ કરવામાં આવી છે. હિન્દીભાષામાં આવાં પ્રકાશનોની અતિ આવશ્યકતા છે.

**મહારાષ્ટ્ર જિનમંદિર દર્શનયાત્રા માર્ગ દર્શિકા.** સંગ્રા. પૂ. મુનિરાજશ્રી દર્શનયશ વિજયજી મ., પ્રકા. પ્રબોધભાઈ આર. શાહ, ૭૮/૨૧, બીજે માળે, પાટણ જૈન મંડળ નં. ૩, એફ રોડ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦. ડેમી સાઈઝ પૃ. ૪૮.

**૫૭ વાર્તાઓ** (બુકમાં નામ જ નથી છપાયું.) સંગ્રા. આદિ ઉપર મુજબ પૃષ્ઠ ૮૦.

**મા મને માફ કરી દે.** સંપા. આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૮૦.

**પંચ પ્રતિક્રમણ સૂત્રો.** સંપા. આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૯૬

**પંચ પ્રતિક્રમણ વિધિસહિત** સંપા. આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૮૦,

**राइअ प्रतिक्रमण विधिसहित** સંપા. આદિ ઉપર મુજબ બુકલેટ સાઈઝ પૃષ્ઠ ૬૯.

**સ્નાત્ર-પંચ કલ્યાણ પૂજા વિધિસહિત.** સંપા. આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૬૪.

**પંચકલ્યાણતપ.** સંપા. આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૬૪.

**૧૦૦ સજ્ઝાયો ભા. ૨.** સંપા. આદિ ઉપર મુજબ. પૃષ્ઠ ૯૬.

ઉપરોક્ત પુસ્તકો મોટા અક્ષરોમાં સચિત્ર પ્રકાશિત થવાં પામ્યાં છે. પુસ્તકનાં નામ પરથી જ પુસ્તકમાં સંગૃહીત વિષયનો ખ્યાલ સહેલાઈથી આવી જાય એમ છે. પ્રથમ પુસ્તકમાં થોડાક નકશાઓના મુદ્રણપૂર્વક ૨૭૫ મંદિરોના સરનામાં સંગૃહીત છે. ઘણાખરા મૂળનાયકોના ફોટા પણ મુદ્રિત છે. બીજી અનામી બુકમાં ૫૭ વાર્તા છે. સંગૃહીત છે. **'મા મને માફ કરી દે.'** આ પુસ્તિકમાં માતા-પિતા તરફની ભક્તિનું જાગરણ થાય એવું પઠનીય સાહિત્ય સંચયિત થયું છે. **'પંચપ્રતિક્રમણ સૂત્રો'**માં ચાર થોયના ૧૯૨ જોડા, પર્યુષણ સ્તવનાદિ પણ સંકલિત છે. પછીની બુકમાં દેવસી પખ્ખા આદિ પ્રતિક્રમણોની વિધિ સંયોજિત થઈ છે. એજ રીતે હિન્દીટાઈપમાં રાઇ પ્રતિક્રમણ વિધિ મુદ્રિત બની છે. **'પંચકલ્યાણતપ'**માં વિધિસહિત મૌન એકાશીનું ગણણું તથા **'સ્નાત્ર પંચકલ્યાણ પૂજા'**માં અષ્ટપ્રકારી પૂજા-દૂહા, સ્તુતિઓ પણ સંકલિત છે. **'૧૦૦ સજ્ઝાયો'**માં દ્વિતીય ભાગ રૂપે સજ્ઝાયોનો સંચય થયો છે. બધા જ પ્રકાશનો સચિત્ર છે. ફોટા ઓછા છપાય એ હજી ચાલે, પણ ફોટા-મુદ્રણ આકર્ષક હોય, શંભુમેળા જેવું ન હોય, એનો ખ્યાલ રાખવો ખાસ જરૂરી ગણાય. મેટરના મુદ્રણ અંગે પણ આવો જ ખ્યાલ રખાય તો આ બધાં પ્રકાશનો વધુ લોકપ્રિય નીવડીને લોકોપકારક બની શકે. લગભગ પુસ્તકો જ્ઞાનખાતાની સહાય મળતાં પ્રકાશિત થયા છે. દરેક બુક પર અમુક રકમ જ્ઞાન ખાતે સમર્પિત કરીને પછી જ બુકની માલિકી કરવાની શ્રાવક-શ્રાવિકાને સૂચના આપતું સ્ટીકર લગાવાયું હોવા છતાં આના અમલ અંગે પણ એટલી જ જાગૃતિ-તકેદારી રાખવી જરૂરી જણાય છે. કેમકે આવું સાહિત્ય બહુધા શ્રાવક સંઘને જ ઉપકારક બનતું હોય છે.

**જ્ઞાનસાર-દ્વિતીયા-વૃત્તિ.** સંપા. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી મ., માલતીબહેન શાહ ભાવનગર. પ્રકા. શ્રુતજ્ઞાન પ્રસારક સભા, જીતેન્દ્ર કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ, ૧૨/બી, સત્તર તાલુકા સોસા. પોસ્ટ, નવજીવન, અમદાવાદ-૧૪. પ્રતાકાર-પુસ્તક પૃષ્ઠ ૧૨ + ૩૦૦, મૂલ્ય ૧૦૦-૦૦

**સત્તરભેદી પૂજા.** પૂર્વ સંપા. પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મ., પુનઃ સંપા. પ્રકા. આદિ ઉપર મુજબ. ડેમી સાઈઝ પૃષ્ઠ ૭૮. મૂલ્ય : ૧૦-૦૦

થોડા જ મહિનાઓ પૂર્વે જેની સુવિસ્તૃત સમાલોચના પ્રસિદ્ધ થઈ હતી, એ **'જ્ઞાનસાર-સ્વોપજ્ઞ બાલાવબોધ'**ની દ્વિતીયાવૃત્તિ થોડાક જ મહિનાઓમાં પુનઃ પ્રકાશિત થઈ રહી છે, એથી પ્રસ્તુત આવૃત્તિના વિષયમાં વધારા રૂપે એટલું જ લખવું ઉચિત ગણાશે કે, પ્રાંતે ઉમેરાયેલી આઠેક પૃષ્ઠમાં વિસ્તૃત 'अकारादिक्रम'ની પૂર્તિથી આની ઉપયોગિતા ઠીક ઠીક વધી જવા પામી છે. ૨૦૬૩ની સાલનું આ પ્રકાશન આ જ સાલમાં પુનરાવૃત્તિ પામે છે, આ તો આની દીવા જેવી સ્પષ્ટ વિશેષતા છે જ. **'સત્તરભેદી પૂજા'** આજથી નજીકના જ ભૂતકાળમાં પ્રતિષ્ઠા-સાલગીરી-મહોત્સવ જેવા પ્રસંગે શાસ્ત્રીય સંગીત રૂપે ગવાતી-સંભળાતીઝીલાતી 'પૂજા' હતી, આજે માત્ર એ વંચાતી-પૂજા રૂપે જ જાણે માંડ માંડ અસ્તિત્વ ટકાવી રહી હોય એવું જોવા મળે છે એના શાસ્ત્રીય-રાગોની જાણકારી લગભગ ભૂલાઈ ગઈ છે, એથી રાગોની તોડફોડ કરીને એ ગવાતી હોય, એમાં ગાનાર-સાંભળનારને મજા પણ શી આવે ? માટે જ આ પૂજાનું પ્રચલન આજે બહુ જ ઓછું થઈ ગયેલું દેખાય છે. માટે સૌ પ્રથમ આ પૂજાના શાસ્ત્રીય-રાગોના જાણકાર સંગીતકારો પેદા થવા જોઈએ. તો પછી એને ગાનારાં-ઝીલનારાં નીકળવાનાં જ. આવી ફલશ્રુતિની આશાથી 'સત્તરભેદી પૂજા'માં નોટેશન યુક્ત શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય કૃત પૂજા રજૂ થઈ છે. વર્ષો પૂર્વે પ્રખર સંગીતકાર શ્રી ગુલામરસુલખાં દ્વારા સંયોજિત નોટેશન પ્રસિદ્ધ થયું હતું. 'સત્તરભેદી-પૂજા'ના રાગોના શિક્ષણ માટે 'માસ્ટર કી'ની ગરજ સારતી આ પુસ્તિકાના માધ્યમે થોડા પણ સત્તરભેદી પૂજાના શાસ્ત્રીય સંગીતકારો પેદા થાય, તો આ પરિશ્રમ સફળ !

**અહો આશ્ચર્યમ્.** પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ, પ્રકા. રત્નત્રયી ટ્રસ્ટ, પ્રવીણકુમાર દોશી, ૨૫૮, ગાંધી ગલી, સ્વદેશી માર્કેટ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨. ડેમી સાઈઝ પૃષ્ઠ ૯૯.

**તો પછી ક્યારે ?** લેખક આદિ ઉપર મુજબ. બુકલેટ સાઈઝ, પેજ ૯૮.

**દિલ્હી દિલવાલાની.** લેખક આદિ ઉપર મુજબ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૦.

સળંગ વાર્તા, એ પાછી સચિત્ર, વળી સરસ્વતી લબ્ધ-પ્રસાદની કલમે એનું કથા-ચિત્રણ, પછી એ વાર્તાની રસિકતા અને રોમાંચકતામાં શી કમીના રહે ? 'માનતુંગ-માનવતી' રાસના આધારે લખાયેલી અને 'બંધ સમય ચિત્ત ચેતીએ ઉદયે શો સંતાપ'નું પ્રેરણા-ગીત પાનેપાને ઘૂમરાવતી સંભળાવતી એક સળંગવાર્તા 'અહો આશ્ચર્ય'માં શબ્દાંકિત બની છે. ૧૦ પ્રકરણોમાં વિસ્તૃત આ સળંગવાર્તાનું શબ્દશિલ્પ તો દર્શનીય છે જ, પણ આમાં રજૂ થયેલ પ્રસંગ-ચિત્રો પણ ઉડીને આંખે વળગે એવા આકર્ષક બનવા પામ્યા છે. દીકરાને હિતેચ્છુ બાપ શિખામણ આપતા બરડો પંપાળીને કહે કે, અત્યારે જો તું નથી કમાતો, તો પછી ક્યારે કમાઈશ ? બરાબર આવી જ અદાથી શ્રમણ-જીવનને અનુલક્ષીને પૃષ્ઠ પૃષ્ઠનું પ્રમાણ ધરાવતી ૯૮ જેટલી બોધક વાતો દિલને અપીલ કરી જાય એવી શૈલીમાં પૂજ્યશ્રીએ **'તો પછી ક્યારે ?'**માં શબ્દસ્થ કરી છે. અમદાવાદ, સુરત, મુંબઈ, ઇન્દોરમાં સ્વાનુભૂત પ્રસંગો અલગ અલગ પુસ્તક રૂપે રજૂ કર્યા બાદ એ જ શબ્દ-શૈલીમાં **'દિલ્હી દિલવાળાની'** નામક ટ્રસ્ટના ૨૦૮મા પુસ્તકમાં દિલ્હીના અનુભવો પૂજ્યશ્રીએ આલેખ્યા છે. 'ઠગોની નગરી તરીકે' તો દિલ્હીને આખી દુનિયા ઓળખે છે. પણ આ જ નગરીને પૂજ્યશ્રીએ ૧૦૦ જેટલા પ્રસંગોના માધ્યમે દિલવાળાની નગરી તરીકેની જે ઓળખાણ આપી છે, એ ખરેખર જાણવા-માણવા જેવી છે. ભારતની રાજધાની દિલ્હી છે, એમ આપણું દિલ પણ આત્મ-સામ્રાજ્યની રાજધાની છે, એને સદ્ગુણોનું સંદેશવાહક કઈ રીતે બનાવવું, એના બોધપાઠ મેળવવા આ પુસ્તક વાંચવું જ રહ્યું.

**ફૂલ ખીલ્યું બાગમાં.** લેખક પૂ. આ. શ્રી રાજેન્દ્ર

સૂરીશ્વરજી મહારાજ, સંપા. સંયો. પૂ. આ. શ્રી રાજશેખર સૂરીશ્વરજી મ., પ્રકા. શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ, ૧૩, વિમલનાથ ફ્લેટ, ૧, શ્રીમાળી સો., નવરંગપુરા, અમદાવાદ-૯. પૃષ્ઠ ૨૧૨ મૂલ્ય : ૪૦૦-૦૦.

**તારાના ઝબકારા-૧.** લેખક-સંપા. આદિ ઉપર મુજબ. ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૫૦. મૂલ્ય : ૧૦૦-૦૦.

**કથા કુસુમ ભા. ૧, ૨.** પૂ. મુનિરાજ શ્રી રાજહંસ વિજયજી મ., પ્રકા. આદિ ઉપર મુજબ, પૃષ્ઠ ૧૭૪/૧૫૭ મૂલ્ય : ૪૦/૪૦-૦૦.

ટૂંક સમયમાં જ સાહિત્ય-ક્ષેત્રે અનેરી નામના-કામના મેળવવામાં સફળતા સિદ્ધ કરનારા 'શ્રુત જ્ઞાન સંસ્કાર પીઠ' તરફથી ઉપરનાં પ્રકાશનો અતિ સુંદર રૂપરંગમાં પ્રકાશિત થવાં પામ્યા છે. સુપ્રસિદ્ધ સાહિત્યકાર ને પ્રવચનકાર પૂ. આચાર્યદેવશ્રીએ **'ફૂલ ખીલ્યું બાગમાં'** નામક સચિત્ર પ્રકાશનમાં સમ્રાટ ચંદ્રગુપ્તથી આરંભીને સમ્રાટ સંપ્રતિ સુધીનો તેજોજ્વલ ઇતિહાસ સળંગ કથારૂપે શબ્દાંકિત અને ચિત્રાંકિત કર્યો છે. સંપૂર્ણ પુસ્તક ફોર કલરમાં અને ગ્લેઝ પેપર પર મુદ્રિત થવા પામ્યું છે. ૪૫ પ્રકરણોનો વિસ્તાર ધરાવતી આ સળંગ કથાના માધ્યમે ચન્દ્રગુપ્ત-ચાણક્ય ઉપરાંત સમ્રાટ સંપ્રતિના ઇતિહાસની સાથે સાથે મૌર્યવંશની મહાનતા આંખ સામે ખડી થઈ જવા પામે છે. પાને પાને પ્રકાશિત ચિત્રોએ તો આ પુસ્તકને સપ્રાણ બનાવી દીધું છે. પહેલાં પાનાનો વાચક છેલ્લું પાનું પૂર્ણ ન કરે, ત્યાં સુધી કથારસ ઉત્તરોત્તર વૃદ્ધિંગત બનતો જ રહે છે, જે આ કથાલેખનના કૌશલ્યની પ્રતીતિ કરાવી જાય છે. ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત સાહિત્યમાં આ પ્રકાશન આપબળે આપમેળે જ અગ્રગણ્ય સ્થાનમાન પામી જવા સમર્થ છે. **'તારાના ઝબકારા'**માં **'પ્રશ્ન વ્યાકરણ દશાંગ'** ઉપરનાં પ્રવચનો પ્રકાશિત થવા પામ્યા છે. પ્રથમના ૩ અધ્યયનો પરનાં પ્રવચનો આમાં સંગૃહીત છે. આગમના તાત્વિક પદાર્થો પરની વિવેચના આમાં દાખલા-દલીલોના માધ્યમે ખૂબ જ રસાળ-શૈલી પૂર્વક રજૂ થઈ છે. શ્રી સૂયગડાંગ સૂત્ર આધારિત પ્રવચનો **'વરસે વાદળ હરખે હૈયાં'**ના નામે દળદાર સાત ભાગોમાં પ્રકાશિત થયા બાદ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર આધારિત આ પ્રવચન શ્રેણી હવે પછી ચારેક ભાગમાં પ્રકાશિત થશે, એવો અંદાજ છે. આ પ્રથમ ભાગમાં વિવેચિત પદાર્થો જિજ્ઞાસુઓ માટે જ્ઞાનની અમૃત પરબ સમા બની રહેશે. અને બાકીના ભાગોનું પ્રકાશન જલદી થાય, એ માટેની જિજ્ઞાસાનું અચૂક જાગરણ કરનારા નીવડશે. અમાસની રાતે ઝળકતા તારાઓનું હૂબહૂ દૃશ્ય ખડું કરી જતા મુખપૃષ્ઠથી મંડિત આ પ્રકાશન ખાસ પઠનીય છે. પૂ. મુનિરાજ શ્રી રાજહંસ વિજયજી મહારાજની કલમે લખાયેલી કથાઓ **'શાંતિ સૌરભ'** માસિકનું એક આગવું આકર્ષણ ગણી શકાય. સંઘમાં ઠેરઠેર વંચાતા આ પ્રિય માસિકમાં પૂજ્યશ્રીની સચોટ કલમે લખાયેલી કથાઓમાંથી તારવેલી નાની મોટી ૧૪૯ જેટલી કથાઓ 'કથા કુસુમ'ના પ્રથમ-દ્વિતીય ભાગમાં શબ્દસ્થ બનવા પામી છે. વિવિધ વિષયોને સ્પર્શતા આ કથા પ્રસંગો ખરેખર વાચવા જેવા છે. પ્રાચીન-અર્વાચીન સાહિત્યના આધારે લખાયેલી આ વાર્તાઓ 'કથા-રસિયા'ઓ માટે તો ગોળનું ગાડું બની જવાની સમર્થતા ધરાવે છે. સુંદર-શુદ્ધ મુદ્રણ અને અત્યાકર્ષક ટાઇટલથી સુશોભિત આ સાહિત્ય-થાળનું હાર્દિક સ્વાગત !

**શ્રી શાલિભદ્ર મહાકાવ્ય.** અનુવાદક-ટીકાકાર : પૂ. પં. શ્રી મુક્તિચન્દ્ર-મુનિચન્દ્ર વિજયજી ગણિવર, સંપા. પૂ. મુનિરાજશ્રી મુક્તિશ્રમણ-મુક્તિચરણ વિજયજી મ., પ્રકા. સામખીયાળી વી. ઓ. શ્વે. પૂ. જૈન સંઘ, સામખીયાળી કચ્છ ૩૭૦૧૫૦, પ્રતાકાર પૃષ્ઠ ૪૩૬.

**આકાશ ગંગા.** સંપા. સંયો. આદિ ઉપર મુજબ. ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૯૮.

**ઉપદેશ ધારા.** સંપા. સંયો. આદિ ઉપર મુજબ પૃષ્ઠ ૪૫૮.

ઉપરોક્ત સાહિત્ય-થાળ દ્વિતીયાવૃત્તિ રૂપે અતિ સુંદર રૂપરંગથી સમૃદ્ધ બનીને પ્રકાશિત થવા પામ્યો છે. પ્રતાત્મકમાં પ્રકાશનમાં પંડિત શ્રી ધર્મકુમાર વિરચિત શાલિભદ્રનું મહાકાવ્યાત્મક જીવન ગુંફિત છે. ચિત્તને ચમત્કૃત કરાવી જાય એવી એ કાવ્ય-રચના પૂજ્યશ્રી વિરચિત ટીકાથી સમૃદ્ધ બનીને પ્રકાશિત થવા પામી છે. શાલિભદ્રવિષયક ઢગલાબંધ


માહિતી આમાં સંગૃહીત છે. પ્રાંતે ગુજરાતીમાં ટીકાનો ભાવાંશ રજૂ કરાયો છે. મહાકવિઓની રચનાઓને ટક્કર મારે એવી આ કાવ્યરચના એકવાર અવશ્ય વાંચવા જેવી છે. વિવિધ વાચનમાંથી વીણેલું ૫૪ વિષયોનું સુવિચાર-સંકલન **'આકાશ ગંગા'**માં સંકલિત છે. પ્રેરક-બોધક બને એવી આ સાહિત્ય ચૂંટણી **'જ્ઞાનગોચરી'** તરીકે બિરદાવી શકાય એવી છે. બ્લેક બોર્ડ પર લખવા આ સંકલન અત્યુપયોગી નીવડે એવું છે **'બજે મધુર બંસરી'** નામક પ્રકાશન પણ જેમાં સહ પ્રકાશિત છે, એવા દળદાર પુસ્તક **'ઉપદેશધારા'**માં ૪૪ જેટલા વિષયો પરનું ઉપદેશ-વહેણ સંકલિત થવા પામ્યું છે. વિવિધ સાહિત્યમાંથી સંકલિત કરાયેલો આ સંગ્રહ ખૂબ ખૂબ બોધકપ્રેરક બને એવો છે. પંન્યાસપદને શોભાવતા બંધુ મુનિવરો પાસે સર્જન ઉપરાંત સંકલન-સંપાદન વિષયક અદ્‌ભુત કૌશલ્ય છે, જેથી સંઘને આવું સાહિત્ય સતત મળતું જ રહે છે.

**પદ્મદર્શન.** પત્ર-લેખક : પૂ. પં. શ્રી પુંડરિક વિજયજી ગણિવર. પ્રકા. નિશીથભાઈ શાંતિલાલ શાહ, એ-૫૦૨, શ્રીમંગલ સો. રામનગર, દેરાસર લેન, જૈન મંદિર સામે, બોરીવલી વેસ્ટ, મુંબઈ-૯૧. ડેમી સાઈઝ પેજ ૧૩૬.

**પત્રગંગા, પ્રેરણાપીયૂષ, પદ્મપરિમલ** જેવા પત્રસંગ્રહો ખૂબ ખૂબ લોકભોગ્ય બન્યા છે, એ જ શ્રેણીમાં પ્રસ્તુત પુસ્તક **'પદ્મદર્શન'** પણ એટલું જ લોકપ્રિય નીવડ્યા વિના નહિ જ રહે. લગભગ ૭૫ જેટલા વિષયો પર પત્રલેખન, ચિંતન-મનન, પ્રસંગ નિરૂપણની શૈલીથી લખાયેલ પ્રેરક-બોધક સંચય આમાં સંગૃહીત છે. આમાંના કેટલાક લખાણો ઈતર સાહિત્યમાંથી સંકલિત કરતા પૂર્વે જૈન શાસનની મર્યાદા મુજબ સંશોધિત કરવા જરૂરી હતા. ભાવિના પ્રકાશનોમાં જરૂર આવો ખ્યાલ-ઉપયોગ રાખવામાં આવે એની અપેક્ષા. આમ છતાં એકંદર **'પદ્મદર્શન'** પ્રેરક-બોધક બને એવું પ્રકાશન છે.


ફોન : ૨૭૫૫૨૬૯૮ / ૯૮૯૮૦૩૬૦૩

**તુરત જ કોમ્પ્યુટર દ્વારા સચોટ શાસ્ત્રોક્ત સુક્ષ્મ ગણતરી દશાવાળા**



**મહાદશા**

**કુંડળી જન્માક્ષર**

**લગ્ન મેળાપક (ગુણ દોષ સાથે)**

**ઉપાય - કિશોરેલેજી / દશા શનિ પનોતી સાથે**

**વર્ષફળ**

ફક્ત રૂા. ૫૧માં **M.O.** ફોર્મમાં જન્મ તારીખ, જન્મ સમય, જન્મસ્થળની માહિતી મોકલી. ગુજરાતી-હિન્દી-અંગ્રેજીમાં ઘેરબેઠા મેળવવા મળો / લખો.

**'ફોરચ્યુતા' કોમ્પ્યુટર જન્માક્ષર**

૧૦, મેઘવર્ષા એપાર્ટ. બેંક ઓફ બરોડા સામે, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૧૩.


**સમાલોચના હવે પછી : जैन-विधि-विधान सम्बन्धी साहित्य का बृहद् इतिहास**

પૂ. સા. શ્રી સૌમ્યગુણાશ્રીજી, પ્રાચ્ય વિદ્યાપીઠ, રાજાપુર-મં. પ્ર. **गागर में सागर सत्य की खोज-४, कथा सरित, सरल हृदया** પૂ. મુ. શ્રી જયાનંદ વિ. મ. ગુરુરામચન્દ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ. **सिद्धहेम लघुवृत्ति,** નવજીવન ગ્રંથમાળા ટ્રસ્ટ, મુંબઈ. **रामसीन : अंजनशलाका स्मृतिग्रंथ, રત્નસંચય પા. ૪** હિન્દી-ગુજ. પૂ. આ. શ્રી રત્નાકર સૂરિજી મ. શ્રી રંજન વિજયજી જૈન પુસ્તકાલય, માલવાડા. **અજારા પાર્શ્વનાથ પંચતીર્થીનો ઇતિહાસ જૈન કારખાના પેઢી, ઉના. ब्रह्मचर्य नवतत्त्व विवेचन, યુથ વીલ સીને થીન** (અંગ્રેજી) પૂ. પં. શ્રી રત્નસેનવિજયજી ગણિવર દિવ્યસંદેશ પ્રકાશન, મુંબઈ. **સમકિતનો સંગ, મુક્તિનો રંગ, કથા સન્માર્ગની-૧, ઉચિત આચરણ-૧, પંચસૂત્ર-પ્રાર્થના** પૂ. આ. શ્રી કીર્તિયશ સૂરિજી મ., સન્માર્ગ પ્રકાશન, અમદાવાદ.

# નૂતન અરિહંત વંદનાવલિ

૦ રચયિતા : પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મહારાજ

*જિનેશ્વરના અને જિનશાસનના જયગાન ગાતી, 'વર્ધમાન દ્વાત્રિંશિકા'ના અદ્‌ભુત ભાવોની મુલાકાત કરાવતી અને હૃદયમાં 'વીતરાગભક્તિ'ની મસ્તી પેદા કરી દેતી આ 'નૂતન અરિહંત વંદનાવલિ'ની ગુજરાતી પદ્ય રચના પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મહારાજે કરી છે ખૂબ ખૂબ ભાવવાહી આનું ગાન **'એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું'** નામથી પ્રચલિત અરિહંત વંદનાવલિના રાગમાં જ કરવામાં આવશે, તો હૈયું ભાવ અને ભક્તિથી ભીનુભીનુ બની ગયા વિના નહિ જ રહે.* **સંપા.**

## વીતરાગ ભગવંતનો અપૂર્વ મહિમા

જેને નમે ઇંદ્રો નરેન્દ્રો દાનવેન્દ્રો ભાવથી
જે જ્ઞાન દર્શન ચરણમાં સમરસ થયાં પરિણામથી
જે ધર્મ શાસન સ્થાપતાં લાયક જીવોને તારતાં
**એવા પ્રભુ અરિહંતને વંદન કરું વંદન કરું. (૧)**

મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-જ્ઞાનીઓ જેને નમે
શાસન સ્વીકારે જે જીવો મનના તિમિર તેના ટળે
સદ્‌ભાગ્ય છે આ વિશ્વનું વીતરાગ અમને સાંપડ્યાં
એવા પ્રભુ અરિહંતને... (૨)

જ્યાં બુદ્ધિ ના પહોંચી શકે એવું સ્વરૂપ છે આપનું
સંબુદ્ધ ને કલ્યાણકર ચિન્મય સ્વરૂપ છે આપનું
મહાતત્ત્વવેદી છો તમે ત્રણલોકના રક્ષક તમે
એવા પ્રભુ અરિહંતને... (૩)

## અઢાર દોષથી રહિત અરિહંતો

નિદ્રા લહે ના જે પ્રભુ નિંદા કરે ના કોઈની
કામાભિલાષા ચિત્તને લવલેશ પણ પીડે નહિ
અજ્ઞાનને જેઓ ત્યજે ભય હાસ્ય-શોકાદિક ત્યજે
એવા પ્રભુ અરિહંતને... (૪)

જે પાંચ જાતિના કહ્યાં તે અંતરાયો સહુ ટળ્યાં
મિથ્યાત્વના આચારથી જે નાથ કાયમ દૂર રહ્યાં
ના રાગ છે ના દ્વેષ છે ના રતિ-અરતિ ને અવિરતિ
એવા પ્રભુ અરિહંતને... (૫)

જેના સ્વભાવે સત્ત્વનો મધ્યાહ્ન સૂરજ ઝળહળે
રાજસ અને તામસ ગુણોનો અંશ પણ જ્યાં નહિ મળે
છદ્મસ્થતામાં જે પ્રભુ છ કાય જીવને રક્ષતાં
એવા પ્રભુ અરિહંતને... (૬)

## અરિહંતોનું લોકોત્તર સ્વરૂપ

યોગીજનો જિનરાજના ગુણો અનંતા વર્ણવે
પ્રત્યેક આત્મપ્રદેશને જગનાથ જે નિર્મળ કરે
સઘળાય આંતરદોષને જેણે હણ્યાં ક્ષણવારમાં
એવા પ્રભુ અરિહંતને... (૭)

મહાબ્રહ્મચારી જે પ્રભુ ઉત્તમ મહાવ્રત પાળતાં
જે આઠ પ્રાતિહાર્યનું ઐશ્વર્ય અદ્‌ભુત પામતાં
આઠેય કર્મો ક્ષય કરી જે સિદ્ધશિલા પર વસ્યાં
એવા પ્રભુ અરિહંતને... (૮)

મોક્ષે ગયાં જે જે જીવો જે જે જશે ને જાય છે
તે સહુ જીવોના માર્ગદાતા એક શ્રીજિનરાય છે
આપ જ વિધાતા સુરગુરૂ શંભુ ચતુર્મુખ દેવ.
એવા પ્રભુ અરિહંતને... (૯)

## અરિહંતોનું લોકોત્તમ દેવત્વ :

ના શૂળ ચક્ર ધનુષ્ય આદિ આયુધો ધારણ કરે
કે હાસ્ય નાટારંભ પણ જે નાથ કદીયે નહિ કરે
ના વાસના છે નેત્રમાં ના ગાત્રમાં નહિ ચિત્તમાં
એવા પ્રભુ અરિહંતને... (૧૦)

ના રોષની વિડંબના ના મોહની કિલામણા
પશુ પક્ષીના વાહન ઉપર જેની રહી ના સ્થાપના
ચારિત્ર એવું ઉચ્ચ કે અપકીર્તિનો ભય પણ નથી
એવા પ્રભુ અરિહંતને... (૧૧)

વિષ્ણુ સદા વક્ષસ્થળે લક્ષ્મીજીને બેસાડતાં
શંકર શિરે ગંગા અને ગૌરી શરીર પર ધારતાં
મિથ્યાત્વના આ લક્ષણો જ્યાં નહિ મળે ત્રણ કાળમાં
એવા પ્રભુ અરિહંતને... (૧૨)

સંસારના કર્તા નથી ભર્તા નથી હર્તા નથી
પાખંડ આવા જે પ્રભુ ક્યારેય પણ કરતાં નથી
મિથ્યાત્ત્વના ઉંડા કૂવાથી ભવ્યનું રક્ષણ કરે
એવા પ્રભુ અરિહંતને... (૧૩)

### અરિહંત કથિત ત્રિપદીનો અદ્દભુત મહિમા

ઉપન્નેઈ વા વિગમેઈ વા ધ્રુવેઈવા ત્રણપદ વડે
ત્રણ ભુવનના ગુણ-દ્રવ્ય ને પર્યાય સઘળા જે કહે
જેણે કહેલી ત્રિપદીમાં હરિ-હર-વિધાતા સૌ વસ્યાં
એવા પ્રભુ અરિહંતને... (૧૪)

ત્રણ કાળમાં ત્રણલોકને ત્રણશક્તિઓ જે આપતી
રત્નત્રયી તત્ત્વત્રયી દેવત્રયી સમજાવતી
ત્રિપદી કહી જે તારકે સંસારને ઉદ્ધારતી
એવા પ્રભુ અરિહંતને... (૧૫)

ત્રિપદી વડે વાસિત છે તે વસ્તુનું અસ્તિત્વ છે
સંસારની પ્રત્યેક વસ્તુ ત્રિપદીમાં સંસ્થિત છે
વીતરાગની આજ્ઞા બધી આ ત્રિપદીમાં છે અવતરી
એવા પ્રભુ અરિહંતને... (૧૬)

### સિદ્ધાવસ્થામાં અરિહંતોનું સ્વરૂપ

શબ્દો નથી રૂપ-રસ નથી જ્યાં ગંધ સ્પર્શ કશું નથી
શ્વેતાદિ વર્ણો પણ નથી સંજ્ઞા નથી કે ક્રમ નથી
મોક્ષે ગયેલાં નાથને સ્ત્રી-પુરુષના ભેદો નથી
એવા પ્રભુ અરિહંતને... (૧૭)

શસ્ત્રો વડે છેદાય ના કરવત વડે ભેદાય ના
જળથી કદી ભીંજાય ના વિપત્તિથી અકળાય ના
શોષણ નથી સુખ-દુઃખ નથી ઇચ્છા નથી જે નાથને
એવા પ્રભુ અરિહંતને... (૧૮)

યોગો નથી રોગો નથી મન-વચન-કાયા જ્યાં નથી
મૃત્યુ-જનમ-પરભવગમન કે પુણ્ય-પાપ કશું નથી
આવેગ કે ઉદ્વેગ પણ મુક્તિમહિં જેને નથી
એવા પ્રભુ અરિહંતને... (૧૯)

### દશવિધ યતિધર્મના ધારક અરિહંતો

મહાબ્રહ્મચારી સત્યવાદી સંયમી તપવંત જે
ઉત્તમ ક્ષમાધર સરળ ને નિર્લોભ નિરભિમાન જે
જે છે અકિંચન શોચધારી ગુણ મહોદધિ જગગુરુ
એવા પ્રભુ અરિહંતને... (૨૦)

આ જગતમાં જયવંત છે દશવિધ સંયમ ધર્મ જે
એ ધર્મને ધારણ કરે તેમજ પ્રકાશે દેવ જે
આ ધર્મના સેવન વિના મુક્તિ કદી નહિ સાંપડે
એવા પ્રભુ અરિહંતને... (૨૧)

### વિશ્વાધાર અરિહંત-દેવો

આધાર ના એકેય છે તોયે ટકે શા કારણે ?
તૂટી નથી તૂટશે નહિ ધરતી કહો શા કારણે ?
જેણે કહેલાં ધર્મનો પ્રત્યક્ષ આ ઉપકાર છે
એવા પ્રભુ અરિહંતને... (૨૨)

સાગર સીમા મૂકે નહિ તેનો કહો શો હેતુ છે ?
વાદળ સમયપર વરસતાં તેનો કહો શો હેતુ છે ?
અરિહંત ભાષિત ધર્મનો અદ્દભુત આ ઉપકાર છે
એવા પ્રભુ અરિહંતને... (૨૩)

આંધી વડે આ વિશ્વનું અસ્તિત્વ કદી ભૂંસાય ના
અગ્નિપ્રલયથી લોકનો મહાનાશ કદીયે થાય ના
બસ, એકમાત્ર જિનેન્દ્રભાષિત ધર્મનો ઉપકાર આ
એવા પ્રભુ અરિહંતને... (૨૪)

રાત્રે ઉગે છે ચંદ્રમા સંતાપ સહુના ઠારતો
રાત્રિ પછી રોજે સૂરજ ચારે ક્ષિતિજ અજવાળતો
જેણે કહેલાં ધર્મનો અત્યંત આ ઉપકાર છે
એવા પ્રભુ અરિહંતને... (૨૫)


**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

પૂ. પંન્યાપ્રવર શ્રી પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.ના સંયમપર્યાયના ૨૫ વર્ષની
તથા પૂ. મુનિશ્રી દિવ્યશેખરવિજયજી મ.સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે

**: સૌજન્ય :**

**અ. સૌ. શશીકલાબેન કાંતિલાલ પોપટલાલ શાહ**

ઉષઃકાલ બિલ્ડીંગ, ૧૮૬, ગુરૂવાર પેઠ
કરાડ (મહારાષ્ટ્ર)-૪૧૫૧૧૦.

## આજ્ઞા જ એકમાત્ર તરણોપાય છે

આજ્ઞા સ્વીકારે આપની નરકાદિ દુર્ગતિ તસ ટળે
આજ્ઞા સ્વીકારે તેહને કૈવલ્ય લક્ષ્મી ઝટ મળે
જે મોક્ષની દાતાર છે આજ્ઞા જ અમ આધાર છે
એવા પ્રભુ અરિહંતને... (૨૬)

ઘર આંગણે સુરતરૂ ફળે ચિંતામણિ કરતલ મળે
બસ, એક શ્રી અરિહંતની આજ્ઞા સદા જે શિરધરે
નિઃસીમ પુણ્યપ્રભાવ છે જે કેવળી જિનરાજનો
એવા પ્રભુ અરિહંતને... (૨૭)

ના અગ્નિભય ના સર્પભય ના ગ્રહપીડા તેને નડે
ના ચોરભય ના રોગભય પશુ-પક્ષીના ભય નહિ નડે
નરનારી જે આજ્ઞા સ્વીકારે ક્લેશ સહુ તેના ટળે
એવા પ્રભુ અરિહંતને... (૨૮)

જે મૂઢમતિઓ જીવને ક્ષણ-ક્ષણ વિનાશી સમજતાં
એકાંતથી સદ-અસદ-સ્થિર જે આતમાને ધારતાં
જે નાથનું ઉજ્જવળ સ્વરૂપ તે દુર્મતિ નહિ પામતાં
એવા પ્રભુ અરિહંતને વંદન... (૨૯)

ના દુઃખનો છે ત્રાસ ના અભિલાષ સુખનો આપને
બસ, જ્ઞાનમય વૈરાગ્યનો અનુભવ સતત છે આપને
આજ્ઞા સ્વીકારે આપની સંસારથી તેઓ તરે
એવા પ્રભુ અરિહંતને... (૩૦)

સંસાર છે આશ્રવભર્યો ને સાધના સંવર ભરી
આજ્ઞા તમારી આ રીતે જેણે ગ્રહી ને આચરી
તે પુણ્યશાળી જીવને સંસારમાં પણ મોક્ષ છે
એવા પ્રભુ અરિહંતને વંદન... (૩૧)

શુભધ્યાનરૂપી નીરથી નિજ દેહને નિર્મળ કરી
સંયમરૂપી વસ્ત્રો સદા તેની ઉપર ધારણ કરી
ઉત્તમ જીવો નિજ આતમામાં જે પ્રભુને પૂજતાં
એવા પ્રભુ અરિહંતને... (૩૨)

## 'અષ્ટ-પુષ્પી' ભાવપૂજા

મહાસત્ય ને પાવનદયા અસ્તેય ને નિઃસંગતા
તપ જ્ઞાન શીલ ને આઠમી ગુરુદેવની ઉપાસનાં
આ આઠ ભાવકુસુમ થકી જેને પૂજે ધન્યાતમા
એવા પ્રભુ અરિહંતને... (૩૩)

મહાશાંતિમય સૌભાગ્યમય ને પરમજ્યોતિર્મય તમે
મહાજ્ઞાનમય ઉપયોગમય ને પ્રથમ પરમેષ્ઠી તમે
જેની કૃપાએ મોકલ્યાં અગણિત જીવોને મોક્ષમાં
એવા પ્રભુ અરિહંતને... (૩૪)

## ઉપસંહાર

આત્મિક સુખ દેનાર છે જે મોહને હણનાર છે
ને સત્ત્વમૂર્તિ જે પ્રભુ કલ્યાણના કરનાર છે
જે વીરપુરુષોમાં પ્રથમ ચોવીશમાં શાસનપતિ
એવા પ્રભુ અરિહંતને... (૩૬)

આ વિશ્વની સદ્ભાવનાના એક જે આધાર છે
મુજ શ્વાસ ને ઉચ્છ્વાસ પર અરિહંતનો અધિકાર છે
એ નાથની સ્તવના વડે '**હિત**' મય બની મુજ જિંદગી
**એવા પ્રભુ અરિહંતને વંદન કરું વંદન કરું. (૩૭)**


**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

હસમુખબેન જયંતિલાલ શાહ પૃથ્વી - વાપી
હીનાબેન શ્રેણિકકુમાર શાહ, સુપ્રિયાબેન સુનીલકુમાર શાહ
હીનાબેન શૈલેશકુમાર શાહ કેનેડા,
કેતનબેન ગિરીશકુમાર સુરાણા-મુંબઈ
રોશની, આરજુ, સાહીલ, અમન, મિહીર, અને અનિમેષ.

**કલ્યાણને અમારી શતશત શુભેચ્છા**

**Joy Homecrecation Ltd.**

306, Madhava, Madhav Comm. Pri. Co-op Soc Ltd
Plot No. C/4 E Block, Banda Kurla Complex Bandra (E) Maubai-51.

# શ્રુતનો અશ્રુતપૂર્વ મહિમા

૦ પૂ. આચાર્યદેવશ્રી રાજશેખર સૂરીશ્વરજી મહારાજ

જૈનશાસનમાં અનેક મહાપુરુષોએ વિવિધ રીતે શ્રુતનો (શાસ્ત્રનો) મહિમા વર્ણવ્યો છે. શ્રુત એટલે જિનોપદેશ. શ્રુત એટલે જિનાજ્ઞા. શ્રુત એટલે અનુભવીઓની અનુભવવાણી. શ્રુત એટલે શાસ્ત્ર. આમ શ્રુત માટે જૈનદર્શનમાં અનેક શબ્દો છે અરિહંતો દીક્ષા લઈને કેવળજ્ઞાન પામે છે. ત્યારે તીર્થની સ્થાપના કરે છે. માટે જ અરિહંતોને તીર્થંકર કહેવામાં આવે છે. તીર્થને કરે તે તીર્થંકર. અહીં તીર્થ એટલે પ્રથમ ગણધર, ચતુર્વિધ સંઘ અને દ્વાદશાંગી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી પહેલી જ દેશનામાં એ તારકો તીર્થની સ્થાપના કરે છે. સર્વ પ્રથમ ગણધર બનવાને યોગ્ય જીવોને દીક્ષા આપીને પોતાના ગણધર (મુખ્ય શિષ્યો) બનાવે છે. ત્યારે બાદ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. પછી દ્વાદશાંગીની રચના કરે છે. તીર્થંકરો ગણધરોને उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा (= દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, અને સ્થિર રહે છે.) એવી ત્રિપદી કહે છે. તીર્થંકરના મુખથી આ ત્રિપદી સાંભળીને ગણધરોના આત્મામાં જ્ઞાનનો તીવ્ર ક્ષયોપશમ થાય છે. એ ક્ષયોપશમનાં બળથી ગણધરો દ્વાદશાંગીની રચના કરે છે. દ્વાદશાંગીની રચના અર્થથી તીર્થંકરો કરે છે અને સૂત્રથી ગણધરો કરે છે. શાસ્ત્રો એટલે આ દ્વાદશાંગી. દ્વાદશાંગી એટલે બાર અંગો. સ્થૂલ ભાષામાં કહીએ તો દ્વાદશાંગી એટલે બાર મહાશાસ્ત્રો. જૈનધર્મમાં ચૌદપૂર્વો અતિશય પ્રસિદ્ધ છે. આ ચૌદ પૂર્વોનો બારમા દૃષ્ટિવાદ નામના મહાશાસ્ત્રમાં સમાવેશ થાય છે.

મહાવીર પરમાત્માના શાસનમાં પ્રારંભમાં ગણધર રચિત આ બાર મહાશાસ્ત્રો સિવાય બીજાં કોઈ શાસ્ત્રો ન હતા, ત્યાર બાદ કાળદોષથી બુદ્ધિ, બળ, આયુષ્ય વગેરેનો હ્રાસ થતો જોઈને અલ્પશક્તિવાળા અને અલ્પઆયુષ્યવાળા શિષ્યો પણ સારી રીતે સમજી શકે, ઇત્યાદિ આશયથી આચાર્યો વગેરેએ તે તે કાળ પ્રમાણે નવાં નવાં શાસ્ત્રોની દ્વાદશાંગીના આધારે રચના કરી છે. આથી બાર અંગ સિવાય જે શાસ્ત્રો વર્તમાનમાં વિદ્યમાન છે, તે શાસ્ત્રો ગણધર પછી થયેલા આચાર્યો વગેરેએ રચેલાં છે. શાસ્ત્રો પણ જિનવચનાનુસારી હોવાથી માન્ય છે.

આ શાસ્ત્રોનો (શ્રુતનો) મહિમા એટલા માટે છે કે શાસ્ત્રના આધારે જ ધર્મ કરવાથી આત્મા મોક્ષને પામે છે. સર્વજીવોને દુઃખ રહિત શાશ્વતસુખની ઇચ્છા છે. દુઃખ રહિત શાશ્વતસુખની પ્રાપ્તિ મોક્ષમાં જ થાય છે. મોક્ષ સિવાય ક્યાંય દુઃખ રહિત શાશ્વત સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી. મોક્ષની પ્રાપ્તિ શાસ્ત્ર પ્રમાણે જ ધર્મ કરવાથી થાય. શાસ્ત્રનો મહિમા જણાવતાં ધર્મબિંદુમાં કહ્યું છે કે ''શાસ્ત્ર પાપરૂપી રોગનું ઔષધ છે. શાસ્ત્ર પવિત્ર કાર્યોનું નિમિત્ત છે. અર્થાત્ શાસ્ત્રોથી પવિત્ર કાર્યો થાય છે. શાસ્ત્રથી સૂક્ષ્મ-બાદર વગેરે સર્વવસ્તુઓ દેખાય છે. શાસ્ત્રથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. તેથી જે ધર્માર્થીને શાસ્ત્ર પ્રત્યે બહુમાન રૂપ ભક્તિ નથી, તેની એ ધર્મક્રિયા મોહના ઉદયથી દેવવંદનાદિ ધર્મક્રિયા અંધપુરુષોની જોવાની ક્રિયાતુલ્ય છે અને તેવા પ્રકાશના અભિપ્રેત ફલવાળી થતી નથી. (૨૨૫-૬) શાસ્ત્ર પ્રત્યે બહુમાનરૂપ ભક્તિ મુક્તિની દૂતી છે. આથી જ શાસ્ત્રમાં જ ભક્તિ રાખવી એ યોગ્ય છે. કારણ કે શાસ્ત્રમાં જ ભક્તિ રાખવાથી મુક્તિ નજીક બને છે. જેની મુક્તિ દૂર છે, તે જીવ શાસ્ત્રમાં ભક્તિવાળો થતો નથી, આથી શાસ્ત્રમાં જ ભક્તિ રાખવી યોગ્ય છે.''

(૧) સુદેવ-સુગુરુ-સુધર્મનો નિર્ણય શાસ્ત્રના આધારે જ થઈ શકે છે.

(૨) હેય-ઉપાદેય, કર્તવ્ય-અકર્તવ્ય, ભક્ષ્ય-અભક્ષ્ય આદિનો નિર્ણય શાસ્ત્રના આધારે જ થઈ શકે છે.

(૩) તીર્થની સ્થાપના થયા પછી તીર્થ=શાસન શાસ્ત્રના આધારે જ પ્રવર્તે છે. અર્થાત્ જૈનશાસન શાસ્ત્રના આધારે જ રહે છે. આથી જ શાસ્ત્ર ન હોય તો જૈન શાસન પણ ન હોય.

(૪) તીર્થ શાસ્ત્રના આધારે જ પ્રવર્તતું હોવાથી તીર્થંકરો પણ દેશના આપતાં પહેલાં नमो तित्थस्स એમ બોલીને શાસ્ત્રને (દ્વાદશાંગીને) નમસ્કાર કરે છે.

(૫) સાધુના કે શ્રાવકોના આચારોનું જ્ઞાન શાસ્ત્રથી જ થાય છે.

(૬) કેવળી ભગવંતો અને ગણધરો એ બેમાં કેવળી ભગવંતો મહાન છે આમ છતાં સમવસરણમાં ગણધરો આગળ બેસે છે. અને કેવળી ભગવંતો તેમની પાછળ બેસે છે. કારણ કે શાસ્ત્રોની રચના ગણધરો કરે છે.

(૭) તીર્થંકરોને કેવલજ્ઞાન હોય છે. પણ એ કેવલજ્ઞાનથી બીજાઓને સીધો લાભ થતો નથી, કિંતુ તીર્થંકરો જે બોલે છે, ઉપદેશ આપે છે તેનાથી લાભ થાય છે. તીર્થંકરોનો ઉપદેશ એટલે જ શાસ્ત્રો.

(૮) કોઈ સાધુ શાસ્ત્રોક્ત વિધિમુજબ આહાર વહોરી લાવે. આમ છતાં છદ્મસ્થતાના કારણે આહાર દોષિત આવી જાય.

એવું બને. આવો દોષિત પણ આહાર કેવળી ભગવંત વાપરે. કેમ કે શાસ્ત્રોક્ત વિધિ મુજબ લાવેલ છે.

(૯) પાંચ જ્ઞાનમાં બીજા કોઈ જ્ઞાનની વાસક્ષેપથી પૂજા થતી નથી. કિંતુ શ્રુતજ્ઞાનની વાસક્ષેપથી પૂજા થાય છે. આથી જ અપેક્ષાએ પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાનનું મહત્ત્વ વધારે છે. જો કે આપણે પાંચમાંથી એક કેવળજ્ઞાનને જ મેળવવા પુરુષાર્થ કરવાનો છે. આમ છતાં કેવળજ્ઞાન શ્રુતજ્ઞાનથી જ મળી શકે છે. શ્રુતજ્ઞાન શાસ્ત્રોના અધ્યયનથી જ થાય છે. આથી પાંચ જ્ઞાનમાં શ્રુતજ્ઞાનનું મહત્ત્વ વધારે છે. કેવલજ્ઞાન સાધ્ય છે, તો શ્રુતજ્ઞાન સાધન છે. અપેક્ષાએ સાધ્યથી પણ સાધનનું મહત્ત્વ વધારે છે.

(૧૦) काले विणए વગેરે આઠ જ્ઞાનાચારો શ્રુતજ્ઞાનના છે, અન્ય ચાર જ્ઞાનના નથી. આથી પણ શ્રુતનું મહત્ત્વ વધારે છે.

(૧૧) શાસ્ત્રોથી જીવોને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્જ્ઞાનથી જીવનમાં પ્રકાશ મળે છે. એ પ્રકાશથી જીવો સાચી દિશા તરફ ગતિ કરે છે.

(૧૨) શાસ્ત્રો જીવોને ખોટું આચરણ કરતા અટકાવે છે. રસ્તામાં ક્યાંક ક્યાંક 'સ્ટોપ' એમ લખેલું હોય છે. કેમ કે આગળ જાય તો ખતરો હોય છે, હવે જો કોઈ 'સ્ટોપ'ના લખાણની અવગણના કરીને આગળ જાય તો તેને નુકશાન જ થાય. તેમ શાસ્ત્રો આપણને ખોટા માર્ગે જતા અટકાવે છે. છતાં આપણે ખોટા માર્ગે જઈએ તો નુકશાન આપણને જ છે.

''રસ્તો ડેંજર છે, વાહન ધીમે હાંકો'' એમ લખીને ક્યાંક ચેતવણી અપાઈ હોય છે. જેથી સ્પીડથી વાહન ચલાવવાના કારણે નુકશાન ન થાય. તે જ રીતે શાસ્ત્રો આપણને અહિતના માર્ગે ન જવાની ચેતવણી આપે છે. ક્યાંક ''ઝડપની મજા મોતની સજા'' એમ લખીને મૃત્યુથી બચવાની ચેતવણી અપાય છે. એમ શાસ્ત્રો પણ આપણને પાપથી બચવાની વિવિધ રીતે ચેતવણી આપે છે. કોઈ દવાની બાટલીમાં 'પોઇઝન' એમ લખેલું હોય છે. શા માટે ? કોઈ અજ્ઞાન માણસ આ દવા પીને મૃત્યુ ન પામી જાય, માટે ચેતવણી આપવા લખેલું હોય છે. આવું લખનારાઓને પોતાનો કોઈ સ્વાર્થ હોતો નથી. કેવળ બીજાઓના હિત માટે જ લખે છે. શાસ્ત્રોકારોને શાસ્ત્રો રચવામાં લખવામાં પોતાનો કોઈ સ્વાર્થ હોતો નથી, જીવોના હિત માટે જ શાસ્ત્રો રચ્યાં છે. કારણ કે એમનું હૃદય કરુણાથી ભરેલું હતું. એથી ભવ્યજીવો આ શાસ્ત્ર વાંચીને સમ્યગ્જ્ઞાન મેળવીને પોતાના અને પરના આત્માનું હિત સાધે એવી ભાવનાથી જ શાસ્ત્રો રચ્યાં છે.

જેમ ઉક્ત લૌકિક ચેતવણીની અવગણના કરનારા મનુષ્યો અનર્થને પામે છે, તેમ લોકોત્તર ચેતવણી આપનારા, શાસ્ત્રોની અવગણના કરનારા જીવો અનર્થ પામે છે. લૌકિક ચેતવણીની અવગણનાથી માત્ર આ ભવમાં જ અનર્થ થાય. લોકોત્તર ચેતવણીની અવગણનાથી અનેક ભવો સુધી અનર્થ થાય. આજે રસ્તાઓમાં ચેતવણીના ઠેર ઠેર બોર્ડો હોવા છતાં અકસ્માતો કેમ થાય છે ? કહો કે મુખ્યતયા ચેતવણીની અવગણના કરવાના કારણે થાય છે. તેમ આપણે પણ શાસ્ત્રોની અવગણના કરીશું તો ધર્મ કરવા છતાં સંસારમાં પરિભ્રમણ કરીશું.

## શ્રુતરક્ષાનો સંક્ષિપ્ત ઇતિહાસ

આમ શાસ્ત્રોનો મહિમા ઘણો છે. પૂર્વે ગુરુઓ શિષ્યોને શાસ્ત્રો મુખપાઠથી જ ભણાવતા હતા. કારણ કે શિષ્યો તીવ્ર ક્ષયોપશમવાળા હોવાથી મુખથી જ સાંભળીને યાદ રાખી શકતા હતા. સમય જતાં કાળહાનિના કારણે ક્ષયોપશમની મંદતા-હાનિ આદિના કારણે મુખથી જ સાંભળીને યાદ રાખવાનું કઠીન બનતું ગયું. તથા દુકાળ આદિને લીધે પઠન-પાઠન બંધ થવાના કારણે શ્રુત ઘટતું ગયું. આથી આજે શ્રુત ઘણું અલ્પ બચ્યું છે. શ્રુતથી=શાસ્ત્રોથી જ જૈનશાસન ચાલતું હોવાથી પૂર્વના મહાપુરુષોએ તે તે કાળે શ્રુતરક્ષા માટે શક્ય પ્રયત્નો કર્યા છે. તેની સંક્ષેપમાં વિગત આ પ્રમાણે છે.

**પહેલી વાચના :** બાર વર્ષ સુધી દુકાળ પડવાના કારણે સાધુઓ સમુદ્રના કિનારે આવેલા શહેરોમાં ચાલ્યા ગયા. દુકાળ દૂર થયા પછી સાધુઓ આર્ય શ્રીસ્થૂલભદ્ર સ્વામીની નિશ્રામાં પાટલિપુત્ર નગરમાં ભેગા થયા. વીર સંવત ૧૬૦ વર્ષમાં આ પ્રસંગ બન્યો. ભારે સાધુઓને ચિંતા થઈ કે કોને કેટલું શ્રુત યાદ છે ? પછી ત્યારે જેનેજેને ઉદ્દેશો અધ્યયન વગેરે જે કંઈ યાદ હતું, તે સર્વ એકઠું કરી ૧૧ અંગ સ્થાપિત કર્યા. પછી આર્ય શ્રી સ્થૂલભદ્રસ્વામીએ નેપાળ દેશમાં બિરાજમાન

શ્રીભદ્રબાહુસ્વામીની પાસે દશ પૂર્વનો અભ્યાસ કર્યો. આમ તે વખતે ૧૧ અંગો + દશ પૂર્વો સુધીનું શ્રુત રહ્યું ચાર પૂર્વોનો વિચ્છેદ થયો.

**બીજી વાચના :** સેનાપતિ પુષ્યમિત્ર રાજદ્રોહ કરીને પાટલિપુત્રની રાજગાદી ઉપર ચડી બેઠો. ગાદી પર આવતાં જ ધર્માંધ બની જૈન શ્રમણો અને બૌદ્ધ સાધુઓ વગેરેનો શિરછેદ કરાવીને એણે કાળો કેર વર્તાવ્યો. આથી જૈન શ્રમણો એકદમ કલિંગ દેશ તરફ ચાલ્યા ગયા. પઠન-પાઠન બંધ થયું. જિનાલયોને પણ મોટો ધક્કો લાગ્યો. આ વખતે કલિંગરાજ ભિક્ખુરાય ખારવેલ પરમ જૈન હતો. તેણે પ્રથમ પુષ્યમિત્રને હરાવી પંજાબમાં નસાડી મૂક્યો, પછી કલિંગમાં આવીને આર્ય શ્રી સુસ્થિતસૂરિજી અને આર્યશ્રી સુપ્રતિબદ્ધ સૂરિજીની અધ્યક્ષતામાં કુમારગિરિ ઉપર મોટું શ્રમણ સંમેલન મેળવી બીજી આગમ વાચના કરાવી. આ સંમેલનમાં જિનકલ્પીની તુલના કરનારા આર્ય મહાગિરિના શિષ્યો-પ્રશિષ્યો આ. શ્રી બલ્લિસહસૂરિજી વગેરે ૨૦૦ શ્રમણો, આ. શ્રી સુસ્થિતસૂરિજી વગેરે ૩૦૦ સ્થવિરકલ્પી શ્રમણો, આર્યા પોઇણી વગેરે ૩૦૦ શ્રમણીઓ, ૭૦૦ શ્રાવકો અને ૭૦૦ શ્રાવિકાઓ એકઠા થયા હતાં. વાચનામાં ૧૧ અંગો અને ૧૦ પૂર્વોના પાઠોને વ્યવસ્થિત કરવામાં આવ્યા. આ વાચના વીર સંવત ૩૦૫માં થઈ.

**ત્રીજી વાચના :** ફરી બાર વર્ષનો દુકાળ પડ્યો. સુકાળ થતાં વીર સંવત ૫૦૨માં આર્યરક્ષિત સૂરિની નિશ્રામાં મંદસોર નગરમાં મુનિસંમેલન થયું. આ વખતે શ્રી આર્યરક્ષિતસૂરિજીએ વિચાર કર્યો કે, દરેક સૂત્રમાં દ્રવ્ય, ચરણ-કરણ, ગણિત અને ધર્મકથા આ ચાર અનુયોગો રહેલા છે. એ દરેકને ધારણ કરે એવી બુદ્ધિવાળા મુનિઓ થોડા છે. એથી ચાર અનુયોગોને અલગ નહિ કરવામાં આવે તો શ્રુત નષ્ટ થઈ જશે. આમ વિચારીને તેમણે સમકાલીન પ્રભાવક આચાર્યોની સંમતિ મેળવીને દરેક સૂત્રપાઠનો એક-એક પ્રધાન અર્થ કાયમ રાખી ગૌણ અર્થોને જતા કર્યા. એ રીતે દરેક આગમને ચાર અનુયોગમાં વહેંચી નાખ્યા. જેથી તે તે આગમમાં તે તે અનુયોગની પ્રધાનતા રહી. જેમકે સૂર્યપ્રજ્ઞપ્તિમાં ગણિતાનુયોગની પ્રધાનતા છે. જ્ઞાતાધર્મકથામાં કથાનુયોગની પ્રધાનતા છે અને ઓઘનિર્યુક્તિમાં ચરણ-કરણ અનુયોગની પ્રધાનતા છે.

**ચોથી વાચના :** ફરી બાર વર્ષનો દુકાળ પડ્યો. સુકાળ થતાં વીરસંવત્ ૮૩૦ થી ૮૪૦ની આસપાસ આ. શ્રી સ્કંદિલસૂરિજીએ ઉત્તરાપથના મુનિઓને મથુરામાં અને આ. શ્રી નાગાર્જુનસૂરિજીએ દક્ષિણાપથના મુનિઓને વલ્લભીપુરમાં એકઠા કર્યા. આ સમયે ચોથી વાચના થઈ. અત્યાર સુધી આગમો લખાતા ન હતા. મુખપાઠથી પઠન-પાઠન થતું હતું. હવે જો આગમો લખવામાં નહિ આવે તો બચેલા આગમો પણ સમય જતાં નષ્ટ થઈ જશે. આવો વિચાર કરીને આગમો લખવામાં આવ્યા. આગમો પુસ્તકરૂપે સર્વ પ્રથમ ત્યારે લખાયા. આ રીતે મથુરામાં અને વલભીપુરમાં બે પાઠો તૈયાર થયા. તે બંને પાઠો મેળવી એક ચોક્કસ પાઠ નક્કી કરવાનું બાકી હતું. પરંતુ કાળના પ્રભાવે તેવો યોગ મળ્યો નહિ.

**પાંચમી વાચના :** માથુરી-વાચનાનો વારસો આ. શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ પાસે હતો. વલભીપુરની વાચનાનો વારસો આ. શ્રી ભૂતદિન્નસૂરિજી વગેરેની પાસે હતો. આ બંને આચાર્યોએ વીર સં. ૯૮૦માં વલભીપુરમાં મોટું મુનિસંમેલન મેળવ્યું. આ સંમેલનમાં ચોથી આગમવાચનાના બંને પાઠો તપાસીને આ. સ્કંદિલની વાચનાના પાઠને મુખ્ય રાખ્યો. નાગાર્જુનની વાચનાના પાઠને वायणंतर કહીને સાથે જ દાખલ કર્યો. લખવાની સરળતા રહે એ માટે ફરી ફરી આવતા એક સરખા પાઠોને પૂર્વે લખેલ સ્થાનોની સાક્ષી આપીને ટૂંકાવી દીધા. આગમોમાં ૧૧ અંગો સૌથી પાછળ લખ્યાં છે. આ મુનિ સંમેલનમાં ૮૪ આગમો ઉપરાંત કમ્મપડિ અને તત્ત્વાર્થ સૂત્ર વગેરે શાસ્ત્રો મળીને ક્રોડો શ્લોકપ્રમાણ સાહિત્ય પુસ્તકારૂઢ થયું. સંક્ષેપમાં આગમ વાચનાઓનું કોષ્ઠક આ પ્રમાણે છે.

| વી.સં. | નિમિત્ત | સ્થાન | નિશ્રા | કેટલું શ્રુત |
|---|---|---|---|---|
| ૧૬૯ | દુકાળ | પાટલિપુત્ર | શ્રીસ્થૂલભદ્રસ્વામી | ૧૧ અંગદશપૂર્વ |
| ૩૦૫ | પુષ્યમિત્રની ચઢાઈ | કલિંગ-કુમારગિરિ | આર્યસુસ્થિતસૂરિ | ૧૧ અંગક ૧૦ પૂર્વ |
| ૫૦૨ | દુકાળ | મંદસોર | આર્યરક્ષિતસૂરિ | ચાર અનુયોગ વિભાજન |
| ૮૪૦ | દુકાળ | ઉત્તર પથ- મથુરા દક્ષિણાપથ-વલભીપુર | સ્કંદિલસૂરિ નાગાર્જુનસૂરિ | ગ્રંથરૂપે આલેખન |
| ૯૮૦ | પાઠ સંકલન માટે | વલભીપુર | શ્રી દેવર્ધિગણી, ૮૪ આગમો | શ્રી ભૂતદિનસૂરિતત્ત્વાર્થ આદિ |

આ રીતે મહાપુરુષોએ શ્રુતની રક્ષા કરી છે. પૂર્વ મહાપુરુષોએ આ રીતે શ્રુત રક્ષા કરી તો આજે આપણને શ્રુત મળ્યું. હવે આપણી પણ શ્રુતરક્ષા કરવાની ફરજ છે. આજે સર્વોત્તમ કાર્ય શ્રુતરક્ષાનું છે. અપેક્ષાએ જિનમંદિરની રક્ષાથી પણ શ્રુતરક્ષાનું અધિક મહત્ત્વ છે. કારણકે શ્રુત હશે તો નવાં જિનમંદિરો તૈયાર થશે. પણ શ્રુત નહિ હોય તો જૈનધર્મ જ નહિ હોય. આથી સમર્થ સાધુઓએ અને શ્રાવકોએ આ વિષે અધિક લક્ષ આપવું જોઈએ. જો કે આજે કેટલાક મહાત્માઓ અને શ્રાવકો આ કાર્ય કરી રહ્યા છે. આમ છતાં કેટલાક સમર્થ સાધુઓ વગેરે જિનમંદિર આદિ ઉપર જેટલું લક્ષ આપે છે, એની અપેક્ષાએ આ વિષયમાં ખાસ લક્ષ આપતા નથી, એમ જણાય છે. શ્રુતરક્ષા શાસ્ત્રોના લેખનથી અને મુદ્રણથી એ બે રીતે થઈ શકે. પ્રથમ નંબરમાં સારા કાગળો ઉપર સારા લહિયાઓની પાસે શાસ્ત્રો લખાવવા જોઈએ. જેથી તે વર્ષો સુધી ટકી રહે. જેમનાથી આ કાર્ય ન થઈ શકે તેમણે મુદ્રણથી પણ આ કાર્ય કરવું જોઈએ. જો સારા કાગળોમાં મુદ્રણ થાય તો લાંબો સમય ટકી રહેવાની શક્યતા છે. આમ છતાં હાથે લખેલું શ્રુત જેટલું ટકે તેટલું તો છાપેલું ન જ ટકે. મુદ્રિત શાસ્ત્રો વધારે કાળ ટકતા ન હોવા છતાં જેમનું હસ્તલેખન દ્વારા શ્રુતરક્ષા કરવાનું સામર્થ્ય નથી તેવા મહાત્માઓ સ્વચ્છ અને શુદ્ધ મુદ્રણ દ્વારા શાસ્ત્રોનું રક્ષણ કરે, તો તે પણ ઉત્તમ શ્રુતભક્તિ કરી ગણાય. ભવિષ્યમાં અન્ય મહાત્માઓ જીર્ણ થયેલાં એ શાસ્ત્રોનું પુનર્મુદ્રણ દ્વારા રક્ષણ કરશે. આજે જેમ આગમોનું રક્ષણ કરવું જરૂરી છે. તેમ પૂર્વના વિદ્વાન આચાર્યો વગેરેએ રચેલા શ્રુતનું પણ રક્ષણ કરવું જરૂરી છે. તેમાં પણ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મ., આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મ., આ. શ્રી હેમચંદ્રસૂરિ મ; ઉપા.શ્રી યશોવિજય મ. વગેરે મહાપુરુષોએ રચેલાં ગ્રંથોનું તથા સાધુ-શ્રાવકના આચાર ગ્રંથોનું પણ ખાસ સંરક્ષણ કરવું જરૂરી છે. આપણે કલ્પના કરીએ કે કદાચ તેવા કોઈ નિમિત્તોથી આગમોનો વિચ્છેદ થાય, તો પણ આ મહાપુરુષોના ગ્રંથો વિદ્યમાન હોય તો જૈન શાસનનું હાર્દ સમજવામાં જરાય વાંધો ન આવે. કેમ કે આ મહાપુરુષોએ જિનાગમોનો હાર્દ-માખણ આ ગ્રંથોમાં સમાવી લીધું છે. આ મહાપુરુષોએ જિનાગમને અનુસરીને જ લખ્યું છે, પોતાની મતિકલ્પનાથી કશું ય લખ્યું નથી.

શ્રુતરક્ષા થાય અને શ્રુતનો અભ્યાસ કરનારાઓને ગ્રંથો સહેલાઈથી મળી રહે એ માટે જ્યાં જ્યાં સાધુઓના ચાતુર્માસ થતા હોય, તે દરેક સ્થાનમાં જ્ઞાનભંડાર જરૂરી છે. જ્ઞાનભંડાર પણ વ્યવસ્થિત હોવો જોઈએ. જ્ઞાનભંડાર હોય, પણ વ્યવસ્થિત ન હોય, તો જરૂરી ગ્રંથો સરળતાથી ન મળી શકે. આજે ટ્રસ્ટીઓ આગેવાનો જિનમંદિરના રક્ષણની જેટલી કાળજી રાખે છે. તેટલી કાળજી જ્ઞાન ભંડારની રાખતા નથી એવો અનેક મહાત્માઓને અનુભવ થાય છે. સાધુઓએ પણ જ્યાં ચાતુર્માસ થાય ત્યાં જ્ઞાનભંડાર ન હોય તો થાય, અને હોય તો વ્યવસ્થિત થાય તેમ કરવું જોઈએ. આ પણ એક પ્રકારની શ્રુતભક્તિ છે. એમ કરવાથી જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમની વૃદ્ધિ થાય કુશળ સાધ્વીજીઓ પણ આ કાર્ય સારી રીતે કરી શકે. પ્રકાશિત થતા ગ્રંથો દરેક જ્ઞાનભંડારમાં પહોંચે તેવી વ્યવસ્થા પણ અનિવાર્ય છે.

**હવે મહત્ત્વની વાત.** કોઈ એક સ્થળે એવો અત્યંત વિશાળ જ્ઞાનભંડાર હોવો જોઈએ કે જ્યાંથી ભારતમાં કોઈ પણ સ્થળે અભ્યાસ કરનારાઓને જરૂરી ગ્રંથો જલદી મળી જાય. માત્ર મળી જાય એમ નહિ, કિંતુ જલદી મળી જાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ. કારણ કે ગ્રંથો જેટલા વિલંબથી મળે તેટલો તેમનો અભ્યાસ અટકે. એ જ્ઞાનભંડારમાં પ્રારંભિક કક્ષાના પાઠ્ય પુસ્તકોની ઓછામાં ઓછી દશ નકલો હોવી જોઈએ. જેમકે વ્યાકરણ, ત્રણ ભાષ્ય, ચાર પ્રકરણ, કર્મગ્રંથ વગેરે. તે સિવાયના પણ દરેક પાઠ્ય ગ્રંથની ઓછામાં ઓછી પાંચ નકલ હોવી જોઈએ. તથા જે જે ગ્રંથો નવા પ્રકાશિત થાય તે તે ગ્રંથની ઓછામાં ઓછી પાંચ નકલ આ જ્ઞાનભંડારમાં તરત આવી જાય તેવી વ્યવસ્થા થવી જોઈએ. આવો જ્ઞાનભંડાર મુંબઈ કે અમદાવાદ જેવા ક્ષેત્રમાં થાય, તો ત્યાંથી બધા સ્થળે ગ્રંથો જલદી મોકલવાની સરળતા રહે. જો કોઈ સમર્થ સાધુ અને સમર્થ શ્રાવકો આ કાર્ય કરે તો તેમણે જૈન શાસનની મોટામાં મોટી સેવા કરી ગણાય. આજે સમર્થ સાધુઓ અને શ્રાવકો જિનમંદિરોના નિર્માણ માટે પોતાની શક્તિનો અને સમયનો જેટલો ભોગ આપે છે, તેટલો ભોગ કોઈ સમર્થ સાધુ અને સમર્થ શ્રાવકો આવા જ્ઞાનભંડાર માટે આપે એ અત્યંત જરૂરી છે. આ કાર્ય સમર્થ સાધુઓ અને સમર્થ શ્રાવકો જ કરી શકે. આ લેખ વાંચીને સમર્થ સાધુઓ અને શ્રાવકો આવો જ્ઞાનભંડાર બનાવવા માટે ઉત્સાહિત બને એવી અંતરની ભાવના સાથે આ લેખ પૂર્ણ કરું છું.

## આવો શિશુઓ વાતો કરીએ !

બાલમિત્રો !

શિક્ષણ મેળવવા માટે રોજ સવાર ઉગતાની સાથે જ દશ કીલોનું વજન ધરાવતું દફ્તર લઈને તમે સ્કુલોમાં પહોંચી જાઓ છો. ૬/૬ કલાક સ્કૂલમાં ભણવામાં વીતાવીને થાક્યા-પાક્યા ઘરે આવીને જમ્યા ન જમ્યા કે તરત ઉપડો ટ્યુશન કે કલાસિસમાં ! ત્યાંય ૨-૩ કલાક ગોંધાઈને પાછા ઘરે આવો એટલે તમારી મમ્મી તૈયાર જ બેઠી હોય કે ચલ બેટા ! જલ્દી બેસ. તારું હોમવર્ક ઝટપટ પૂરું કર. તમારી ઇચ્છા હોય કે ન હોય પરાણે બેસવું જ પડે. આમ આખો દિવસ તમે એક માત્ર શિક્ષણ એજ્યુકેશન સ્કુલ ટ્યુશન-લેશનના ટેન્શન પાછળ બરબાદ કરી નાખો છો. પણ તેમાંથી મળે છે શું ? એનો ક્યારે તમે અંદાજ કાઢ્યો ખરો ?

જે સ્કુલ તમને માત્ર જ્ઞાન (?) આપે, સંસ્કારનો છાંટો ય ન રેડે. તે ખરેખર સ્કુલ કહેવાને લાયક છે જ નહિ. પૂર્વના કાળમાં વિદ્યાર્થીઓ ગામ-નગરની બહાર સંન્યાસી-ઋષિમુનિ પાસે આશ્રમમાં જઈને રહેતા અને સંસ્કાર યુક્ત શિક્ષણ મેળવતા. તેમના જ્ઞાનની પરીક્ષા રાજસભામાં થતી, તોય તેઓ વિજયી બનતા. અને પોતાના માતા-પિતા અને કુળનું નામ રોશન કરતા. તમારી જેમ કોપી કરવી, કાપલીઓ લઈ જવી, પેપર ફોડવા આવું એકેય દૂષણ તેમનામાં નહતું. જેથી તેઓ મોટા થઈને દેશના ધરોહર બન્યા. સમાજમાં આગેવાન બન્યા.

બોલો બાળકો ! તમે જે શિક્ષણ, જે ધોરણમાં મેળવ્યું ભણતર તે પછીના વર્ષમાં કેટલું ઉપયોગી બને છે ? વિચાર કરીને મને લખશો ને ? તમારે ભવિષ્યમાં શું બનવું છે શું પ્લાનીંગ મગજમાં ઘૂમી રહ્યા છે. તે પણ પત્રમાં લખજો. બસ આપણી વાત પૂરી કરતાં પહેલા પેલા સુપ્રસિદ્ધ શાયરના ધારદાર શબ્દો સાંભળી લઈએ.

*શિક્ષણ કેરા કાતીલ ઝેર રગરગમાં વ્યાપી ગયા*
*લાગણી કેરા કોમળ તંતુ કોઈ આવીને કાપી ગયા*
*સુંદર શાસ્ત્રો ઝૂંટવી લઈને ગંદા પાના આપી ગયા,*
*મનોહર અમારા જીવન બાગમાં આગ ભયાનક ચાંપી ગયા.*

લિ. તમારો યુગબાળ

સૌજન્ય : કાંતિલાલ સુખલાલ શાહ, મુંબઈ

## શોધખોળ-82

**ફક્ત ગથી જવાબ આપો**

| | | |
|---|---|---|
| 1. | દ્વાદશાંગીની રચના કરવાનું સૌભાગ્ય કોને મળે ? | ૪ |
| 2. | કૃષ્ણના નાનાભાઈ-મહારાજને તમે ઓળખો છો ? | ૬ |
| 3. | કોઈ તીર્થંકરને ન બન્યું હોય તેવું પ્રભુવીરના જીવનમાં શું થયું ? | ૫ |
| 4. | પૌષધમાં કયું સૂત્ર વારંવાર બોલવું પડે છે ? | ૬ |
| 5. | નવ લોકાંતિક દેવો પૈકીના એક દેવનું નામ શું ? | ૪ |
| 6. | દરેકે પોતાના પાપની નિંદા સિવાય બીજું શું કરાય ? | ૨ |
| 7. | હસ્તિનાપુર નગરીનું બીજું નામ શું ? | ૪ |
| 8. | સાધુ-સાધ્વી નિર્દોષ ગોચરી શેનાથી પ્રાપ્ત કરી શકે. ? | ૪ |
| 9. | શાશ્વતી મહાનદીઓ પૈકી એક ? | ૨ |
| 10. | આસેવન સિવાયની બીજી શિક્ષાનું નામ શું છે ? | ૩ |
| 11. | ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજીમાંથી એક પ્રભુ ? | ૩ |
| 12. | સૂરિમંત્રની પાંચ પીઠ પૈકી એક પીઠ | ૫ |
| 13. | શાસ્ત્રીય અઢાર લિપિમાંની એક લિપિ | ૩ |
| 14. | પાણી શેનાથી ગળીને પછી જ વાપરી શકાય. | ૩ |
| 15. | પહેલાના સમયે જૈન શાસનમાં ૮૪ શું હતા. ? | ૨ |

પ્યારા મિત્રો !

રોજ-બરોજની જેમ આ વખતે પણ બા. જ.માં તમારા માટે નવી નક્કોર સ્પર્ધા મૂકી છે. શરત છે માત્ર એટલી કે તેના જવાબો **only 'ગ'** શબ્દથી જ આપવાના 'ગ'ને કોઈ કાનો માતર લગાવવાનો નહિ. ચાલો ત્યારે ઝટ પટ જવાબ લખીને મોકલી આપો.

**: પારિતોષિક :**

પ્રથમ : રૂા. ૭૦, દ્વિતીય : રૂા. ૬૦
તૃતીય : રૂા. ૫૦, ચતુર્થ : રૂા. ૪૦, પંચમ : રૂા. ૩૦


**: પત્ર સંપર્ક :**

'બાલજગત' શ્રી યુગબાળ
કલ્યાણ પ્રકાશન
કૈલાશ ચેમ્બર્સ, આર.પી.પી. કન્યા શાળા સામે,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧ Ph. 02752-237627

: ઇનામદાતા :
મોરબી નિવાસી હાલ ઘાટકોપર મુંબઈ
શ્રી કાંતિલાલ સુખલાલ શાહ

**શ્રી ધનસુખલાલ વીરજી સંઘવી (ઝરિયા) પુરસ્કૃત**

## શબ્દશોધ ઘટિકા-56




**: પુરસ્કાર :**

પ્રથમ: **૭૦** રૂ., દ્વિતીય: **૬૦** રૂ., તૃતીય: **૫૦** રૂ., ચતુર્થ: **૪૦** રૂ., પંચમ: **૩૦** રૂ.

| | | |
|---|---|---|
| 1 | ત્રણભાષ્ય પૈકી એક નામ | ૪ |
| 2 | બગીચો... વાડી.... ગાર્ડન | ૪ |
| 3 | વર્ણન... હેવાલ... | ૩ |
| 4 | ૧૮ પાપસ્થાનકમાંથી એક પાપ | ૪ |
| 5 | કથા... વૃત્તાંત. | ૩ |
| 6 | યોજના ચલાવવવી, લક્ષ્યાંક પૂરું કરવું | ૪ |
| 7 | રોજ સવારે ગુરુભગવંત આપે તે. | ૩ |
| 8 | વ્યગ્ર.... બેફીકર | ૩ |
| 9 | અનર્થદંડના ૪ ભેદમાંથી એક ભેદ | ૪ |
| 10 | એક શસ્ત્ર સાચવવાનું સ્થાન | ૩ |
| 11 | શરીરને સ્પર્શતું એક વસ્ત્ર | ૪ |
| 12 | જેનાથી નરકગતિમાં જવાય તે | ૪ |

બાળકો તમારા માટે ઉપર રજૂ કરેલ **શબ્દશોધ ઘટિકા-૫૬**ના સાચા જવાબો મગજ કસીને શોધી કાઢો. એક પોસ્ટકાર્ડ પર સુવાચ્ય અક્ષરે લખીને તિથિ આસો સુદ-૧૪ સુધીમા મળી જાય તે રીતે પોસ્ટ કરો.

સાચા જવાબો મોકલનારમાંથી પ્રથમ પાંચને લકી વિજેતા તરીકે જાહેર કરીને ઉપરોક્ત ઇનામ મોકલવામાં આવશે. તે સિવાયના દરેકનું નામ બા.જ.માં પ્રગટ કરવામાં આવશે.

બસ ત્યારે હવે રાહ કોની જુઓ છો ???

## શોધખોળ-81 : સાચા ઉત્તરો

૧. કલ્પસૂત્ર ૨. કલિકાલ સર્વજ્ઞ ૩. કરણસિત્તરી ૪. કસ્તુરી ૫. કયવન્ના ૬. કષાય ૭. કરિયાતુ ૮. કંચન ૯. કર્મ ૧૦. કથાનુયોગ ૧૧. કલ્યાણમંદિર ૧૨. કરુણા ૧૩. કલમ ૧૪. કપિલ ૧૫. કલ્યાણ

### શોધખોળ-80 : વિજેતામિત્રો

| | |
|---|---|
| ૧. દીપક વી. શાહ | કલકત્તા |
| ૨. શ્રીચા આર. શાહ | જામનગર |
| ૩. સંગીતા એમ. ગીંદરા | મુંબઈ |
| ૪. અલ્પા કે શાહ | વડોદરા |
| ૫. હેમાક્ષી આર. શેઠ | અમદાવાદ |

બાલદોસ્તો તમને ઈનામ પ્રાપ્ત થશે.

## શોધખોળ-80 : ઉત્તીર્ણમિત્રો

મુ.શ્રી હેમહર્ષ વિ. ★ સા. શ્રી હર્ષરત્નાશ્રી ★ સા. શ્રી કલ્પિતપૂર્ણાશ્રી ★ **મુંબઈ** : ઇન્દુ ગડા ★ કાંતા ગડા ★ પ્રિન્સી પ્રિયા વોરા ★ કીંજલ સોલંકી ★ પરાગ દેઢીયા ★ સિદ્ધાંત વોરા ★ જયશ્રી નીસર ★ **અમદાવાદ** : જિજ્ઞા શાહ ★ હંસા શાહ ★ કુસુમ શાહ ★ **કપડવંજ** : પૂર્ણિમા શાહ ★ અરુણા દોશી ★ પુષ્પા કુંડલીયા ★ હંસા દોશી ★ વિદ્યા શાહ ★ **ડભોઈ** : ભાર્ગવ શાહ ★ કૃપા શાહ ★ **મહેસાણા** : માલવ શાહ ★ નારંગીબેન શાહ **વિવિધ** : તારા શાહ - આદૌની ★ મંજુલા કોઠારી થાનગઢ ★ યશ શાહ જૂનાગઢ ★ જ્યોતિ સઘવી નાની તૂંબડી ★ ભાવિકા જૈન - મહેમદાવાદ ★ રૂપા શેઠ - મોરબી ★ પ્રવીણા પરીખ - ભાવનગર ★ દક્ષા શાહ - પેટલાદ ★ ભાવના શાહ - નાપાડ ★ હર્ષિત ગૂઢકા - જામનગર.

## શબ્દશોધ ઘટિકા-55 : સાચા જવાબો

૧ મેતારજ ૨ ફરજ ૩ પદરજ ૪ ખરજ ૫ ગરજ ૬ બુરજ ૭ અચરજ ૮ સુરજ ૯ કરજ ૧૦ ઉરજ ૧૧ અરજ ૧૨ ધીરજ.

## ઘટિકા-55 : વિજેતામિત્રો

| | |
|---|---|
| ૧. વિશ્વલ વાય. શાહ | કલ્યાણ |
| ૨. કૃપા પી. શાહ | ડભોઈ |
| ૩. અનિતા શાહ | નવસારી |
| ૪. કીરણ જે. શાહ | વાંકાનેર |
| ૫. હીરલ એમ. મહેતા | રાજકોટ |

ધન્યવાદ સહ વિજેતાઓને ઈનામ રવાના થશે.

## ઘટિકા-55 : ઉત્તીર્ણ મિત્રો

• સા. શ્રી હર્ષરત્નાશ્રી - અમદાવાદ • સા. શ્રી વિપુલગીરાશ્રી - પાલિતાણા • સા. શ્રી કલ્પિત પૂર્ણાશ્રી - અમદાવાદ **મુંબઈ** : ઇંદુ ગડા • હેમા દેઢીયા • પ્રિન્સી પ્રિયા વોરા • કાંતા ગડા • સિદ્ધાંત વોરા • રોનકનીસર • **સુરેન્દ્રનગર** : ધરણેન્દ્ર શાહ • મનસુખભાઈ **કપડવંજ** : વિદ્યા શાહ • પુષ્પા કુંડળીયા • હંસા દોશી • પૂર્ણિમા શાહ • અરુણા દોશી **અમદાવાદ** હંસા શાહ • જિજ્ઞા શાહ • કુસુમ શાહ • રાજકોટ : પૂર્વી મહેતા • દર્શન દોશી • **ભાવનગર** : દીપા પરીખ • જયેશ બેલાણી • **વિવિધ** : દીપક શાહ - કલકત્તા ભાવિકા જૈન - મહેમદાવાદ • મંજુલા કોઠારી થાનગઢ • અમી શાહ - વાપી • રંજન શાહ-નવસારી • તારા શાહ - આદોની • જ્યોતિ સંઘવી-નાની તુંબડી • ભાર્ગવ શાહ - ડભોઈ અલ્પા શાહ - વડોદરા • અક્ષય-દીપ શેઠ - મોરબી.

## બાલજગત પત્ર પેટી

• રોનક નીસર - મુંબઈ

તારો પત્ર મળ્યો, કલ્યાણ-બાલજગત પ્રત્યેની આત્મીયતાથી આનંદ થયો. અગ્ર મહિષીનો અર્થ થાય કે, ઇન્દ્રની પટ્ટરાણી (મુખ્ય પત્ની) અને તે ઇન્દ્રને જ હોય. તારા મિત્ર વર્તુળમાં પણ કલ્યાણના વાચનની પ્રેરણા જરૂર કરજે.

**• પૂ. મુ. શ્રી હેમહર્ષ વિજયજી મ.-પાલિતાણા**

આપે બા. જ. ની સ્પર્ધાના જવાબો પાઠવ્યા તે બદલ અત્યાનદ ! પૂ. સાધુ ભગવંતે જવાબ લખ્યા હોય એ આ વખતે સૌ પ્રથમ વાર બન્યું છે. હવેથી નિયમિત અમારી સ્પર્ધામાં રસ દાખવતા રહેશો.

**• કીંજલ સોલંકી - બોરીવલી મુંબઈ**

તમારો જવાબ પત્ર જોતાં લાગ્યું કે તમે પહેલ વહેલી વાર સ્પર્ધામાં જોડાયા લાગો છો. હવેથી માત્ર જવાબ જ લખશો. પ્રશ્ન ન લખશો.

**• નીરવ જે. શાહ - જૂનાગઢ**

ક્ષમાપના, તમારા નામ નહિ પણ ગામ લખવામાં ભૂલ થયેલ. તેથી 'જૂનાગઢ હવે ભૂલાશે નહિ હોં કે....

• યશ એ. શાહ - જૂનાગઢ

તમારો પત્ર વાંચ્યો, બુદ્ધિ કસોટી માટે સ્પર્ધામાં કેટલાક પ્રશ્નો તો કઠીન જ પૂછવા પડે ને ! પણ તમેય ક્યાં કમ છો, બધા જવાબ સાચા શોધી જ કાઢો છો.

**• પ્રિયા - પ્રિન્સી વોરા - ડૉંબિવલી**

તમારા બંનેના પત્રોમાં પૂછાયેલ વિગત જાણી. વાહ ! શું આટલું બધું ધ્યાનથી વાચનારા અમારા વાચકો છે ખરા ! અચાર શબ્દ સાચો છે. પણ 'આચાર' ક્યાંક ક્યાંક બોલાય છે. જ્યારે 'દામન' જ જવાબ સાચો છે 'દમન' નહિ. ભૂલ બદલ ક્ષમા. હવે બીજીવાર ભૂલ ક્યારે કાઢો છો ? રાહ જોઉં ને ?

## જીવન સૌંદર્ય માટેના સોનેરી સૂત્રો

★ જોવાની ઇચ્છા થાય તો હું કેવો છું ? તે જોજો.
★ રોવાની ભાવના થાય તો તમારા પાપ માટે રડજો.
★ ગ્રહણ કરવાની ઇચ્છા થાય તો સૌના ગુણ ગ્રહણ કરજો.
★ પાન કરવાની ઇચ્છા થાય તો સત્સંગનું રસપાન કરજો.
★ લૂંટવાની ભાવના થાય તો જ્ઞાનને લૂંટજો.
★ બોલવાની ઇચ્છા થાય તો મીઠું અને હિતકર બોલજો.
★ મારવાની ઇચ્છા થાય તો કર્મશત્રુને મારજો.
★ નિંદા કર્યા વિના ન ચાલે તો સ્વનિંદા કરજો.
★ લોભ ન છૂટે તો ધર્મનો લોભ કરજો.
★ ડરો તો પાપથી ડરજો.
★ સાંભળવાનું મન થાય તો ધર્મકથા સાંભળજો.
★ સોબત વિના ન ચાલે તો ધર્મીજનોની સોબત કરજો.
★ વ્યશન વિના ન ચાલે તો દાન કરવાનું વ્યસન કરજો.
★ દૂર ભાગો તો દુર્જનથી ભાગજો.
★ ટેકો આપો તો સત્કાર્યને જ આપજો.
★ તરતા શીખો તો સંસાર સમુદ્ર તરતા શીખજો.
★ વધવું હોય તો ધર્મમાં આગળ વધજો.
★ પ્રેમ રાખો તો સુદેવ, સુગુરૂ અને સુધર્મ સાથે રાખજો.
★ શત્રુ તરીકે માનવા હોય તો રાગ અને દ્વેષને માનજો.
★ મસ્ત બનો તો પ્રભુ ભક્તિમાં જ મસ્ત બનજો.
★ ધુવો તો આત્માનો મેલ ધોજો

**પ્રેષક સમક્તિ : વીતરાગ શાહ-સુરત**

## કંટ્રોલરૂમ કોણ ?

બહાર બહુ ઉદાર દેખાતા ભાઈને
ઘરમાં બહુ કંજુસાઈ કરતા
જોઈને આશ્ચર્ય સાથે
પૂછ્યું; ત્યારે તેમણે આપેલો
વિચિત્ર જવાબ આ રહ્યો...
'કંટ્રોલ રૂમ'માં દાખલ થયા બાદ તો
પાવર મળે એટલું જ
કરી શકાય ને ?
કેવી આપણી સ્થિતિ ?

**સં. પૂ. મુનિ શ્રી પૂર્ણભદ્ર સાગરજી મ.**

## તફાવત : સંસાર ને સંયમનો

સંસાર સુખ અંગારા છે સંયમ જીવન ઝગારા છે.
સંસાર ઝંઝાવાત છે. સંયમ ઝવેરાત છે.
સંસાર કાળોનાગ છે. સંયમ લીલોબાગ છે.
સંસાર વિરાધનામય છે. સંયમ આરાધનામય છે.
સંસાર વખોડવાલાયક છે. સંયમ વખાણવાલાયક છે.
સંસાર ભડભડતી આગ છે. સંયમ ઝળહળતો મોક્ષમાર્ગ છે.
સંસાર છોડવા જેવો છે. સંયમ લેવા જેવું છે.

**પ્રેષક : જિજ્ઞા એન. શાહ અમદાવાદ.**


## ૮ અભવ્યો

(૧) કાલસૌરિક કસાઈ (૨) ઉદાયન રાજાનો ઘાતક વિનયરત્ન (૩) કપિલા (રાજા શ્રેણિકની દાસી) (૪) આચાર્ય અંગાર મર્દક. (૫) સંગમદેવ (૬) પાલક પુરોહિત. (૭) વૈતરણી વૈદ્ય (૮) કૃષ્ણનો પુત્ર

**પ્રેષક : પ્રક્ષાલ ભરતભાઈ શાહ - કલ્યાણ**

## પઝલ ટાઈમ

એક મ્યુઝિકલ ઘડિયાળમાં છ વાગ્યાના સુમારે છ વાર સંગીતની ધૂન વાગે છે. એ પૈકી પ્રથમ ધૂન અને છેલ્લી ધૂન વચ્ચે ૩૦ સેકંડનો સમયગાળો રહે છે. એ જ ઘડિયાળમાં રાતના બાર વાગ્યે જેટલી ધૂન વાગતી હશે એમાં કેટલો સમયગાળો લાગતો હશે ?



જવાબ શોધજો. ન મળે તો બાલજગતમાં ક્યાંક જોઈ લેજો.

**પ્રેષક : કલ્પક મનોજભાઈ શેઠ-સુરેન્દ્રનગર.**

## ધૂમ....ધડાકા......

હું વૃદ્ધ પુરુષ છું.
એક પૌત્રે દાદાને કહ્યું :
''દાદા ! હું પણ મોટો થઈને
હરિશ્ચન્દ્ર જેવો સત્યવાદી બનીશ.''
એ દાદાએ અકળાઈને કહ્યું.
''તો પછી મારો ધંધોને ફેક્ટરી
કોણ સંભાળશે ? તારો દાદો ?''

**પ્રેષક : સાગર એ. શાહ - મુંબઈ**

## મનગમતી ગઝલ

સૌન્દર્યનું આહ્લાદક શિખર છે ફૂલ
રંગબેરંગી પતંગિયાનું ઘર છે ફૂલ.
આ ભીની ખૂશ્બુ આપે સ્પષ્ટ પરિચય
કે નક્કર તત્ત્વથી તરબતર છે ફૂલ.
મૌન પણ એનું ગૂંજે આપણી ભીતર
શાશ્વત સંગીતથી સભર છે. ફૂલ.
તેથી સહુના દિલ પર રાજ કરે છે
ખુદ ઈશ્વરના જ હસ્તાક્ષર છે ફૂલ.
લગ્ન હો કે મરણ, મિલાવે હાથ
સમયની સાથે કેવું અમર છે ફૂલ.

**પ્રેષક : વિરાલી બી. સંઘવી - સુરત.**

## ૧૦૦ની કરામત

૧૦૦બત સારા મિત્રની કરજો.
૧૦૦રઠ દેશમાં શત્રુંજય મહાતીર્થ છે.
૧૦૦મવાર એક સપ્તાહનો દિવસ છે.
૧૦૦ળમાં તીર્થંકર શાંતિનાથ છે.
૧૦૦હામણું શહેર સુરત છે.
૧૦૦નામાં સુગંધ ભળે છે.
૧૦૦મનાથ એક યાત્રાધામ છે.
૧૦૦મીલ ગજસુકુમાલકુમારના સસરા હતા.
૧૦૦નાગેરૂ એક દવા છે.
૧૦૦ટકા તમારી વાત સાચી છે.
૧૦૦ગન વિધિ નવા પદાધિકારીની થાય.
૧૦૦મલ એક ઝેરનું નામ છે.

**પ્રેષક : વિદ્યા સુમનભાઈ શાહ - કપડવંજ**

## કઠણ... કઠણ... કઠણ

કાંકરેજી બળદ કઠણ, પંજાબી મરદ કઠણ
આંબલીનું ઝાડ કઠણ, આબુનો પહાડ કઠણ
શેરડીનો વાઢ કઠણ, ચોરની ધાડ કઠણ
મકોડાનું મોઢું કઠણ, કાઠિયાવાડી ઘોડું કઠણ
કસાઈની વાઢકાપ કઠણ, ઊધઈની દાઢ કઠણ
બારીયાનો બોલ કઠણ, બીયાનો ઢોલ કઠણ
ખાખીનો ચેલો કઠણ, ઘરમાં રાખવો સાળો કઠણ
ઊંટની ચાલ કઠણ, કાચબાની ઢાલ કઠણ
મગરની ખાલ કઠણ, અનાજમાં વાલ કઠણ

મથુરાનો ચોબો કઠણ, કબજિયાતનો ઝાડો કઠણ
તરગાળાનો તાગ કઠણ, ભવાયાનો ભાગ કઠણ
ચોખાની કણી કઠણ, બરછીની અણી કઠણ
વાણિયાની રીત કઠણ, ચૂનાની ભીંત કઠણ
સાગની વળી કઠણ, તાંબાની નળી કઠણ
સીસમનો ભારો કઠણ, નદીનો આરો કઠણ
વાયદાની કાલ કઠણ, કાયદાની ભાળ કઠણ
મુંબઈનો માળો કઠણ, પ્રતાપનો ભાલો કઠણ
પરનારીની પ્રીત કઠણ, જુગારીનું સ્મિત કઠણ

**પ્રેષક : પ્રીતિ સંકલેશા - કલ્યાણ**

## Love એટલે ? ? ?

ઇમિટેશન પ્રેમ.
પીઠ પાછળની વાત.
મીઠો લાગતો લીમડો.
જીવન-ઉદ્યાનમાં બાવળનું વાવેતર.
સ્વીટ સ્લો-પોઇઝન.
છૂટાછેડાની ખુલ્લી આગાહી.
આજની નવરાત્રિ.
આર્ય-મર્યાદાનાં ચીથરાં.
કલિકાળની કરુણ કહાની.
લાગ આવ્યે લગાવે આગ.
કૂપમંડૂકની દુનિયા.
દુ:ખોની રાખડી.
લાજને લાત.
ગાડરિયા-પ્રવાહની ગિફ્ટ.
કોલેજિયનોનો ઇષ્ટદેવ.
પ્રેમીહૃદયનો મૂળનાયક.
રાગની આગ.
અબ્રહ્મને આમંત્રણ.
લક્કડ કા લડુ.
પ્રેમનું મહોરું.
પ્રેમનો કાટમાળ.
પ્રેમને પેરેલિસિસ.
આંધળી લાગણી.
છતી આંખે અંધાપો.
(લવ) લેટર્સોની લોટરી.
ઉભયને છેતરવાનું મેટર.
બોય-ગર્લ ફ્રેન્ડનો ગોર.
ચામડીનો પૂજારી.
શાયરીઓ પીરસતી લોજ.
દીવા પાછળ અંધારું.
પ્રકાશ નહીં પણ ભડકો.
પ્રેમ નહીં પણ પડછાયો.

**સં. મુનિશ્રી આત્મદર્શન વિજયજી મ.**

## સૌથી શ્રેષ્ઠ કોણ ?

દેવોમાં શ્રેષ્ઠ → વીતરાગ દેવ
પર્વતોમાં શ્રેષ્ઠ → મેરુપર્વત
સમુદ્રોમાં શ્રેષ્ઠ → ક્ષીરસમુદ્ર
પક્ષીઓમાં શ્રેષ્ઠ → હંસ
સુગંધમાં શ્રેષ્ઠ → ચંદનની સુગંધ
નદીઓમાં શ્રેષ્ઠ → ગંગા નદી
મૃગોમાં શ્રેષ્ઠ → કસ્તુરી મૃગ
ધર્મમાં શ્રેષ્ઠ → દયા ધર્મ
મંત્રમાં શ્રેષ્ઠ → નવકાર મંત્ર
તીર્થોમાં શ્રેષ્ઠ → સિદ્ધાચલજી
ગ્રહોમાં શ્રેષ્ઠ → ચંદ્ર
રત્નોમાં શ્રેષ્ઠ → ચિન્તામણી
વૃક્ષોમાં શ્રેષ્ઠ → કલ્પવૃક્ષ
વનોમાં શ્રેષ્ઠ → નંદનવન
ફૂલોમાં શ્રેષ્ઠ → કમળ
પશુઓમાં શ્રેષ્ઠ → સિંહ
ભવોમાં શ્રેષ્ઠ → માનવભવ

**પ્રેષક : ઇવા જયકુમાર ઝવેરી - વાપી**

## યતિ ધર્મ : ૧૦ પ્રકારે

૧ ખંતી = ક્ષમા, ક્રોધ ન કરે
૨ મધ્ધવ = મૃદુતા, કોમળપણું, અભિમાન ટાળે
૩ અજ્જવ = આર્જવ, સરલપણું, માયાનો ત્યાગ કરે.
૪ મુત્તિ = મુક્તિ સર્વથા લોભ ત્યાગ
૫ તપ = ૧૨ પ્રકારનો. ૬ બાહ્ય ને ૬ અભ્યંતર
૬ સંજમ :- ૧૭ પ્રકારે પાળવું.
૭ સચ્ચ :- સત્ય વચન બોલવું.
૮ શોચ :- જે ક્રિયા કરતા કર્મ ન લાગે તેવા કાર્યો કરવા
૯ અકિંચન :- કિંમતી કોઈપણ વસ્તુ રાખવી નહિ.
૧૦ બમ્ભચેર :- શુદ્ધ શીયળનું પાલન કરવું.

**પ્રેષક : મલયકેતુ બાવીશી જોરાવરનગર**

## ઇતિહાસની અટારીએથી
## શિખરજીના ૨૦ ઉદ્ધાર

(૧) સગર ચક્રવર્તીના પૌત્ર ભગીરથે કરાવ્યો.
(૨) મેઘરથ રાજાએ કરાવ્યો.
(૩) રત્ન શેખર રાજાએ કરાવ્યો.
(૪) આનંદસેને કરાવ્યો.
(૫) સુપ્રભરાજાએ કરાવ્યો.
(૬) ઉદ્યોતરાજાએ કરાવ્યો.
(૭) લલિતરાજાએ કરાવ્યો.
(૮) હેમપ્રભરાજાએ કરાવ્યો.
(૯) મેઘરથરાજાએ કરાવ્યો.
(૧૦) આનંદસેન રાજાએ કરાવ્યો.
(૧૧) કનકરથરાજાએ કરાવ્યો.
(૧૨) કૌશાંબી નગરીના રાજા બાલસેને કરાવ્યો.
(૧૩) પંજાબના પુરનગરના ભવદત્તે કરાવ્યો.
(૧૪) હેમદત્ત રાજાએ કરાવ્યો.
(૧૫) દેવધર રાજાએ કરાવ્યો.
(૧૬) આનંદસેન રાજાએ કરાવ્યો.
(૧૭) અમરદેવ રાજાએ કરાવ્યો.
(૧૮) સોમદેવ રાજાએ કરાવ્યો.
(૧૯) મેઘદત રાજાએ કરાવ્યો.
(૨૦) પ્રભસેન રાજાએ કરાવ્યો.

✤ <u>નેમનાથ ટૂંકનો ઉદ્ધાર :</u> વિ. સં. ૧૯૩૪માં અને મહાવીર સ્વામીની ટૂંકનો ઉદ્ધાર : સં. ૧૯૪૫માં રાય બહાદુર ધનપતસિંહે કરાવ્યો.

✤ <u>દત્ત ધવલ ટૂંક ઉદ્ધાર -</u> હેમદત્ત રાજાએ સર્વે જિનાલયોનો ઉદ્ધાર કરાવ્યો. અને દત્તધવલ ટૂંક પર સંભવનાથ ભગવાનનું ચૌમુખ દેરાસર બનાવ્યું.

✤ <u>શ્રી પ્રભાસગિરિ ટૂંક ઉદ્ધાર :</u> મિત્રપુર નગરના રાજા સુદર્શને આ સમસ્ત જિનમંદિરોનો ઉદ્ધાર કરાવી આ ટૂંક ઉપર શ્રી શાંતિનાથ ભગવાનનો નવો ચૌમુખ પ્રસાદ કરાવ્યો.

**પ્રેષક : શારદા આર. ચોકસી - સુરત**

## એ..લ..ચી.

ક્યારેક આવું કરે ક્યારેક તેવું કરે.
નહિ જાણું, માણસ કેવું કેવું કરે.
પ્રેમની સાથે એ શંકા કરે
ને અયોધ્યાની એ લંકા કરે
તેડે તમાશો, જોવા જેવું કરે
નહિ જાણું : માણસ કેવું કેવું કરે.
મૂકી પોતાને ગિરવે પછી દેવું કરે,
ક્યારેક આવું કરે : ક્યારેક તેવું કરે.

**પ્રેષક : મનન શાહ - સુરત**

## દાદીમાનું વૈદું

- હળદર અને દૂધને ગરમ કરી તેમાં મીઠું તથા ગોળ ભેળવીને બાળકોને પિવડાવવાથી કફ, શરદી જેવા રોગ મટે છે.
- અજમો, પીપળો, અરડૂસીનાં પાનનું મિશ્રણ કરીને લેવાથી ઉધરસ, શ્વાસ તથા કફમાં ઘટાડો થાય છે.
- નાગરવેલનાં પાન પર એરંડિયાનું તેલ લગાવી તેને થોડું ગરમ કરો. પછી ગરમ કપડાથી નાનાં બાળકોની છાતી પર તેનો શેક કરો. આમ કરવાથી છાતીમાં જમા થયેલો કફ દૂર થઈ જશે.
- ફુદીનાનો તાજો રસ કે અર્ક કફ, શરદી તથા માથાના દુઃખાવામાં મદદરૂપ બને છે.
- સુંઠનું પાણી લીંબુનો રસ અને સંચળ એકસાથે ભેળવીને ભોજન પહેલાં લેવામાં આવે તો ભૂખ ઊઘડે, આ સિવાય ઉધરસ, સોજા, કફ તથા શ્વાસની તકલીફમાં પણ ફાયદો થાય છે.
- જાયફળનું ચૂર્ણ ચાસણીમાં સવાર-સાંજ આપવાથી ઉધરસ મટે છે.
- રોજ સાંજે એક ચમચી અજમો અને અડધી ચમચી હળદરની ફાકી લેવાથી પેટનો દુઃખાવો મટી જશે.
- આંબાની ગોટલી અને બાલહરડેનું ચૂર્ણ દૂધમાં મિક્સ કરી માથામાં લેપ કરવાથી માથાનો ખોડો મટે છે.
- કોથમીરની ચટણી ખાવાથી આંખનો દુઃખાવો મટે છે.

**પ્રેષક : દર્શન દોશી - લાખણી**

## શા કામનો

✧ જ્ઞાન વિનાનો પુરુષ શા કામનો ?
✧ ત્યાગ વિનાનો તપ શા કામનો ?
✧ વિનય વિનાનું જ્ઞાન શા કામનું ?
✧ સમતા વિનાનો તપ શા કામનો ?
✧ શીલ વિનાનું રૂપ શા કામનું ?
✧ ભાવ વિનાની ભક્તિ શા કામની ?
✧ દાન વિનાનું ધન શા કામનું ?
✧ ઉપકાર વિનાની શક્તિ શા કામની ?
✧ સદાચાર વિનાનું જીવન શા કામનું ?

✧ કલ્યાણ વિનાના માસિકો શા કામના ?
✧ બાલજગત વિનાનું કલ્યાણ શા કામનું ?

**પ્રેષક : મુકેશ સી. જૈન - ડીસા**

## શાયરી-ડાયરી

✣ કુસુમ છીએ, રોતા કદી શીખ્યા નથી.
સાગર છીએ છલકાતા કદી શીખ્યા નથી
ભાંગી જઈશું, કિનારા પર અમે
મોજા છીએ, પાછા ફરતા કદી શીખ્યા નથી.

✣ તન અને ધન બેઉ નથી તારા, નથી પ્રિયા કે પરણેત
રહેશે પાછળ સહુ પડ્યા, ચેત ચેત નર ચેત

✣ કયા પતા મોતકા કબ પૈગામ આ જાયે
જિંદગીકી આખરી, કબ શામ હો જાયે
મૈં તો તલાશ કરતા હું, ઐસે મૌકે કી દોસ્ત !
કિ મેરી જિંદગી ભી કિસી કે કામ આ જાયે

✣ મરવાની અણી પર છું છતાં જીવી શકું છું
સંદેહ તને હોય તો આ પડખું ફર્યો લે.

**પ્રેષક : અજય અશોકભાઈ શાહ - મુંબઈ**

## સુવિચાર ગંગા

✍ ક્લેશથી મેળવેલા આનંદ કરતાં, ટેસથી ત્યજી દીધેલાનો આનંદ અલૌકિક ને ચિરંજીવી હશે !

✍ મંદિર બંધ કરવાનો સમય નિશ્ચિત હોય છે, દુકાન બંધ કરવાનો સમય નિશ્ચિત હોય છે, જિંદગીમાં થતાં પાપો બંધ કરવાનો સમય નિશ્ચિત ખરો !

✍ વિદ્યાનો લય (નાશ) થાય એનું નામ વિદ્યાલય ! કારણ ? શિક્ષકની નજર Fee લેવામાં છે. ને વિદ્યાર્થીની નજર Free બનવામાં છે.

✍ જ્ઞાન ગ્રંથસ્થ ને કંઠસ્થ થાય છે બુદ્ધિથી. પણ.. હૃદયસ્થ ને આત્મસ્થ થાય છે શુદ્ધિથી.

✍ આસું પાડવા એ ઇન્સાનનું કામ છે, આસું પડાવવા એ શયતાનું કામ છે, ને આસું લૂંછવા એ સંતોનું કામ છે !

**પ્રેષક : પ્રણત દામાણી - અમદાવાદ.**

## 'પઝલ ટાઈમ'નો જવાબ

ઉત્તર : ગોટાળો કર્યો ને. છ વાગ્યાના સુમારે છ વખત સંગીતની ધૂન રણકે છે, પરંતુ તે છ ધૂન વચ્ચે માત્ર પાંચ ગાળા (ઇન્ટરવલ) રહે છે. છ વાગ્યાના સુમારે સંગીતની ધૂનમાં કુલ ૩૦ સેકંડનો સમયગાળો લાગ્યો હતો. એ ગણતરીને ધ્યાનમાં રાખતા પ્રત્યેક ધૂન વચ્ચે છ સેકંડનું અંતર હોય છે. મધરાતે બાર વાગ્યાના સુમારે કુલ ૧૧ ગાળા રહે છે. પ્રત્યેક ગાળા વચ્ચે છ સેકંડના અંતરની ગણતરીને ધ્યાનમાં રાખતા પહેલી ધૂનથી આખરી ધૂન વચ્ચે કુલ ૬૬ સેકંડનો સમય થાય.

## હાસ્ય હોજ માણો મોજ

➻ પીન્ટુ : મારા પપ્પા તો દરરોજ દરિયા પર પથારી કરીને સૂઈ જાય છે.
ચીન્ટુ : લે, એમાં શું, મારા પપ્પા તો દરરોજ પથારીમાં દરિયો કરે છે.

➻ વકીલ : આરોપીને કહે, તું કોની સાથે પરણ્યો છે ?
આરોપી : એક સ્ત્રી સાથે !
વકીલ : (ગુસ્સાથી) વળી કોઈ પુરુષ સાથે તે પરણતું હશે ?
આરોપી : જી હા સાહેબ ! મારી બહેન પુરુષ સાથે પરણી છે.

➻ એકવાર નદીમાં પૂર આવ્યું, પૂર આવવાથી ગામના છોકરા જોવા જતા હોવાથી ટીકુડાએ પૂર જોવા જવાની હઠ પકડી ! આથી કાકી ખીજમાં બોલ્યા...
જા...જો ડૂબી ગયો તો ઘરમાં પેસવા નહિ દઉં.

➻ એક દિવસ ગાંડાની હોસ્પિટલમાં એક ગાંડો ગળામાં દોરડું બાંધીને મરી ગયો, ત્યારે હોસ્પિટલના સેક્રેટરીએ પૂછયું : એ કેમ મરી ગયો ?
ત્યારે એક ગાંડો બહાર આવ્યો, તેણે કહ્યું : તે હોજમાં પડી ગયો, ત્યારે મેં તેને બચાવીને, બહાર કાઢ્યો, પણ તે ભીનો ને પૂરો પલળી ગયો હોવાથી મેં તેના ગળામાં દોરડું નાખી અહીં સુકવવા લટકાવ્યો હતો.

➻ શિક્ષક : બોલ મનુ તને કોઈ શોધ કરવાનું કહે તો તું શેની શોધ કરે ?
મનુ : સર ! હું એવું મશીન બનાવું કે જેથી બધું હોમવર્ક આપોઆપ થઈ જાય.

➻ નેતાજી : આ ચૂંટણીમાં જો તમે બધા મને મત આપશો તો હું તમારા ગામને સ્વર્ગ બનાવી દઈશ.
ગામવાસી : પણ નેતાજી હમણાં અમારે જીવતા રહેવું છે. આટલું જલ્દી સ્વર્ગવાસી નથી થવું.

**પ્રેષક : તેજસ આર. કુબડીયા - સુરત**

## જ્યુબિલી વિશે જાણો

| | |
|---|---|
| ૧૦માં વર્ષે ઉજવાય તે | દશાબ્દી |
| ૨૦માં વર્ષે ઉજવાય તે | દ્વિ દશાબ્દી |
| ૨૫માં વર્ષે ઉજવાય તે | સિલ્વર જ્યુબિલી |
| ૩૦માં વર્ષે ઉજવાય તે | પર્લ જ્યુબિલી |
| ૪૦માં વર્ષે ઉજવાય તે | રૂબી જ્યુબિલી |
| ૫૦માં વર્ષે ઉજવાય તે | ગોલ્ડન જ્યુબિલી |
| ૬૦માં વર્ષે ઉજવાય તે | ડાયમન્ડ જ્યુબિલી |
| ૭૦માં વર્ષે ઉજવાય તે | પ્લેટેનિયમ જ્યુબિલી |
| ૭૫માં વર્ષે ઉજવાય તે | અમૃત મહોત્સવ |
| ૮૦માં વર્ષે ઉજવાય તે | ઇરિડિયમ જ્યુબિલી |
| ૮૦માં વર્ષે ઉજવાય તે | યુરેનિયમ જ્યુબિલી |

૧૦૦માં વર્ષે ઉજવાય તે સેન્ટિનરી જ્યુબિલી

પ્રેષક : ઋષભ પરેશભાઈ શાહ-કલ્યાણ (શતાબ્દી)

## Totel Time Pass

એક સ્કૂલના મેદાનમાં વ્યાયામના શિક્ષક બાળકોને કસરત કરાવી રહ્યા હતા. એમણે બાળકોની એક લાઈન કરાવી હતી. બાળકોની એ લાઈનમાં સુનીલ ડાબેથી ૧૫મો અને અનિલ જમણેથી સાતમો ઊભો હતો. જો આ બંને છોકરાઓ પોતપોતાની જગ્યા અંદરોઅંદર બદલે તો સુનીલની જગ્યા જમણી બાજુથી પંદરમાં નંબરે જાય.

તો વ્હાલા વાચકો ! શું તમે કહી શકશો કે આ લાઈનમાં કુલ કેટલાં બાળકો હશે ?

જવાબ શોધતા રહો, ન મળે તો આવતાં અંકની રાહ જુઓ.

**પ્રેષક : યશ હેમંતભાઈ જૈન - મુંબઈ**

**સપ્ટેમ્બર-૦૭નો જવાબ**

અખા, ગણેશ, દિવાળી

**વા...ર...તા રે, વા...ર...તા**

## બુદ્ધિ કોના બાપની ?

દિલ્હીના દરબારમાં સિંહાસન પર બાદશાહ અકબર બેઠેલા છે... હસી-મજાક... ઠઠ્ઠા મશ્કરીની વાતો જામી છે... એમાં બીરબલ હાજર ના હોય એ તો બને જ કેમ ? એમાં બીરબલ આવીને જહાપનાહને કુર્નિશ બજાવીને બેસી ગયો. બધા દરબારીઓ અકબર તરફ જોઈ રહ્યા હતા...

'બીરબલ, આજે તો એક વિચિત્ર સપનું જોયું !'

'એમ ? એવું તે કેવું સપનું જોયું ?'

'ખોટું ના લગાડીશ. બીરબલ ! થયું એવું કે હું અને તું આપણે બંને વાતો કરતા કરતા ફરવા જઈ રહ્યા હતા... સવારની તાજી હવાના ઝોકાઓ વચ્ચે આપણે મસ્તીથી ચાલતા હતા... એવામાં ગામની બહાર ગટર આવી... આખા ગામની ગંદકી એમાં ઠલવાતી હતી... તને જાણે શું સૂઝ્યું કે તું એમાં કૂદી પડ્યો... હું તને ના... ના... પાડું એ પહેલાં તો તું ગટરમાં ખાબકી ગયો... હું આગળ ચાલ્યો તો ત્યાં એક સાકરનો ખાડો આવ્યો... હું એમાં કૂદી પડ્યો...' એમાં ખાંડનો રસ ભરેલો હતો.

~~અકબરના~~ હસવામાં ખુશામતખોર ચમચાઓનું હાસ્ય ભળી ગયું...'વાહ... વાહ....! શું ખ્વાબ જોયું છે જહાંપનાહે ! માશાલ્લાહ !'

ત્યાં તો બીરબલનો અવાજ ગૂંજી ઉઠ્યો :

'બહુ સરસ... જહાંપનાહ... આપનું સપનું સોળ આના ને સત્તર પાઈ સાચું... કારણ કે ગઈ રાતે મને પણ બરાબર આવું જ સપનું આવ્યું... પણ મારું સપનું જરા વધારે લાંબું ચાલ્યું... આપ નારાજ ન થાવ તો હું કહું !'

'બોલ ને...એમાં નારાજ શું થવાનું ?' અકબરે કહ્યું... જો કે મનમાં અકબર સમજી ગયો... કે બીરબલ હમણાં કોથળામાંથી બલાડું કાઢશે...

'હજુર... હું ગટરમાં પડ્યો અને આપ ખાંડના ખાડામાં પડ્યા... ત્યાં સુધી તો આપણા બંનેનું સપનું એકસરખું છે... પણ પછી આપ પણ બહાર આવ્યા ને હું પણ બહાર નીકળ્યો... આપણે બંને મળ્યા. એકબીજાને જોતા રહ્યા... પછી કોણ જાણે આપને શું સૂઝ્યું કે આપ મને ચાટવા મંડી પડ્યા... અને હું આપના શરીરને ચાટવા મંડ્યો !'

અને બીરબલના હાસ્યથી દરબાર ગુંજી ઉઠ્યો... બધા હસીહસીને હાંફવા લાગ્યા... અકબરને હસવું કે ગુસ્સે થવું સમજાયું નહીં... બીરબલની અક્કલ પર બક્કલ મારવાનું કામ અકબરનું નહીં ! તો આપણે કઈ વાડીના મૂળા ?

પ્રેષક : મુનિશ્રી વિનયપ્રિયવિજયજી મ.

**૧૦૦% શુદ્ધ કીંગ બ્રાન્ડ કેસર**
(લેબોરેટરી ટેસ્ટેડ PFA Act પ્રમાણે)
100% VEG
પૂજા માટે સર્વોત્તમ
પૂજામાં શુદ્ધ દ્રવ્યનો ઉપયોગ ઉત્કૃષ્ટ ભાવ જગાવો છે.
આપની જરૂરિયાત માટે મળો યા લખો. **ભુપેન્દ્ર એન્ડ કું.**
૧૫, કેદારનાથ સોસાયટી, પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭ ફોન : ૨૬૬૩૨૯૦૭
**સ્પેનીશ તથા ઇરાની કેસરના ઇમ્પોર્ટર કાશ્મીરી કેસરના વેપારી**

**ભોગવી શકે એવું સૌભાગ્ય નથી, ત્યાગી શકો એવા સંસ્કાર નથી, પછી તમને શાંતિ ક્યાંથી મળે !,**
**શ્રી ધનસુખલાલ વીરજીભાઈ સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, ઝરીયા-ધનબાદ**

## સમાચાર સાર





૫૧ ઉપવાસના તપસ્વી

સુરત : ઉમરા જૈન સંઘના પારૂબેન મયાચંદ વર્ધાજી જૈન આરાધના ભવનમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. આ. શ્રી કુલચન્દ્ર સૂરિજી મ.ની નિશ્રામાં તપસ્વીરત્ન પૂ. મુનિરાજ શ્રી કુમુદચંદ્ર વિજયજી મહારાજને ભાદરવા સુદ-૧૦મે ૫૧ ઉપવાસ પરિપૂર્ણ થતા એની સુંદર ઉજવણી થવા પામી હતી. સંયમ સ્વીકારીને તપની ધૂણી ધખાવનારા વિશિષ્ટ કોટિના તપસ્વી આ મુનિરાજે જીવનમાં અનેક પ્રકારના તપો કર્યા છે, તપશ્ચર્યામાં આ મુનિરાજ ઊભાઊભા પ્રતિક્રમણ, દિવસમાં ૪-૫ કલાક સ્વાધ્યાય, ૨-૩ કલાક જાપ, વગેરે આરાધના અપ્રમત્તભાવે કરતા હતા. તપની અનુમોદના માટે સંઘે તા. ૧૮-૯ થી ૨૨-૯-૨૦૦૭ સુધી ભક્તિ મહોત્સવનું આયોજન કરેલ. પારણાના દિવસે ભા. સુ. ૧૧સે સુરતના સકળ સંઘની નવકારશી ૮ કલાકે અને ૯ કલાકે સમસ્ત સુરત જૈન સંઘોનો સમૂહ વરઘોડો નીકળ્યો હતો. જે ઐતિહાસિક અને અનુમોદનીય બન્યો હતો. સાંજે કુંથુનાથ જિનમંદિરે અતિભવ્ય મહાપૂજાનું આયોજન થતા દર્શનાર્થે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

**અમદાવાદ** : શાંતિનગર જૈનસંઘના આંગણે ચાતુર્માસ બિરાજમાન પૂ. આ. શ્રી ગુણરત્ન સૂરિજી મ.ની નિશ્રામાં વિશાળ ચતુર્વિધ-સંઘની એક જાહેર સભા તા. ૨૭-૮-૦૭ના દિવસે યોજાતા જૈન સંઘના પ્રતિનિધિઓ અને રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. જાતીય-શિક્ષણના રાજકીય-પ્રસ્તાવના વિરોધ પૂર્વક ધર્મ અને સંસ્કૃતિ-વિરુદ્ધ અનેક મુદ્દાઓ અંગે સભામાં વિવિધ વક્તાઓએ સચોટ માર્ગદર્શન કરાવ્યું હતું. ધાર્મિક ટ્રસ્ટો સામેના સરકારી-આક્રમણનો અસરકારક વિરોધ પણ સભામાં પ્રદર્શિત થયો હતો. પૂ. પં. શ્રી રશ્મિરત્ન વિ. મ. દ્વારા લિખિત 'ભ્રૂણહત્યા મહાપાપ' પુસ્તક શિક્ષકો આદિને આપવામાં આવેલ. આજ રીતે બીજી સપ્ટેમ્બરે હજારોની સંખ્યા ધરાવતી વિશાળ સભા કેશરીયાજી તીર્થરક્ષાનું આંદોલન વ્યાપક બનાવવા યોજાઈ હતી. જેમાં શહેરમાંથી અનેક પૂ. આચાર્યદેવોએ પણ ઉપસ્થિત રહીને સંઘને સુંદર માર્ગદર્શન કરાવ્યું હતું. શ્રેણિકભાઈ કસ્તુરભાઈ આદિ અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આઠેક હજારની માનવમેદની ઉમટી હતી.

### નૂતન પાવાપુરી તીર્થધામમાં ઉપધાન તપ

પૂ. આ. શ્રી. હેમચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી કલ્યાણબોધિ વિજયજી મ., પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી આદિ વિશાલ સાધુ-સાધ્વીજી પરિવારની નિશ્રામાં રાજસ્થાનના પાવાપુરી તીર્થ-ધામમાં સામુદાયિક ચાતુર્માસની સુંદર આરાધના ચાલી રહી છે. ભગવતીસૂત્ર ઉપર પ્રવચનો, પ્રશ્નોત્તરી, રવિવારીય અનુષ્ઠાનો, સિદ્ધિતપ, સામુદાયિક અઠ્ઠાઈ ઇત્યાદિ ધર્માનુષ્ઠાનોની હારમાળા સર્જાઈ. પર્યુષણ પર્વની આરાધના પણ વિશિષ્ટ ઢબે આયોજીત થઈ, એ જ રીતે ઓળી તથા દિવાળી પર્વની આરાધના પણ ઉજવાશે. આસો સુદ-૧૦ રવિવાર તા. ૨૭-૧૧-૦૭ થી ઉપધાન તપની આરાધના શરૂ થશે. પાવાપુરી પાર્શ્વનાથદાદાનું ભક્તિ ધામ છે. છ હજાર અબોલ જીવોનું મૈત્રીધામ છે. ૫૦ હજાર વૃક્ષો ધરાવતી આ પ્રાકૃતિક ભૂમિમાં ઉપધાનતપ કરવા એ જીવનનો અણમોલલ્હાવો છે. ફોર્મ મેળવી લેવા વિનંતિ. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

### ઉપધાન હસ્તગિરિથી ગિરનાર-સંઘ

**પાલિતાણા** : સાંચોરી ભવન જૈન ધર્મશાળામાં અનેક આયોજકો દ્વારા આયોજિત ચાતુર્માસમાં બિરાજમાન પૂ. આ. શ્રી રત્નાકર સૂરિજી મ.ની નિશ્રામાં લગભગ ૧૫૯ ગામોમાંથી પધારેલ ૧૬૦૦ જેટલા આરાધકો દ્વારા અજોડ આરાધના થવા પામી. આગમ-તપ અને જીરાવલા અઠ્ઠમમાં ૬૦૦ તપસ્વીઓ જોડાયા. પર્વારાધના તો ઐતિહાસિક થવા પામી. ૪૫ બગીઓ સાથે ૪૫ આગમનો ભવ્ય વરઘોડો, આગમની ઠાઠમાઠથી અષ્ટપ્રકારી પૂજા, પાઠશાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓના સન્માન સમારોહમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓની હાજરી, પાલિતાણામાં બિરાજમાન લગભગ બધા જ પૂજ્યો સહિત પાંચ હજાર ભાવિકોની ઉપસ્થિતિ અને પૂજ્યોના એકી સાથે પ્રવચન વગેરે અનેકવિધ આયોજનો દરમિયાન ભાવિકોનો ઉત્સાહ અને આયોજકોની અનેરી ઉદારતાનું દર્શન થતું હતું. દશેરાથી ઉપધાન તપનો પ્રારંભ થશે, માળારોપણ કાર્તિક વદ ૧૪ તા. ૮-૧૨-૦૭ના શુભદિને થયા બાદ શ્રીહસ્તગિરિ-તીર્થથી

શત્રુંજય-ગિરનારના ૬'રી' પાલક સંઘનું પુણ્ય-પ્રયાણ પૂજ્યશ્રીની નિશ્રામાં થવા પામશે.

## રાજગઢમાં ૮૦ ઘરમાં ૫૫ માસક્ષમણ

મધ્યપ્રદેશમાં ધારની નજીક આવેલ રાજગઢનગરે તપાગચ્છીય ૮૦ ઘર (૬૦૦ જૈનો)માં લગભગ ૫૫ માસક્ષમણની તપશ્ચર્યાનો રેકોર્ડ સરજીને નવો ઇતિહાસ સરજ્યો છે. પૂ. આ. શ્રી નવરત્નસાગરસૂરિજી મ., પૂ. ગણિવર્યશ્રી વિશ્વરત્નસાગરજી મ., પૂ. મુ. શ્રી મૃદુરત્નસાગરજી મ. આદિનું ચાતુર્માસાથે પદાર્પણ થતા જ પૂરા રાજગઢમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો. ૧૪ વર્ષોની વિનંતિ બાદ પૂજ્યશ્રીનું જન્મભૂમિમાં પદાર્પણ થતું હોવાથી આસપાસના પ્રદેશમાં પણ આનંદનું મોજું ફરી વળ્યું હતું. પૂજ્યશ્રીના તપોમય-જીવનનું પ્રબળ આલંબન અને પ્રેરણા પામીને ૧ ઓગસ્ટથી સામુદાયિક માસક્ષમણનો શુભારંભ થયો હતો, જેમાં ૫૧ જેટલી મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. મૃત્યુંજયતપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિના પ્રસંગે ૨૭ ઓગસ્ટથી ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાતા એ ઇતિહાસમાં સુવર્ણ-પૃષ્ઠો ઉમેરાયા હતા. નવકાર મહામંત્ર પૂજન, શાલિભદ્ર ૯૯ પેટી-કાર્યક્રમ, તપસ્વીઓની અતિભવ્ય શોભાયાત્રા, પૂજા-પૂજનો આદિ કાર્યક્રમથી રાજગઢનો રં માલવામાં છવાઈ ગયો હતો. આ સમૂહ તપની વિશેષતા એ હતી કે, સામુદાયિક અઠ્ઠમમાં જોડાયેલા ૧૫૦ તપસ્વીઓ સમક્ષ પૂજ્યશ્રીએ માસક્ષમણ માટેની પ્રેરણા કરતા એ ૧૫૦માંથી જ ૫૧ તપસ્વીઓએ માસક્ષમણમાં ઝૂકાવી દીધું હતું. ૪ ભાવિકો પછીથી માસક્ષમણમાં જોડાયા હતા. આમ કુલ ૫૫ તપસ્વીઓના માસક્ષમણ-તપે ચોમેર શાસન પ્રભાવનાનો ડંકો વગાડ્યો હતો. એનું આલંબન પામીને પર્વાધિરાજ પર્યુષણની આરાધના રૂપે નાની મોટી બીજી તપશ્ચર્યાઓ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં થઈ હતી. તદુપરાંત સ્વપ્ન બોલીઓની ઉપજ, જ્ઞાનદ્રવ્યની ઉપજ, ચૈત્યંપરિપાટી, સ્વામીવાત્સલ્યો વગેરે પ્રસંગો પણ ચિર સ્મરણીય બની રહે એવા ઉજવાયા હતા. રાજગઢ બહુ મોટું ગામ ન હોવા છતાં આવી વિક્રમ-સર્જક તપશ્ચર્યાએ એને પૂરા મધ્ય પ્રદેશમાં ગાજતું કરી દીધું હતું. પૂજ્યશ્રીનું જ્ઞાન-ધ્યાન-તપમય જીવન ચમત્કાર સમું છે, એનું પ્રત્યક્ષ દર્શન આ વર્ષ રાજગઢે કરાવ્યું એમ અતિશયોક્તિ વિના કહી શકાય.

**પાલિતાણા** : અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ગુણોદય સાગરસૂરિજી મ., પૂ. આ. શ્રી કલાપ્રભસાગર સૂરિજી મ. આદિ ૧૮૫ સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં ચાતુર્માસિક આરાધનાઓનો સુંદર રંગ જામ્યો છે. અનેક સંઘપતિઓ દ્વારા આયોજિત ચાતુ.નું આયોજન વાપથક ધર્મશાળાના આંગણે થતા ૧૫૦૦થી વધુ આરાધકો વિવિધ ગામનગરોમાંથી આવીને આરાધના કરી રહ્યા છે. પ્રતિદિન અવનવી આરાધનાઓનું આયોજન થતા પ્રવચન આદિમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાવિકો ઉભરાય છે. પર્વારાધના તો અતિ અનુમોદનીય થવા પામી.

**માલેગામ** : ધર્મનિષ્ઠ શાસનસમર્પિત શ્રાદ્ધવર્યશ્રી જગદીશચંદ્ર શાંતિલાલ મહેતા તા. ૧૪-૭-૦૭ના સમાધિપૂર્વક સ્વર્ગવાસી બનતા માલેગામ ઉપરાંત મહારાષ્ટ્રે પણ એક ઉદારદિલ ધર્મશ્રદ્ધાળુની ખોટ અનુભવી. માલેગામ સંઘના ઘણાં ઘણાં આયોજનોમાં ઉદારતાથી લાભ લેનારા એમણે ચાંદવડ, લાસલગાવ, પાલિતાણા આદિમાં ભગવાન ભરાવવાનો, પાલિતાણા જયતળેટીના દ્વાર-નિર્માણનો (મોટી બોલી બોલવાપૂર્વક) બે ચાતુર્માસ ઉપરાંત ૯૯ યાત્રા વગેરેનો અમૂલ્ય લાભ લઈને જીવનને સાર્થક બનાવ્યું હતું. માલેગામ સંઘમાં સેક્રેટરી-અધ્યક્ષ તરીકે સેવા આપી. ચૂકેલા એમણે ચતુર્વિધ સંઘની ભોજન ભક્તિનો લાભ પણ પાલિતાણા આદિમાં ઉદારતાપૂર્વક લીધો હતો. એમાં એમને ધર્મપત્ની છાયાબેનનો પણ સુંદર સાથ સહકાર મળતો રહેતો હતો. એમના ધર્મ સંસ્કારો પરિવારે પણ સારા પ્રમાણમાં જાળવી રાખ્યા છે.

**પાલિતાણા** : મુંબઈ-ચેમ્બુરના ગત ચાતુર્માસ બાદ મુંબઈના પરાઓ, કોંકણ પ્રદેશ રાયગડ જિલ્લાના અનેકગામો, પૂનાશહેર, માલવા પ્રદેશમાં માંડવગઢ, ધાર ઉજ્જૈનમાં ૧૨ દિવસ દરમિયાન ૨ હજાર હસ્ત-પ્રતોનું અવલોકન, મક્ષીજી સંઘ, નાગેશ્વર, ભોપાલ, ઇન્દૌર, આદિમાં શાસન પ્રભાવક વિચરણ કર્યા બાદ પૂ. મુનિરાજશ્રી સર્વોદય સાગરજી મ. આદિ ગુજરાત થઈને પાલિતાણા પધારતા માલવરત્ન આરાધના ભવન ખાતે ચાતુર્માસની સ્થિરતામાં હસ્તપ્રતોનું સંશોધન અને લેખનનું કાર્ય ખૂબ જ સુંદર રીતે ચાલી રહ્યું છે. એમના હસ્તક ૩૫૦૦ જેટલી હસ્તપ્રતો સંગૃહીત છે, અપભ્રંશ-વિષયક સાહિત્યનું સંશોધન કરવાની રુચિ ધરાવનારા પૂજ્યશ્રીનો સંપર્ક સાધશે, તો જરૂરી સાથ સહકાર મળી રહેશે. સંપર્ક પૂ. મુ. શ્રી સર્વોદય સાગરજી મ. માલવરત્ન આરાધના ભવન, 7-B વિમલાચલ સોસા., શાંતાબા આયંબિલ ખાતાની સામે, તળેટી રોડ, પાલિતાણા-૩૬૪૨૭૦ (મો.) ૦૯૯૦૯૨૧૯૭૯૪

**ભીવંડી :** પોરવાલ શ્વે. જૈન સંઘ આરાધના ભવનના આંગણે ચાતુ. બિરાજમાન પૂ. પં. શ્રી રત્નસેન વિ. ગ.ની નિશ્રામાં અનુપમ આરાધનાઓ થતા પૂરા સંઘમાં સુંદર ધર્મજાગૃતિ આવવા પામી. દૈનિક પ્રવચનો, સાધર્મિક-ભક્તિસહ રવિવારીય વાચનાશ્રેણી, જીરાવલાજીના અઠ્ઠમ, ૧૧ અંગતપ, તરુણ સંસ્કાર શ્રેણી, પૂ. આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિજી મ.ની સ્વર્ગતિથિ ઉજવણી વગેરે એક-એકથી ચડિયાતા આયોજનો બાદ પર્વાધિરાજની ઉજવણી તો ખૂબ ખૂબ અનુમોદનીય થવા પામી હતી. ચડાવાઓ સુંદર થતા દેવદ્રવ્ય આદિની ઉપજનો રંગ જામ્યો હતો. ૬ માસક્ષમણ, ૬૯ સિદ્ધિતપ, ૨૫૦ ઉપરાંત અઠ્ઠાઈઓ, રથયાત્રા, સ્વામીવાત્સલ્ય, ચૈત્ય પરિપાટી વગેરેમાં ખૂબ જ મોટી સંખ્યામાં જોડાઈને સંઘે લાભ લીધો હતો. ૨૯થી સપ્ટેમ્બર ૭મી ઓક્ટોબર સુધી સમૂહ નવકાર આરાધનાના આયોજન પૂર્વકનામહોત્સવમાં ભાવિકો સારી સંખ્યામાં જોડાઈને લાભ લઈ રહ્યા છે. ચાતુ. મહાવીરધામ-શિરસાડના સંઘ, પૂર્વક બાદ નજીક આવેલા આદીશ્વરધામ-શિવનસઈના આંગણે પૂ. પંન્યાસ પ્રવરશ્રીની નિશ્રામાં ઉપધાનતપની આરાધના આરંભાશે.

**પિંડવાડા :** ચાતુર્માસ બિરાજમાન પૂ. મુ.શ્રી મેરુચન્દ્ર વિ. મ.ની નિશ્રામાં પૂ. પં.શ્રી હિરણ્યબોધિ વિ.ગ.નાં પ્રેરક પ્રવચનોથી સંઘમાં સુંદર જાગૃતિ આવવા પામી. દર રવિવારે યોજાયેલ તપ-જપના અનુષ્ઠાનોમાં ભાવિકો સારી સંખ્યામાં જોડાયા. પૂ. સાધ્વીજીશ્રી પુષ્પલતાશ્રીનો યોગ મળતા શ્રાવિકા સંઘને પણ સુંદર આરાધનાઓ થઈ રહી છે. પર્વાધિરાજની આરાધના અનુમોદનીય થતા ચડાવાઓ સુંદર થયા. તપશ્ચર્યા પણ સારી સંખ્યામાં થવા પામી.

**ચાલીસગાંવ :** ચાતુર્માસ બિરાજમાન પૂ. ગણિવરશ્રી ભુવનરત્ન વિજયજી મ.ની નિશ્રા પામીને સંઘમાં સુંદર જાગૃતિ આવવા પામી. પૂ. મુ. શ્રી ભુવનહર્ષ વિજયજીમહારાજે ખૂબ જ અપ્રમત્ત-ભાવે માસક્ષમણની તપશ્ચર્યા કરતા સંઘમાં તપનું અનુમોદનીય વાતાવરણ સર્જાયું. આવું આલંબન પામીને ભાવિકો માસક્ષમણ અને અઠ્ઠાઈ તપમાં સારી સંખ્યામાં જોડાયા. શ્રા. સુ. પૂર્ણિમાએ માસક્ષમણની પૂર્ણાહુતિની અનુમોદનાર્થે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહ ભક્તિ મહોત્સવના આયોજનમાં સંઘે ખૂબ જ ઉલટભેર લાભ લીધો. જ્ઞાન-ધ્યાનની બધી જ પ્રવૃત્તિ અપ્રમત્તભાવે માસક્ષમણમાં પણ ચાલુ રાખનાર પૂ. તપસ્વીનું મનોબળ સૌને માટે અનુમોદનાને પાત્ર બન્યું. પર્વાધિરાજનીઆરાધના પણ ઉમંગભેર થવા પામી. સ્વપ્નના ચડાવા, કલ્પસૂત્રની બોલીઓ, રથયાત્રા, સ્વામીવાત્સલ્ય વગેરે કાર્યક્રમ ખૂબ ખૂબ અનુમોદનીય બનવા પામ્યો. વર્ષો બાદ ચાતુર્માસનો યોગ મળવાથી સંઘમાં સુંદર ધર્મજાગૃતિ આવવા પામી છે.

## આદીશ્વરધામ શિવનસઈમાં ઉપધાન

પૂ. પં. શ્રી રત્નસેન વિજયજી ગણિવરની નિશ્રામાં ઉપધાનતપ સમિતિ મુંબઈના ઉપક્રમે તા. ૪ ડિસેમ્બર ૨૦૦૭થી ઉપધાન તપનો શુભારંભ થશે. નૈસર્ગિક વાતાવરણ ઉપરાંત પારિષ્ઠાપનિકા સમિતિ માટેની નિર્દોષ ભૂમિ ધરાવતા આ તીર્થમાં આરાધના કરવા આરાધકોએ મહારાજા મેટલ (૧લી પાંજરાપોળ મુંબઈ. ફોન : ૨૨૪૨૨૨૦૨૦ અને મૂલચંદ ભંવરલાલ એન્ડ કું. મો. ૯૮૬૭૪૨૭૨૯૨ આ સરનામે સંપર્ક કરી ફોર્મ મેળવી ભરી જવા વિનંતિ.

**માલેગામ :** પૂ. ગણિવર્ય શ્રી નયભદ્ર વિજયજી મ.નો ચાતુર્માસ-પ્રવેશ થયો એ દિવસથી જ સંઘમાં આયંબિલ-તપની આરાધનાનો અનેરો રંગ જામ્યો છે. સંઘમાં પ્રથમ વાર જ પ્રતિદિન લગભગ ૫૦ જેટલા આયંબિલની સંખ્યા રહી. ૪૦ ભાગ્યશાળીઓ વર્ધમાનતપના પાયામાં નવા જોડાયા, ઘણા ઓળીમાં આગળ વધ્યા. પ્રવચન આદિમાં ભાવિકો સુંદર લાભ લે છે. પર્વારાધના અતિ અનુમોદનીય થવા પામી. શ્રી સંઘ તરફથી આસો વદમાં ઉપધાનતપનો શુભારંભ કરવાની જય બોલાતા સંઘમાં ઉત્સાહ ખૂબ જ વૃદ્ધિ પામ્યો પર્યુષણ પછી પણ પ્રવચન-પ્રતિક્રમણ- આદિમાં ભાવિકો સારી સંખ્યામાં જોડાઈને લાભ લઈ રહ્યા છે.

**ઋષભ ટાવર :** (પ્રાર્થના સમાજ-મુંબઈ) અત્રે સંઘના આરાધકોની વિનંતિથી પર્યુષણ મહાપર્વમાં ભારતનગરથી પ્રથમ ત્રણ દિવસ પૂ.આ.શ્રી ગુણશીલ સૂરિજી મ. પ્રવચનાર્થે બપોરના ૨.૩૦ થી ૪.૩૦ પધાર્યા હતા. કલ્પસૂત્રના વ્યાખ્યાનોમાં પૂજ્યશ્રીજીના નિશ્રાવર્તી પૂ.મુ.શ્રી કિરણપ્રભ વિ.મ., પૂ.મુ.શ્રી જયશીલ વિ.મ. પધાર્યા હતા. સંઘમાં પર્વાધિરાજની આરાધના ખૂબ સુંદર થઈ. બારસાસૂત્રનું શ્રવણ ચંદનબાલાથી પધારેલ પૂ.મુ.શ્રી યુગપ્રભ વિ. મહારાજે કરાવેલ. સાંવત્સરિક પ્રતિક્રમણ પૂ.મુ.શ્રી જયશીલ વિ.મ.ની નિશ્રામાં ખૂબજ સારી રીતે થવા પામ્યું.

## श्री राजगृही महातीर्थ में पर्युषण महापर्व की भव्य आराधना एवं पांचों पहाड़ पर प्रतिष्ठा की उद्घोषणा

२० वें तीर्थपति श्री मुनिसुव्रतस्वामी भगवान के चार कल्याणकों की भूमि श्री राजगृही तीर्थ में श्री जैन श्वेताम्बर भण्डार तीर्थ राजगीर के तत्वावधान में जिनशासन के महानज्योतिर्धर पू. आचार्यदेव श्रीमद् विजय रामचन्द्रसूरीश्वरजी महाराजा के समुदाय के तेजस्वीसितारे कल्याणकतीर्थोद्धारक पू. आचार्यदेव श्रीमद् विजय जयकुंजरसूरीश्वरजी म. पू. आचार्यदेव श्रीमद् विजय मुक्तिप्रभसूरीश्वरजी म. पू. उपाध्याय श्री अक्षयविजयजी गणिवर ठाणा-१२ एवं पू. साध्वीजी श्री हंसप्रभाश्रीजी म. आदि ठाणा-४ की निश्रा में श्री राजगृही चार्तुमास आराधक समिति द्वारा आयोजित २ महिना का सामुदायिक चातुर्मास पर्युषण महापर्व की आराधना के साथ सोल्लास सम्पन्न हुआ ।

इस चातुर्मास दौरान हुई अनेकविध आराधना एवं तपस्या की अनुमोदनार्थ पर्युषण पर्व के पूर्व ही भव्य पंचान्हिक महोत्सव मनाया गया । पर्युषण महापर्व दौरान पू. आचार्य भगवंत पू. उपाध्यायभगवंत एवं पू. मु. श्री पुण्यरक्षितविजयजी म. ने अष्टान्हिका प्रवचन फरमाये । महापर्व दौरान राजगिरी के विशिष्ट अतिथिगण चातुर्मास के मुख्य लामार्थीगण, श्री जैन श्वेताम्बर भंडारतीर्थ राजगीर के अध्यक्ष श्री सुरेशचन्द्र कोठारी, मंत्री श्री रंजनकुमार का चातुर्मास समिति की गोत बहुमान किया गया।

साथ ही संस्था के महाप्रबंधक श्री जयन्तीलाल जैन, एकाउन्टेन्ट श्री सुरेन्द्रकुमार जैन एवं पूरे स्थायी एवं अस्थायी स्टाफ का भी बहुमान किया गया ।

शासनप्रभावक उभय पू. आचार्यभगवंतो के सदुपदेश एवं मार्गदर्शन से राजगृही के पांचो पहाड़ों के जिनमंदिर जिर्णोद्धार का काम अच्छी तरह चल रहा है इन सभी जिनमंदिरों की पुनः प्रतिष्ठा एवं अंजनशलाका के लिए भादरवा सुद-१ वीरजन्मवांचन के मंगल दिन श्री जैन श्वेताम्बर तीर्थ ट्रस्ट की ओर से अध्यक्ष श्री सुरेशचन्द्र कोठारी एवं मंत्री श्री रंजनकुमारीजी जैन आदि समस्त ट्रस्टीगण ने पू. आचार्यभगवंत को मुहूर्तप्रदान करने के लिए आग्रहपूर्ण विनंति की । जिसके प्रत्युत्तर में पू. आचार्यभगवंत को मुहूर्तप्रदान करने के लिए आग्रहपूर्ण विनंति की । जिसके प्रत्युत्तर में पू. आचार्यश्री ने अंजनशलाका के लिए वि.स. २०६४ पौष सुद-१२ एवं पांचो पहाड़ों की प्रतिष्ठा हेतु पोषवद-१ (दिनांक २३ फरवरी) पोष वद-६ दिनांक २८ जनवरी, महा सुद-४ दिनांक १० फरवरी एव महा सुद-५ दिनांक ११ फरवरी यह मूहर्त प्रदान किए। राजगीर के राष्ट्रपति पुरुस्कार प्राप्त डा. जयनन्दन पाण्डेय द्वारा संस्कृत भाषा में लिखित गुणाभिनन्दन पुष्प पू. आचार्यभगवंत के कर कमलों में अर्पित किया गया ।

महापर्व दौरान मासक्षण-३ सिद्धीतप-३, भद्रतप-१, अट्ठाई-६० चौसठप्रहरी पोषद-७०, संवत्सरी के दिन २५० पौषध, अट्ठमतप-८० आदि अनेक तपस्यायें हुई । भादरवा सुद-५ के दिन सुबह में रथयात्रा सह तपस्वीयों का भव्य वरघोडा धूमधाम से निकला ।

चातुर्मास आराधको को श्री सम्मेतशिखरजी तीर्थ पंचतीर्थ यात्रा चातुर्मास समिति द्वारा कराई गई । श्री राजगृही तीर्थ में पू. आचार्यभगवंतो की निश्रा में बहुत सालों के बाद सम्पन्न इस चातुर्मास के सफल आयोजन में श्री जैन श्वेताम्बर भण्डार तीर्थ-राजा गीर ट्रस्टमंडल, महाप्रबंधक श्री जयंतिलाल जैन, चातुर्मास समिति के सूत्रधार श्री माणेकचंदजी संघवी कोल्हापुर आदि का अपूर्व योगदान रहा । इस चातुर्मास दौरान प्रभुभक्ति अनुष्ठानों एवं मंच संचालन में श्री अरविंदभाई चौरडिया इन्दौरवालों ने अच्छा माहौल जमाया ।

पू. आचार्यभगवंतों की निश्रा में पावापुरी समवसरण मंदिर तीर्थ में आसोज मास की शाश्वती नवपद ओली का सामुदायिक आयोजन सांचोर राजस्थान निवासी शा. आशमलजी गुणेशमलजी संघवी परिवार की ओर से होगा । तत्पश्चात् श्री जैन श्वेताम्बर समवसरण तीर्थ में दीपावली पर्व के उपलक्ष्य में सामुदायिक छठ्ठ तप की भव्य आराधना एवं वीरनिर्वाण महोत्सव सम्पन्न होगा । श्री जैन श्वेताम्बर भण्डार तीर्थ पावापुरी द्वारा गाँव मंदिर में भी अष्टाह्निक वीरनिर्वाण महोत्सव धूमधाम से मनाया जायेगा । महोत्सव अंतर्गत श्री राजगृही चातुर्मास आराधक समिति द्वारा श्री जैन श्वेताम्बर भण्डार तीर्थ ट्रस्ट पावापुरी एवं श्री समवसरण तीर्थ ट्रस्ट पावापुरी का बहुमान किया जायेगा ।

दीपावली के पश्चात् पू. आचार्य भगवंतो राजगृही तीर्थ में पधारेगें । चातुर्मास पूर्णाहूति राजगीरी तीर्थ में सम्पन्न होगी । सचमुच कहा जाय तो राजगृही तीर्थ के इतिहास में यह चातुर्मास स्वर्णिम अक्षरों में लिखा जायेगा ।

**ડોંબિવલી-શ્રી રાજસ્થાન જૈન સંઘમાં અદ્‌ભુત શાસન-પ્રભાવના :**

વિશાળ સંખ્યામાં જૈન પરિવારોનો વસવાટ ધરાવતા ડોંબિવલી (પૂર્વ) શહેરના શ્રી શાંતિનાથ જિનાલય-રાજસ્થાન શ્વે.મૂ.જૈન સંઘના આંગણે સૌ પ્રથમવાર આયોજિત ભવ્યાતિભવ્ય ચાતુર્માસ અન્તર્ગત પર્યુષણ મહાપર્વની આરાધનાએ અનેરો રંગ જમાવ્યો. સિદ્ધહસ્તલેખક પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા, પ્રવચનપ્રભાવક પૂ.પંન્યાસ પ્રવર શ્રી યુગચન્દ્ર વિજયજી ગણિવર આદિ પૂજ્યોના સાંનિધ્યમાં પર્યુષણ પ્રવચનોએ અનેરા ભાવો જમાવ્યા. વીરજન્મ વાચનના દિવસે ૧૪ સ્વપ્ન દર્શન વગેરેની ઉછામણીઓમાં એવો ઉછાળો આવ્યો કે, કેટલાય વર્ષોના રેકોર્ડ ભૂંસાઈ ગયા. જન્મવાચન નિમિત્તે સંઘ સ્વામિવાત્સલ્ય પણ થયેલ. પર્યુષણના પ્રથમ ત્રણ દિવસ દરરોજ બપોરે શાંતિનાથ જિનાલયમાં વિવિધ પૂજાઓ ભણાવાઈ. સુંદર પ્રભાવના અપાઈ. મોટો ચઢાવો બોલી કલ્પસૂત્ર ગૃહે પધરાવવાનો લાભ એક પરિવારે પ્રાપ્ત કરેલ. ૪ દિવસમાં ૮ પ્રવચનો સુંદર શૈલીમાં શ્રવણ કરવાનો શ્રોતાગણને સૌ પ્રથમવાર લાભ મળેલ. પ્રતિદિન પ્રવચનાંતે સાકર-બદામ-એલચી-લવીંગ-બુંદી મોદક-શ્રીફળ જેવી વિવિધ વસ્તુઓની પ્રભાવના અપાયેલ. પર્યુષણના તમામ દિવસોમાં પ્રવચન ખંડ પૂરો ભરાઈ જતો. પૂ.આચાર્યભગવંતનું સાંનિધ્ય સાંપડતા સકલ સંઘમાં તપ ધર્મની સાધના-આરાધના કરવાના મનોરથ જાગ્યા હતા. તદનુસાર ૨ માસક્ષમણ, ૧૦૦ આસપાસ અઠ્ઠાઈ, સિદ્ધિતપ વગેરે અનેક તપશ્ચર્યા થઈ હોવાથી તમામ તપસ્વીઓને અંતિમ પચ્ચક્ખાણ પ્રદાન કરવાનો કાર્યક્રમ ભાદરવા સુદ ત્રીજે સમૂહમાં યોજાયો. શાંતિનાથ જિનાલયેથી વાજતે ગાજતે સંઘ સાથે તપસ્વીઓ નૂતન આરાધના ભવન પધારતા અપૂર્વ હર્ષોલ્લાસ સાથે પચ્ચક્ખાણ અપાયું. સૌને વાસક્ષેપ પ્રદાન થયા બાદ રૂ. ૧૦નું સંઘપૂજન થયેલ. અંદાજે ૧ હજાર જેટલા ભાવિકોથી પ્રવચન મંડપ એકદમ ખીચોખીચ ભરાઈ ગયેલ.

સંવત્સરી દિનની સુપ્રભાત ડોંબિવલી માટે સુવર્ણની ઉગી. સવારે મહિમાવંત 'શ્રી બારસાસૂત્ર'ના પવિત્ર મંત્રાક્ષરોના શ્રવણ બાદ એક અતિ મહત્વના કાર્ય માટે વિજય મૂહુર્તે સંઘની જાજમ બિછાવાઈ. શ્રી રાજસ્થાન જૈન સંઘ દ્વારા પૂજ્યશ્રીના ચાતુર્માસ પૂર્વેજ નવનિર્મિત આરાધના ભવનની ઉછામણી માટે સૌ એકત્રિત થયા હતા. પૂ.ગુરુભગવંતના મંગલાચરણ બાદ ઉછળતા ઉમંગે ઉછામણીનો પ્રારંભ થયો. સ્ટાર સંગીતકાર વિનીત ગેમાવતે સુંદર જમાવટ કરી. એક પછી એક આંક બોલાતા ગયા ને ચઢાવાનો રંગ ઔર જામ્યો. આરાધના ભવનનું મુખ્ય પ્રવેશદ્વાર, પ્રવચન ખંડ, આરાધના ખંડ, મંગલ ભવન અને અતિથિ ભવન તેમજ સોપાન શ્રેણી -મોક્ષ સીડી, આમ. કુલ્લે આઠ ચડાવાનો આંક પણ આઠ આંકડાને ઓળંગી ગયેલ. કલ્પના બહારના ચડાવા થતાં સભામાં આનંદનું મોજું ફરી વળ્યું. સમસ્ત ડોંબિવલીના ઇતિહાસમાં આટલી મોટી સંખ્યામાં ચડાવા ક્યારેય થયા ન હોવાથી શ્રી રાજસ્થાન જૈન સંઘની અનુપમ ઉદારતાએ એક નવો જ કીર્તિમાન સ્થાપિત કર્યો. ક્રમશઃ દરેક આદેશ અપાતા ગયા ને લાભાર્થી પરિવારજનોનો ઉલ્લાસ ચરમ સીમાને આંબી ગયો. માત્ર ૩ કલાકમાં આઠ આંકડા જેવી માતબર રકમનો શ્રદ્ધાળુઓએ સદ્‌વ્યય કરીને સુવર્ણાક્ષરીય ઇતિહાસ આલેખ્યો. સાંજે સંવત્સરી પ્રતિક્રમણ અપૂર્વશાંતિ, શિસ્ત અને શુદ્ધ પૂર્વક ૭૦૦ આરાધકોએ એક સાથે કરેલ. સહુને શ્રીફળની પ્રભાવના અપાઈ હતી.

ભાદરવા સુદ-૫ના રોજ માસક્ષમણથી પ્રારંભીને માત્ર ૧ ઉપવાસ ૫ કરનારા તમામ તપસ્વીઓના પારણા રાઠોડ પરિવાર તરફથી ખૂબ શાનદાર રીતે થયા. અલગ અલગ દિવસે માસક્ષમણ, સિદ્ધિતપ, અઠ્ઠાઈ વગેરે અનેક તપસ્વીના ગૃહે પૂજ્યોના સંઘ સાથે સસ્વાગત પગલા-પ્રવચન થયા. ઠેર-ઠેર વિશિષ્ટ પ્રભાવના-સંઘપૂજા અપાઈ. પ્રત્યેક તપસ્વીને બેસવા માટે ૧૭ ઘોડાબગી, વૃષભ વાહિની, પ્રભુજીનો રથ, 'સૂરિરામ'ની પ્રતિકૃતિવાળી બગી, ૧૧ અશ્વસવારો, ૪-૪ બેન્ડવાજા પાર્ટી અને રાજસ્થાની સાફામાં શોભતા મહાજનથી રળીયામણી બનેલી રથયાત્રા પૂરા ૩ કલાક સુધી ડોંબિવલીના અનેક રાજમાર્ગો પર પસાર થઈને પુનઃ જિનાલયે આવી વિરામ પામી. વરઘોડામાં યુવાનો તો શું પ્રોઢો પણ ઉલ્લાસમાં આવીને મન મૂકીને નાચી ઉઠ્યા હતા. જ્યારે ગુલાલની તો છોળો ઉછાળીને યુવાનોએ હૈયાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો હતો. ત્યારબાદ રાજસ્થાન સંઘનું સ્વામિવાત્સલ્ય સાનંદ સંપન્ન થયેલ.

વિવિધ તપશ્ચર્યા નિમિત્તે અને વાર્ષિક કર્તવ્યના પાલન સ્વરૂપે સંઘ દ્વારા પંચાહ્નિક પ્રભુભક્તિ ઉત્સવનું આયોજન થયેલ. જેની સુંદર પત્રિકા ગામે ગામ પાઠવી હતી. ઉત્સવ પ્રારંભ ભા.સુ.૧૦ થી કુંભસ્થાપના, પાટલાપૂજન દ્વારા થયો. ભા.સુ.૧૧ના અઢાર અભિષેક, ભા.સુ.૧૨ના સિદ્ધચક્ર પૂજન અને ભા.સુ. ૧૩+૧૪ના રોજ બારવ્રતની પૂજા. અંતિમ દિને શ્રી લઘુશાંતિ સ્નાત્ર મહાપૂજન ભણાયું. તે દિવસે સંઘનું સ્વામિવાત્સલ્ય પણ રખાયેલ. પ્રભુજીની ભવ્ય અંગરચના અને જિનાલયમાં દીપક રોશનીથી આહ્લાદક વાતાવરણ સર્જાઈ ગયેલ. વિધિકાર શ્રી જિજ્ઞેશભાઈ શાહ પધાર્યા હતા, અને પાંચેય દિવસ અલગ અલગ સંગીતકારે આવીને ભક્તિભર્યું વાતાવરણ સર્જેલ. ભા.સુ.૧૧ના રવિવારે ડોંબિવલીના મુખ્ય તમામ જિનાલયની ચૈત્યપરિપાટી યોજાઇ હતી. જે ૩ કિ.મી. દૂર શંખેશ્વર નગરમાં પૂર્ણ થતાં ઉપસ્થિત સહુની ભક્તિ કરાઈ હતી.

સવારે ૬.૧૫ કલાકે પ્રયાણ વેળાએ જ ૪૦૦ ઉપરાંત સંખ્યા જોડાઈ ગયેલ. પૂ.મુનિરાજશ્રી હિતપ્રિય વિજયજી મહારાજે વર્ષીતપ દરમ્યાન ૧૧ ઉપવાસની આરાધના અપ્રમત્તપણે કરેલ જ્યારે પૂ.સા.શ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજીના અને પૂ.સા.શ્રી નિર્મળપ્રજ્ઞાશ્રીજીના ઉત્તરાધ્યયન સૂત્રા યોગોદ્વહન સુંદર રીતે સંપન્ન થયેલ.

ચાતુર્માસનો પ્રવેશ એવી શુભ-મંગલ-પવિત્ર ક્ષણે થયો હતો કે, જેની પ્રતીતિ દિવસે-દિવસે પ્રત્યેક સદસ્યને થવા લાગી. પર્યુષણમાં આરાધના ભવનના ચડાવામાં આટલી બધી ઉદારતા દાખવ્યા પછી પંચાહ્નિક ઉત્સવ દરમ્યાન ભા.સુ.પૂનમે શિખરબદ્ધ નૂતન જિનાયના ખનન મુહૂર્ત-શિલાસ્થાપનના ચડાવાનું આયોજન થતાં સવાયા ઉત્સાહથી સૌ એકત્રિત થયા. પૂજ્યશ્રીના પ્રવચન બાદ ઉછામણીનો પ્રારંભ સંગીતકાર વિનીત ગેમાવતે કર્યો. જોરદાર રસાકસી વચ્ચે ખનન મૂહુર્ત અને કુમેશિલાનો ચડાવો ખૂબ જ સારા-મોટા આંકમાં અપાયો. ત્યારબાદ પુનઃસ્થાપિત પાઠશાળાના નામકરણનો ચડાવો બોલાયો. જેનો લાભ શ્રી ભેરુલાલજી મોહનલાલજી મહેતા(ભૂતિ) પરિવારે અકલ્પનીય ઉદારતા સાથે લીધો. પૂ.ગુરુભગવંતે 'શ્રી વર્ધમાન પાઠશાળા' નામાભિધાન જાહેર કર્યું. ક્રમશઃ શેષ શિલાના ચડાવા પણ એવી જ ઉદારતા સાથે આઠ આંકડામાં સંપન્ન થયા.સકલ શ્રી સંઘના હૈયાના હર્ષોલ્લાસ વચ્ચે ટ્રસ્ટ મંડળે ખનન-શિલાસ્થાપનના શુભદિનની યાચના કરતા પૂજ્યશ્રીએ ખનન મૂહુર્ત માટે આસો સુદ-૧૪, ૨૫-૧૦-૦૭નો અને શિલાસ્થાપના માટે નૂતન વર્ષમાં કારતક સુદ-૧૧ ૨૧-૧૧-૦૭નો દિવસ શ્રેષ્ઠ જણાવતા સહુએ વધાવી લીધો હતો. આરાધના ભવન નિર્માણનું કાર્ય ગણતરીના મહિનાઓમાં જ પૂર્ણ થવાના આરે છે, ત્યાં જ નૂતન શિખરબંધ જિનાલય નિર્માણનો શુભારંભ થવાના ચક્રોગતિમાન છે, જે પૂજ્યપાદશ્રીની નિશ્રા-પ્રેરણા અને આશિર્વાદનું જ એક માત્ર ફળ છે. એમ સમગ્ર સંઘના આરાધકો સમસ્વરે બોલી રહ્યા છે.

**કાળધર્મ :** સાહિત્ય કલારત્ન પૂ.આચાર્યદેવ શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજનાં પટન વિનયી શિષ્યરત્ન પૂ.પંન્યાસ શ્રી વાચસ્પતિ વિજયજી (ઉ.વ.૮૨) દિક્ષાપર્યાય (૬૫ વર્ષ) ડભોઇ (માતૃભૂમિ) મુકામે તા. ૨૮-૯-૦૭ના કાળધર્મ પામ્યા હતા. તેઓશ્રીએ વર્ષોથી પાલિતાણા સાહિત્ય મંદિર-ઉપાશ્રય ખાતે સ્થિરતા કરી હતી. સાહિત્ય-મંદિરમાં વિશાળ-જ્ઞાનભંડાર હોવાથી પાલિતાણા સ્થિત પૂજ્યોને જ્યારે જોઈએ ત્યારે પઠન-પાટન માટે પુસ્તકો-પ્રતો મળી રહેતા.સ્વર્ગસ્થ પૂ.પંન્યાસ પ્રવરશ્રી જરાય પ્રમાદ સેવ્યા વિના પુસ્તકોનું પઠન-પાઠન ચાલુ રહે એ માટે પ્રયત્નશીલ રહેતા. એથી એમના સ્વર્ગવાસથી ઘણા ઘણા પૂજ્યોએ આઘાત અનુભવ્યો. સેવાભાવી પૂ.મુનિરાજશ્રી જયભદ્રવિજયજી મહારાજે સેવાનો સુંદર લાભ ઉઠાવ્યો હતો.

**રાજગૃહી-પાવાપુરી :** શ્રીમુનિસુવ્રત સ્વામી ભગવાનની કલ્યાણક ભૂમિ રાજગૃહી તીર્થના આંગણે ચાતુર્માસ બિરાજમાન પૂ.આ.શ્રી જયકુંજર સૂરિજી મ.,પૂ.આ.શ્રી મુક્તિપ્રભ સૂરિજી મ., પૂ.ઉપા.શ્રી અક્ષયવિજયજી ગ. આદિની નિશ્રામાં આરાધકોને અદ્‌ભુત આરાધનાનો લાભ મળ્યો. દૈનિક અવનવા અનુષ્ઠાનો-પ્રવચનો ઉપરાંત શ્રા.સુ.૧૨-૧૩-૧૪ના સાવરકુંડલા નિવાસી શ્રી મંજુલાબેન જયસુખલાલ દલીચંદ શેઠ પરિવાર-કલકત્તા તરફથી ૯ લાખ નવકાર જાપનું અતિ અનુમોદનીય અનુષ્ઠાન યોજાયું. સુપુત્રો દિલીપભાઈ-કુમારભાઈ-તપનભાઈએ ખૂબ જ ઉદારતાપૂર્વક લાભ લઈને જાપના આ અનુષ્ઠાનને શાસન પ્રભાવક બનાવ્યું. પર્વારાધના તો અત્યંત અનુમોદનીય થઈ. આરાધના કરવા આસાપસથી અને દૂરદૂર મુંબઈ જેવા સ્થળોમાંથી પણ ભાવિકો મોટી સંખ્યામાં પધાર્યા હતા. તપશ્ચર્યાઓ, દેવદ્રવ્ય આદિની ઉપજ, આરાધના, આસપાસના ગામોમાંથી પધારેલ ભાવિકોનો ઉત્સાહ આદિની દૃષ્ટિએ ખૂબ જ સુંદર પર્વારાધના થવા પામી. રાજગૃહીના પાંચ પહાડના જિનમંદિરોનો જીર્ણોદ્ધાર ખૂબ જ સારી રીતે ચાલી રહ્યો છે, પૂજ્ય મહારાષ્ટ્ર તરફ વિહાર કરવાની ભાવના ધરાવતા હોવા છતાં આગેવાન-ટ્રષ્ટીઓની પ્રતિષ્ઠા-પ્રસંગે નિશ્રા-પ્રદાન કરવાની આગ્રહભરી વિનંતી છે. પૂર્વે નક્કી થયા મુજબ પર્યુ. બાદ પૂજ્યશ્રી પાવાપુરી-તીર્થમાં અર્ધ ચાતુર્માસનો લાભ આપનાર હોવાથી અને અવગ્રહ-મર્યાદાની દૃષ્ટિએ ચાતુર્માસિક પ્રતિક્રમણ વચમાં કર્યું હોવાથી પૂજ્યા પાવાપુરીજી પધારતા સુંદર સ્વાગત થયું હતું. ઓળી અને દિવાળીની અનુમોદનીય આરાધના પાવાપુરી સમવસરણ મંદિર-તીર્થના આંગણે ઉમંગભેર થવા પામશે.

**શાહૂનગર-આધોઇ :** ભૂકંપ બાદ નિવનિર્માણ પામેલ આ નગરમાં પૂ.આ.શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૩૨ તેમજ પૂ.સાધ્વી સમુદવ્યનું ૧૫મી ઠાણા સાથેનું આરાધના મય ચાતુર્માસ ચિરસ્મરણીય બની રહેશે. જૂના આધોઇમાં પૂ.આ.શ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજાએ વિશાળ સમુદાય સાથે પાંચ પાંચ ચાતુર્માસનો લાભ આપ્યો હતો. એ વખતે પણ મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીજીઓ યોગોદ્‌વહન કરવા ભાગ્યશાળી બનેલ. એ જ ઇતિહાસનું નવા આધોઇમાં પુનરાવર્તન થવા પામ્યું. ક્રમસર ચાલુ રહેલી અનેકવિધ આરાધનાઓની શ્રેણીમાં પર્વારાધના તો અત્યદ્‌ભુત થવા પામી. માસક્ષમણ-૨, ૨૮ ઉપ.૧, ગણધરતપ-૭૦, શ્રેણીતપ-૩, ધર્મ ચક્રતપ-૨ પંચરંગી તપ-૨૫, ૧૬ ઉપ.૯, અઠ્ઠાઈઓ અનેક, ૬૪ પ્રહરી પૌષધ-૧૭૫, ઇત્યાદિ આરાધનાઓની અનુમોદનાર્થે ભા.સુ.૧૨ થી અતિ ભવ્ય પાંચ દિવસીય મહોત્સવ ઉજવાયો. ત્યારબાદ ૯ એકાસણા સહ નવકારજાપનું સમૂહ આયોજન થતા

ઘણાં ભાવિકો જોડાયા. આ.સુ.૧૪થી ઉપધાનતપનો પ્રારંભ, કાર્તિક વદમાં ભવ્ય પ્રતિષ્ઠા પ્રસંગ, આઘોઇથી ગિરનાર-સિદ્ધાચલ સંઘ-પ્રયાણ પો.વદ ૧, તા. ૨૩-૧-૦૮ ઇત્યાદિ કાર્યક્રમની જય બોલાઈ જતા સંઘમાં અનેરો ઉત્સાહ-ઉમંગ જોવા મળે છે.

**ઉસ્માનપુરા-અમદાવાદ** : પ.પૂ.આ.શ્રી રત્નચન્દ્ર સૂરિ મહારાજની નિશ્રામાં આરાધનાની અદ્દ્ભૂત હેલી ચડી. પર્યુષણ પર્વ દરમ્યાન અનેક-અનેક તપસ્યાઓ થઈ હતી. છઠ્ઠ-અઠ્ઠમ-અઠ્ઠાઈમાં લગભગ ૩૫૦ થઈ ૪૦૦ આરાધનો જોડાયેલ અને બીજા પણ સોળ ઉપવાસ, માસખમણ, ક્ષીરસમુદ્ર વગેરે તપ પણ સારી સંખ્યામાં થયેલ હતા. નાના બાળક-બાલિકાઓએ પણ ખૂબ જ સારી સંખ્યામાં અઠ્ઠાઈ કરેલ હતી. પર્યુષણ પર્વ બાદ ભવ્ય પંચાન્હિકા મહોત્સવ થયો હતો. ઉસ્માનપુરાથી મેમનગરની ચૈત્યપરિપાટી યોજાઈ હતી, ૩૬-૩૬ છોડનું ભવ્યાતિભવ્ય ઉજમણું પણ ગોઠવવામાં આવેલ હતું. પર્યુષણ પછીના ત્રણ રવિવારે "યુવાશક્તિ, નવરાત્રિ કે લવરાત્રિ' અને મા આ ત્રણ વિષય ઉપર ત્રણ યુવા શિબિર ગોઠવવામાં આવી છે. જેમાં ૬૦૦ થી ૭૦૦ યુવાનો જોડાયેલ. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં કા.વ.૨ થી ઉસ્માનપુરાથી પાલિતાણાનો ૧૭ દિવસીય '૬'રી પાલક સંઘ નીકળશે.

**કોણાર્ક કરિશ્મા-વસ્ત્રાપુર-સેટેલાઈટ** : પૂ.આ.શ્રી રત્નચન્દ્ર સૂરિ મ.ના શિષ્ય પૂ.મુનિ ઉદયરત્ન વિજયજી મ.ની નિશ્રામાં કોણાર્ક કરિશ્મા માં ખૂબ જ સારી રીતે પર્યુષણ પર્વની આરાધના થઈ. નાનકડા સંઘમાં માહોલ ખૂબ જ સારો રહ્યો. પર્યુષણ પર્વની આરાધના ઉપાશ્રય ન હોવાથી મંડપ બાંધીને કરાવાય છે, પણ આ વખતે મુનિ શ્રીની પ્રેરણાથી ઉપાશ્રયને જોઈતી તમામ રકમ થઈ ગઈ હોવાથી હવે ટૂંક સમયમાં જ ઉપાશ્રયનું નિર્માણ થવા પામશે.

### ડીસાના જીવદયાપ્રેમીને ખૂનની ધમકી :

ડીસા રાજપુર પાંજરાપોળના વહીવટદાર તરીકે સતત કાર્યશીલ જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારીને છાપી તાજહોટલ પાસે વીસ અજાણ્યા શખ્સોએ રોકી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં આ બાબતે ડીસા શહેર પો.સ્ટે.માં ફરિયાદ દાખલ કરેલ છે. ડીસા રાજપુત પાંજરાપોળના મુખ્ય વહીવટદાર ભરતભાઈ અમૃતલાલ કોઠારીને બે દિવસ અગાઉ તા. ૪-૯-૦૭ના ટ્રકમાંથી ક્રૂરતાપૂર્વક કતલખાને લઈ જવાતાં પાડા ઝડપ્યા હતા. જે ટ્રકના તમામ અબોલ પશુઓને રાજપુત પાંજરાપોલમાં લવાયા હતા. જેની અદાવત રાખી છાપી ગામની તાજ હોટલ પાસે સાંજના ૨૦ જેટલા અજાણ્યા લઘુમતી કોમના માણસોએ તેમના વાહનને અટકાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

### પર્વાધિરાજની અવિસ્મરણીય-આરાધના :

**મુંબઈ:** ભારતનગર જૈન સંઘમાં પૂ.આ.શ્રી ગુણશીલ સૂરીશ્વરજી મ., પૂ.પં.શ્રી કુલશીલ વિ.ગણિવર આદિની નિશ્રામાં ચાતુર્માસિક ઉપરાંત પર્યુષણની અવિસ્મરણીય આરાધનાઓ થવા પામી. પૂ.આ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની ૧૬મી સ્વર્ગ તિથિ નિમિત્તે આયોજીત સુવિશાળ શ્રી ગુણાનુવાદ સભા, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહ મહોત્સવ, પ્રત્યેક રવિવારે વાચનાશ્રેણીનું સુંદર આયોજન જેમાં પૂજ્યશ્રી ઉપરાંત શ્રીપાલનગરથી પધારતા પૂ.સુ.શ્રી હર્ષશીલ વિ.મ.પણ પ્રવચન આપતા) વાચનાશ્રેણી બાદ આયોજિત સાધર્મિકભક્તિ, ૪૮ લબ્ધિ તપના આરાધકોની પ્રતિદિન એકાસણામાં સુંદર ભક્તિ, શ્રા.સુ.૧૫ના શ્રી પાર્શ્વપ્રભુના થાળનો પ્રસંગ તથા શ્રા.વ.૮ના પરમાત્માના જન્મ કલ્યાણક નિમિત્તે સ્નાત્ર મહોત્સવ, વગેરે આયોજનો અદ્દ્ભુત થયા. પર્યુષણમાં અનેકવિધ તપશ્ચર્યાઓ થવા પામી. પ્રતિદિન પ્રવચન પ્રતિક્રમણમાં વિશાળ હોલ પણ સાંકડો પડતો કલ્પસૂત્ર-બારસાસૂત્રની ઉછામણીઓ તથા જન્મવાંચના દિવસે સ્વપ્નની ઉછામણીઓ તો રેકર્ડ સ્વરૂપે થવા પામી. પૂ.આચાર્યદેવશ્રી તથા પૂ.પં.શ્રી કુશળીલ વિ. ગણિવરના કલ્પસૂત્રના પ્રવચનો સકલસંઘને સાદ્યંત સાંભળવા મળ્યા. રથયાત્રાનો અતિભવ્ય અને ૧ કિ.મી. લાંબો વરઘોડો નવજીવન ઓપેરા હાઉસ, ગીરગામ પ્રાર્થનાસમાજ, સીક્કાનગર, ખેતવાડી આદિ મુંબઈ મહાનગરના હાર્દ સમા વિસ્તારોમાં ફરી ૧૨ વાગે પુનઃ ભારતનગર ઉતર્યા બાદ સાધર્મિક વાત્સલ્ય સુંદર રીતે થયેલ. ભા.વદમાં પાંચ દિવસની ભવ્ય ચૈત્યપરિવાટીનું આયોજન થયેલ. ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં ભારતનગર-સંઘ નજીકના તીર્થના '૬'રી પાલક સંઘનું આયોજન સુંદર રીતે કરશે. પૂ.સા.શ્રી નિર્મમાશ્રીજી મ.ની નિશ્રામાં બહેનોમાં પણ આરાધના ખૂબ સુંદર થવા પામી.

**મુંબઈ** : શ્રીપાલનગર વાલકેશ્વરમાં ચાતુર્માસ બિરાજમાન. પૂ.આ.શ્રી ગુણશીલ સૂરિજી મ.ના શિષ્યરત્ન પૂ.મુ.શ્રી હર્ષશીલ વિ.મ.ના પ્રવચનોથી પ્રેરાઈને સંઘમાં પર્યુષણમાં અનેક તપશ્ચર્યાઓ તેમજ કલ્પસૂત્ર, બારસાસૂત્ર તેમજ સ્વપ્રદર્શનની ઉછામણીઓ અતિ સુંદર થવા પામી. સાધારણ આદિની ટીપો પણ અનુમોદનીય થઈ. પૂજ્યશ્રીએ આઠે-આઠ દિવસ ખૂબ સુંદર શૈલીમાં કર્તવ્યોને સમજાવ્યા તેમજ શ્રી કલ્પસૂત્ર મહાગ્રંથના પ્રવચનો-સરળ ભાષામાં આપ્યા હતા. અત્રે બિરાજમાન પર્યાય સ્થવિર પૂ.મુ.શ્રી વિનોદ વિજય મહારાજે પણ આઠે દિવસ પ્રવચન-પ્રતિક્રમણમાં અપ્રમત્ત પણે નિશ્રા આપી સુંદર આલેખન પૂરું પાડેલ. ભા.સુ.૮ના ગણધર દેવવંદન, ભા.સુ.૯ના વાલકેશ્વરના બધા જિનાલઓની ચૈત્યપરિપાટી તેમજ ભા.સુ.૧૧ના રથયાત્રાનો ભવ્ય વરઘાડો નીકળેલ.

श्री शांतिनाथाय नमः ॥ । श्रुतगंगा हिमाचलं वंदे श्री ज्ञातनंदनम्

पू.आ.श्री दान-प्रेम-रामचन्द्र-मुक्तिचन्द्र-जयकुंजर सूरि गुरुभ्यो नमः

डोंबिवली नगर के प्रांगण में
श्री राजस्थान श्वे. मू. जैन संघ के तत्त्वावधन में
शिखरबद्ध नूतन जिनालय के
भूमिपूजन-खनन मुहूर्त-शिलास्थापना समारोह प्रसंगे

# सकल श्री संघको भावभरा आमंत्रण

-: शुभनिश्रा :-

सिद्धहस्तलेखक सूरिमंत्र समाराधक पू.आचार्यदेव
**श्रीमद् विजय पूर्णचन्द्र सूरीश्वरजी महाराजा**
प्रवचन प्रभावक पू.पंन्यासप्रवर श्री युगचन्द्र विजयजी गणिवर

खनन मुहूर्त
वि.सं. २०६३
आसो सुद-१४
दि. २५-१०-२००७
गुरुवार

शिला स्थापना
वि.सं.२०६४
कार्तिक सुद-११
दि. २१-११-२००७
बुधवार

: लाभार्थी परिवार :

खनन मुहूर्त : शा. उगमराजजी कुंदनमलजी धोका-बाली
कूर्म शिला : शा. तेजराजजी भागचन्दजी पालरेचा-सांडेराव
दुसरी शिला : शा. रामरतनजी नारायणदासजी छाजेड-केशवणा
३री शिला : शा. घेवरचंदजी धनरुपजी चौपडा पाली
४थी शिला : शा. भेरुलालजी मोहनलालजी महेता - भूति
५वी शिला : शा. जुगराजजी पुखराजजी नेमावत-देसुरी
६ठी शिला : शा. पारसमलजी निहालचंदजी कांकरीया-बाली
७वीं शिला : शा. मुलतानमलजी छोगालालजी शंकलेश्वरामा
८वीं शिला : शा. पारसमलजी छगनलालजी श्रीश्रीमाल आहोर
९वीं शिला : शा. सागरमलजी श्रीचंदजी राणावत - डुंजाणा

- निमंत्रक -

**श्री राजस्थान श्वेताम्बर मूर्तिपूजक जैन संघ**

स्थल : नूतन आराधना भवन, कस्तुरी प्लाझा के सामने, मानपाडा रोड, डोंबिवली - पूर्व जि. थाणा-४२१२०१

WPP Licence No. G-PMG-RJK/004 2007 to 2009

KALYAN RNI-11181/57 : Dt. 20/10/1967
Reg. No. G/SEN-4 : 2006 To 2008

With Best Compliments

**DEEPAK NITRITE LIMITED**

An ISO 9002 Company

*Product Portfolio :*

Colourants & Dyestuff Intermediates,
Agrochemical Intermediates,
Pharmaceutical Intermediates,
Speciality Chemicals,
Custom Manufacturing.

*Corporate Office :*

Deepak Complex, National Games Road,
Yerawada, Pune-411006, INDIA
Website : www.deepaknitrite.com